Tuesday 06, October 2026
Page : 08   Rs. 3/-

આપનું અખબાર : આપનો અવાજ

# દમણગંગા ટાઈમ્સ

વલસાડ, નવસારી, ડાંગ જિલ્લા તથા સંઘપ્રદેશ દમણ, દા.ન.હ.નું વાપીથી પ્રસિધ્ધ થતું સૌ પ્રથમ સંપૂર્ણ સ્થાનિક દૈનિક

❖ RNI No. 72378/99    Email : damangangatimes@yahoo.co.in

❖ વર્ષ : ૨૯ ❖ અંક : ૧૨૭ ❖ તંત્રી : શ્રીમતી મંજુલાબેન ઉકાણી ❖ નિવાસી તંત્રીઃ વિકાસ ઉપાધ્યાય. ❖ વાપી કાર્યાલય : નેશનલ હાઈવે નં.૮, પો.બો. નં. ૩૨, વાપી - ૩૯૬ ૧૯૧. ❖ ટેલિ ફોન : ૯૮૨૫૧ ૨૨૫૦૫

## એનડીપીએસ એકટ હેઠળ વલસાડ જિલ્લામાં નશાના કારોબાર સામે પોલીસની જંગ

# જિલ્લામાં ૧૫ વર્ષમાં રૂા. ૩૨.૩૮ કરોડના નશીલા પદાર્થોનો નાશ




## જિલ્લાના વિવિધ પોલીસ મથકોના કાર્યક્ષેત્રોમાં ૮ માસમાં ૫૦ ગુનામાં ૯૫ આરોપીઓ ઝડપી રૂા. ૧.૭૧ કરોડનો નશીલા પદાર્થનો મુદ્દામાલ જપ્ત કર્યો : એલસીબીએ સૌથી વધુ કામગીરી કરી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૦૫ :** ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ તથા ગૃહરાજ્યમંત્રી હર્ષભાઈ સંઘવી દ્વારા ગુજરાત રાજ્યને નશામુક્ત અને નશીલા પદાર્થોની બદીથી મુક્ત રાખવા માટે ઝીરો ટોરલેન્સની નીતિ અપનાવવામાં આવી છે. આ નીતિને સાર્થક કરવા વલસાડ જિલ્લા પોલીસ અધિક્ષક યુવરાજસિંહ જાડેજા અને નાયબ પોલીસ અધિક્ષક ડો. સંદીપના માર્ગદર્શન હેઠળ જિલ્લા પોલીસે ડ્રગ્સ માફિયાઓ સામે કડક કાર્યવાહી હાથ ધરી છે. ચાલુ વર્ષ ૨૦૨૬ દરમિયાન વલસાડ જિલ્લા પોલીસે એનડીપીએસ એક્ટ હેઠળ કુલ ૪૦ ગુના શોધી કાઢી ૫૪ આરોપીઓની ધરપકડ કરી છે. આ કાર્યવાહીમાં પોલીસે કુલ રૂા.૧,૯૧,૭૯,૩૦૯ની કિંમતનો નશીલો પદાર્થ જપ્ત કર્યો છે. જપ્ત કરાયેલા મુદ્દામાલમાં ૨૧.૩૧ કિલો ગાંજો (કિં.રૂા. ૧,૦૫,૧૫,૬૦૮), ૧.૯૬૩ કિલો ચરસ (કિં.રૂા.૬૧, ૫૯,૫૫૦), ૧૦.૫૪ ગ્રામ હેરોઈન, ૩.૩૯૪ કિલો કોકેઈન અને ૦.૬૧૩ કિલો MD ડ્રગ્સનો સમાવેશ થાય છે. જિલ્લામાં સૌથી વધુ નશીલો પદાર્થ પકડવામાં એસઓજી વલસાડ શાખા મોખરે રહી છે. એસઓજીએ એકલા હાથે ૧૮ ગુના નોંધી ૩૧ આરોપીઓને ઝડપ્યા છે. તેની પાસેથી ૧૩.૫૪ કિલો ગાંજો (કિં.રૂ.૬૩, ૮૬,૬૦૦), ૦.૨૦૭ કિલો ચરસ અને ૦.૬૧૩ કિલો MD ડ્રગ્સ (કિં.રૂ.૯૧,૦૦,૦૦૦) મળી કુલ રૂ.૧ કરોડથી વધુનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. બીજા ક્રમે એલસીબી શાખાએ ૨ ગુનામાં ૧૩.૨૯ કિલો ચરસ (કિં.રૂા. ૫૫,૧૨,૨૦૦) પકડ્યો છે.

પોલીસ સ્ટેશન વાઈઝ જોઈએ તો ઉમરગામ પોલીસે ૩ ગુનામાં ૫.૦૧ કિલો ગાંજો, વાપી ટાઉને ૦.૯૫૬ કિલો ગાંજો, જ્યારે વલસાડ ટાઉન, વલસાડ રૂરલ, ડુંગરી, પારડી, ધરમપુર, કપરાડા, નાનાપોંઢા અને ડુંગરા પોલીસે પણ નોંધપાત્ર કાર્યવાહી કરી છે.

આ ઉપરાંત, ઈ.સ. ૨૦૧૦થી આજદિન સુધીના લગભગ ૧૫ વર્ષમાં જિલ્લામાં નાર્કોટિક્સના કુલ ૧૦૦ ગુનાઓનો રૂા.૩૨,૩૬, ૬૬,૫૪૨નો મુદ્દામાલ નિયમોનુસાર નાશ કરવામાં આવ્યો છે. પોલીસે પીઆઈટી એનડી પીએસ એક્ટ હેઠળ ૨ આદતન ગુનેગારોને જેલ હવાલે કર્યા છે. જિલ્લા પોલીસે નાગરિકોને MANAS હેલ્પલાઈન ૧૯૩૩ પર માહિતી આપવા અપીલ કરી છે.

## નશાકારક પદાર્થો સંબંધી ગતિવિધી અંગે પોલીસને જણાવો : ડીએસપી



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ/વાપી, તા. ૦૫ :** આજે વલસાડ જિલ્લા પોલીસવડા યુવરાજસિંહ જાડેજા (આઈપીએસ) દ્વારા એક ખાસ પત્રકાર પરિષદમાં જિલ્લામાં એનડીપીએસ એક્ટ હેઠળ વલસાડ જિલ્લાના જુદા જુદા પોલીસ મથકોના કાર્યક્ષેત્રમાં થયેલી કામગીરીની વિસ્તૃત માહિતી આપતાં પોલીસના પ્રયાસો અંગે પણ જણાવતાં કહ્યું હતું કે સમાજને, ખાસ કરીને યુવાધનને જાગૃત કરવાના હેતુથી 'ડ્રગ્સ અવેરનેસ સેમિનાર અને રેલીઓ'નું ખાસ આયોજન વખતો વખત કરવામાં આવે છે આ ઝુંબેશ હેઠળ ચાલુ વર્ષ દરમ્યાન વલસાડ જિલ્લાની વિવિધ શાળાઓ, કોલેજો અને જાહેર સ્થળોએ કુલ ૨૫થી વધારે જન-જાગૃતિ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ જેમાં કુલ - ૪,૧૫૧ લોકોને આ કાર્યક્રમો થકી નશાથી થતા શારીરિક, સામાજિક અને આર્થિક નુકસાન વિશે વિગતવાર માહિતી આપી નશા મુક્ત સમાજ નિર્માણમાં સહભાગી થવા જિલ્લા પોલીસવડા દ્વારા અપીલ કરવામાં આવી હતી. વધુમાં તેમણે જણાવ્યુ હતું કે, ડ્રગ્સ અથવા નશાકારક પદાર્થોનું વેચાણ, સેવન કે હેરાફેરી એ ગુનો જ નથી પરંતુ આપણા સમાજ અને ભવિષ્યની પેઢીઓને બરબાદ કરતું દૂષણ છે. જો આપના વિસ્તારમાં કોઈ પણ પ્રકારની નશાકારક પદાર્થોની ગેરકાયદેસર - વૃત્તિ ચાલતી હોય તો તેની માહિતી તાત્કાલિક નજીકના પોલીસ સ્ટેશનમાં અથવા MANAS (National Narcotics Helpline) Toll Free No.1933 નો સંપર્ક કરી શકો છો. માહિતી આપનારનું નામ અને ઓળખ સંપુર્ણપણે ગુપ્ત રાખવામાં આવશે. એવી ખાતરી પણ આવી હતી.

તેમણે વધુ માહિતી આપતા જણાવ્યું હતું કે વલસાડ જીલ્લામાં નશાકારક પદાર્થોના વેચાણ અને વપરાશને ડામવા માટે પોલીસ દ્વારા NDPS ACT હેઠળ પકડાયેલ આરોપીઓ જેલમાંથી છુટ્યા બાદ તેની રોજિંદી ગતિવિધી ઉપર પોલીસ માણસો દ્વારા ચાંપતી નજર રાખવામાં આવે છે તેમજ તેની અવાર-નવાર ઘરના તથા ધંધાના સ્થળે મુલાકાત લેવામાં આવે છે અને આવા Habitual Offender દ્વારા ફરીથી NDPS ACT હેઠળનો ગુનો આચરવામાં આવ્યેથી તેના વિરૂધ્ધ PIT NDPS ACT હેઠળ અસરકારક કડક કાર્યવાહી હાથ ધરી જેલ હવાલે કરવામાં આવે છે જે મુજબ હાલમાં એક રીઢા આરોપી વિરુધ્ધ PIT NDPS ACT હેઠળ કાર્યવાહી હાથ ધરી મધ્યસ્થ જેલ, સાબરમતી, અમદાવાદ ખાતે મોકલી આપવામાં આવતા હોવાનું ઉમર્યુ હતું.

## વલસાડ જિલ્લા કોંગ્રેસે સરકારને ૨૩ મુદ્દે ૧૯ ઓકટો. સુધીનું અલ્ટીમેટમ આપ્યું





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ધરમપુર, તા. ૦૫ :** ધરમપુર તાલુકા કોંગ્રેસ દ્વારા જિલ્લા પ્રમુખ કિશન પટેલ તેમજ તાલુકા કોંગ્રેસ પ્રમુખ રાજેશ પટેલની આગેવાની હેઠળ વિદ્યાર્થીઓ, મજૂરવર્ગ, ખેડૂતો અને ખેડૂતના વિવિધ પડતર પ્રશ્નોના તાત્કાલિક નિરાકરણની માંગ સાથે મામલતદાર ધરમપુર મારફતે ગુજરાતના રાજ્યપાલને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું છે. આવેદનમાં કુલ ૨૩ જેટલા પ્રશ્નો રજૂ કરી આગામી તા. ૧૯ ઓક્ટોબર પહેલાં યોગ્ય કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવી છે.

આવેદનમાં વર્ષોથી સરકારી પડતર તથા જંગલની જમીન પર કબજો ધરાવતા આદિવાસી પરિવારોને કાયદેસરની પ્રક્રિયા મુજબ જમીન ફાળવવા તેમજ વન અધિકાર અધિનિયમ-૨૦૦૬ હેઠળ વર્ષોથી પેન્ડિંગ દાવાઓનો ઝડપથી નિકાલ કરવા માંગ કરવામાં આવી છે. ગ્રામસભાના ઠરાવને માન્ય રાખી યોગ્ય લાભાર્થીઓને જમીનના અધિકાર આપવા પણ રજૂઆત કરાઈ છે.

ખેડૂતોને પાણી પુરવઠા યોજનાની પાઈપલાઈન માટે સંપાદિત જમીનનું બાકી વળતર ચૂકવવા, સેટેલાઈટ માપણીમાં થયેલી જમીનના સર્વે નંબર તથા હિસ્સાની ભૂલો સરકારી ખર્ચે સુધારવા અને આદિજાતિના દાખલા મેળવવાની પ્રક્રિયા સરળ બનાવવા માંગ કરાઈ છે. ખેડૂતોના પ્રશ્નોમાં ખેતીલક્ષી વીજ પુરવઠો ૮ કલાકથી વધારી ૧૨ કલાક કરવા, પાક વીમાની પ્રક્રિયા સરળ બનાવવા, પાક નુકસાનનું ઝડપી સર્વે અને યોગ્ય વળતર આપવા તથા કમોસમી વરસાદથી ખાસ કરીને કેરી સહિતના બાગાયતી પાકને થતા નુકસાન માટે સહાય પેકેજ જાહેર કરવાની માંગ કરવામાં આવી છે. આ ઉપરાંત ખાતર-દવાઓ અને ઉત્પાદન ખર્ચમાં ઘટાડો, યુરિયાનો પૂરતો જથ્થો ઉપલબ્ધ કરાવવો, ખેડૂતોને પોષણક્ષમ ભાવ અને બાગાયતી પાકો માટે ટેકાના ભાવની વ્યવસ્થા, ખાનગી ધિરાણના ઊંચા વ્યાજમાંથી ખેડૂતોને રાહત તેમજ જંગલી પ્રાણીઓથી પાકને થતા નુકસાનનું પૂરતું વળતર આપવા રજૂઆત કરાઈ છે.

ધરમપુર-કપરાડાના અંતરિયાળ વિસ્તારોમાં અસ્ટોલ યોજના મારફતે પીવાનું પાણી પહોંચાડવા, સર્પદંશની સારવારને આયુષ્માન કાર્ડ હેઠળ આવરી લેવા તેમજ ગેરકાયદેસર દારૂના વહન પર કડક નિયંત્રણની પણ માંગ કરવામાં આવી છે.

આ પ્રસંગે તાલુકા કોંગ્રેસ તાલુકા મહામંત્રી મુફિદ પઠાણ, તાલુકા પંચાયતના વિરોધ પક્ષના નેતા દેવુભાઈ મોકાશી, વસંત પટેલ, રમેશભાઈ પાડવી, રાહુલ પટેલ, કોંગ્રેસના હોદ્દેદારો સરપંચો કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા

રજુ કરાયેલ આવેદનપત્ર દ્વારા આ પ્રશ્નો અંગે સમયસર હકારાત્મક કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ કરી છે.

## બલીઠા પાસે કોઈમ્બતુર એક્સ . પર પથ્થરમારો

### અગાઉ આજ વિસ્તારમાં વંદે ભારત ટ્રેન પર પથર મારો થયો હતો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૦૫ :** ગઈ કાલે ૪-૧૦-૨૦૨૬ના રોજ સાંજે આશરે ૬:૪૫ વાગ્યે વાપી સ્ટેશનથી ઉપડ્યા બાદ બલીઠાગામ વિસ્તારમાં પૂર્વ દિશા તરફથી કોઈ અજાણ્યા વ્યક્તિ દ્વારા ગાડી નંબર ૨૨૪૭૬ (કોઈમ્બતુર-હિસાર એક્સપ્રેસ) પર પથ્થરમારો કરવામાં આવ્યો હતો. પથ્થર વાગવાથી કોચ નંબર A/1 ની સીટ નંબર ૪૨ની બારીનો કાચ ક્રેક થઈ ગયો હતો. સદનસીબે કોઈ મુસાફરને ઈજા થઈ ન હતી.

સૂત્રોના જણાવ્યા મુજબ આ ઘટના બલીઠા રેલ્વે ટ્રેક નજીક ભંગારીયા ગોડાઉન વિસ્તારમાં બની હતી.ભૂતકાળમાં આજ વિસ્તારમાં વંદે ભારત ટ્રેન પર પથર મારો થયો હતો. ઘટનાને પગલે વાપી રેલ્વે પોલીસ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી છે.

બલીઠાગામના તમામ રહેવાસીઓ અને બાળકોને રેલવે દ્વારા અપીલ કરવામાં આવે છે કે, કૃપા કરીને ચાલતી ટ્રેનો પર પથ્થર ન ફેંકે. જો કોઈ વ્યક્તિ ટ્રેન પર પથ્થર ફેંકતો કે રેલવે લાઈન પર અન્ય કોઈ ગુનો કરતો નજરે પડે તો તેની જાણ નજીકના આરપીએફ, જીઆરપી, શહેર પોલીસ કે કોઈ રેલવે કર્મચારીને કરે, જેથી સમયસર ગુનેગારો સામે કાર્યવાહી કરી શકાય.

ઇન્ડસ્ટ્રીયલ ગાળો ભાડે આપવાનો છે

પ્રમુખ ઇન્ડસ્ટ્રીયલ એસ્ટેટ દાદરા ગ્રાઉન્ડ ફલોર 3000 સ્કવેર ફૂટ, ફસ્ટ ફલોર 3000 સ્કવેર ફૂટ, સેકન્ડ ફલોર સેડ 3000 સ્કવેર ફુટ

95+50 HP power

Contact - 9377041324 / 9408451455









## વઘઈ આશાનગર ફ.ના સીસી રોડમાં હલકી કક્ષાનું કામ થતાં રોષ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધ)

**સાપુતારા, તા. ૦૫ :** ડાંગ જિલ્લાના વઘઈ તાલુકા મથકે આવેલ વઘઈ ગ્રુપ ગ્રામ પંચાયત વિસ્તારનાં આશાનગર ફળિયામાં સરપંચ સિદ્ધુબેન ભોયે દ્વારા બનાવવામાં આવી રહેલા સી.સી. રોડના નિર્માણમાં મોટો ભ્રષ્ટાચાર આચરવામાં આવ્યો હોવાનો ચોંકાવનારો આક્ષેપ સામે આવ્યો છે. સરકાર દ્વારા પ્રજાની સુવિધા અર્થે લાખો રૂપિયાનું આંધણ કરવામાં આવી રહ્યું હોવા છતાં, સ્થળ પર માત્ર વેઠ ઉતારીને અત્યંત હલકી ગુણવત્તાવાળો રોડ બનાવવામાં આવી રહ્યો છે. જેને લઈને સ્થાનિક જાગૃત નાગરિકો અને આગેવાનોમાં ભારે આક્રોશ વ્યાપી ગયો છે.મળતી વિગતો અનુસાર, વઘઈનાં આશાનગર ફળિયામાં નિર્માણધીન સી.સી. માર્ગના કામમાં પાયાની ગુણવત્તાના તમામ નિયમોને નેવે મૂકી દેવામાં આવ્યા છે. વઘઈ તાલુકા પંચાયતનાં જવાબદાર અધિકારીઓ માત્ર ટકાવારીમાં વ્યસ્ત રહી સ્થળ તપાસ ટાળી રહ્યા હોવાથી કોન્ટ્રાક્ટર અને પંચાયતના પ્રતિનિધિઓ બેફામ બનીને ભ્રષ્ટાચાર આચરી રહ્યા છે.સરકારી તિજોરીમાંથી લાખો રૂપિયાનો ધુમાડો થવા છતાં વઘઈ તાલુકા પંચાયતનું તંત્ર મુકપ્રેક્ષક બનીને તમાશો જોઈ રહ્યું છે.વઘઈ તાલુકા પંચાયત નજીકનાં ફળિયામાં સીસી રોડ નિર્માણની કામગીરી આવી થતી હોય તો ગામડાઓમાં કેવી થતી હશે, વઘઈ નગરમાં સીસી રોડ કામમાં ચાલી રહેલી આવી નકરી વેઠ અંગે જાગૃત આગેવાનો દ્વારા વઘઈ તાલુકા પંચાયતના તાલુકા વિકાસ અધિકારી (TDO)ને મૌખિક રજૂઆતો પણ કરવામાં આવી હતી. આમ છતાં, તાલુકા પંચાયતનું તંત્ર સ્થળ તપાસ કરવાની જગ્યાએ કુંભકર્ણની નિદ્રામાં પોઢી ગયું હોય તેમ લાગી રહ્યું છે. હાલમાં જવાબદારો સામે પગલાં લેવાના બદલે તંત્ર આ ભ્રષ્ટાચારને ખુલ્લેઆમ ઉત્તેજન આપી રહ્યું હોય તેવી સ્થિતિ સર્જાઈ છે.સ્થાનિક રહીશો અને જાગૃત નાગરિકોની માંગ છે કે વઘઈનાં આશાનગર ફળિયાના સી.સી. માર્ગના નિર્માણ કાર્યની ઉચ્ચ સ્તરીય નિષ્પક્ષ તપાસ કરવામાં આવે, થિકનેસ અને મટીરીયલનું સેમ્પલિંગ લઈ લેબોરેટરી ટેસ્ટ કરાવવામાં આવે અને ભ્રષ્ટાચારમાં સંકળાયેલા સરપંચ, તલાટી તથા ઈજનેર સામે સખત કાર્યવાહી કરી કામ અટકાવીને ગુણવત્તાયુક્ત નવો રોડ બનાવવામાં આવે તેવી માંગ ઉઠી છે.

## ચીખલીમાં વયોશ્રી કેન્દ્રનું ઉદ્‌ઘાટન કરાયું





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધ)

**ચીખલી, તા. ૦૫ :** ચીખલી સબ-ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલ ખાતે આજરોજ આદિજાતિ વિકાસ મંત્રી નરેશભાઈ પટેલના હસ્તે પ્રધાનમંત્રી દિવ્યાંશા-વયોશ્રી કેન્દ્ર (PM-DVK)નું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. આ કેન્દ્રમાં હવે જિલ્લાના કોઈપણ દિવ્યાંગજનો તથા વરિષ્ઠ નાગરિકો જરૂરિયાત મુજબના સહાયક સાધનો અને જરૂરી સહાય સરળતાથી કાયમી ધોરણે મેળવી શકશે.

આ કેન્દ્રની સ્થાપના નવસારી જિલ્લા કલેક્ટર મનીષ ગુરવાનીના સબળ નેતૃત્વ અને અંગત જહેમતથી શક્ય બની છે. કલેક્ટરએ દિવ્યાંગજનો અને વરિષ્ઠ નાગરિકોના કલ્યાણ તેમજ તેમની સુવિધા માટે ખાસ રસ દાખવી, ભારત સરકારના સામાજિક ન્યાય અને સશક્તિકરણ મંત્રાલય સ્થાપિત અલીમ્કો કંપની હેઠળ આ કેન્દ્ર કાર્યરત કરાવાયુ છે. કલેક્ટરએ આ કેન્દ્ર વહેલી તકે કાર્યરત થાય તે માટે સતત ફોલોઅપ લઈને અંગત આગ્રહ

**આ કેન્દ્રમાં દિવ્યાંગજનો અને વરિષ્ઠ નાગરિકોને સહાયક સાધનો કાયમી ધોરણે ઉપલબ્ધ થશે**

રાખ્યો હતો, જેથી જરૂરિયાતમંદ નાગરિકોને વિના વિલંબે સહાયક સાધનો અને આરોગ્ય વિષયક સેવાઓ મળી રહે. નોંધનીય છે કે ગુજરાતમાં આ પ્રકારનું નિશુલ્ક કેન્દ્ર અમદાવાદ, ભાવનગર, આણંદ અને ચોથું નવસારી જિલ્લાના આંગણે ચીખલીમાં કાર્યરત કરવામાં આવ્યું છે. PM-DVK કેન્દ્ર ચીખલી ખાતે દિવ્યાંગજનો તથા વરિષ્ઠ નાગરિકો માટે જરૂરિયાત મુજબના સહાયક સાધનોનું સ્થળ પર જ મૂલ્યાંકન અને નિઃશુલ્ક વિતરણ, કૃત્રિમ અંગ તથા ઓર્થોસિસ ફિટમેન્ટ, શ્રવણશક્તિની તપાસ અને શ્રવણયંત્ર સંબંધિત સેવા સહિતની સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવશે. આ પ્રસંગે ચીખલી પ્રાંત અધિકારી નિશાંત કુગાશીયા, તાલુકા વિકાસ અધિકારી ભાવનાબેન, મામલતદાર હિરેનભાઈ, સહીત સંબધિત વિભાગનાં અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

## વાંસદાની કોષ ખાડી નદી કિનારે દસ્તાવેજો મળ્યા





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાંસદા, તા. ૦૫ :** વાંસદા તાલુકાના ચઢાવ ગામે ઉનાઈ વાંસદા હાઈવે નંબર- ૫૬ કોષ ખાડી નદી કિનારે પોસ્ટ ઓફિસ ઉનાઈ - બારતાડ દ્વારા વહેંચણી ન કરવામાં આવેલા જરૂરી દસ્તાવેજો વેરવિખેર હાલમાં મળી આવ્યા. દસ્તાવેજો માં બેંક ATM, બેંક પાસબુક, ચેકબૂક, પોસ્ટ પાસબુક,આધર કાર્ડ અન્ય દસ્તાવેજોનો સમાવેશ થાય છે. આ દસ્તાવેજો ચઢાવ,ચરવી, ઉનાઈ અને બારતાડ મળી ચાર ગામના હતા.ધટનાની જાણ પોસ્ટ ઓફિસના કર્મચારીઓને કરવામાં આવી પરંતુ ધટના સ્થળે કોઈ પણ પોસ્ટ ઓફિસનો કર્મચારી ન આવતા બધી જાણ ઉનાઈ પોલીસ સ્ટેશનમાં કરવામાં આવી ઉનાઈ પોલીસ ધટના સ્થળે આવી બધા દસ્તાવેજો ઉનાઈ પોલીસ સ્ટેશન ખાતે લઈ જવામાં આવ્યાં. પોસ્ટ દ્વારા આવતી આવી જરૂરી ટપાલો લોકો મહિનાઓથી રાહ જોઈ બેઠા હતાં અને આ ટપાલો નદી કિનારે વેરવિખેર હાલમાં મળી આવ્યાં. આ દસ્તાવેજો કોણે નદી કિનારે ફેંક્યા તેનો કોઈ પણ પ્રકારનો પુરાવો મળ્યો નથી. હવે આ ગંભીર બેદરકારી સામે અધિકારીઓ દ્વારા શું એક્શન લેવામાં આવે તે જોવાનું રહ્યું.

## બહેજ શાળાનાં વિદ્યાર્થીઓ ખેલમહાકુંભમાં ઝળકયાં



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ખેરગામ, તા. ૦૫ :** ખેરગામ તા.ના બહેજની નવજીવન માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓએ તાલુકાની ખેલમહાકુંભ-૨૦૨૬ અંતર્ગત વિવિધ સ્પર્ધામાં ભાગ લઈ શાળાનું નામ રોશન કર્યું છે. જેમાં શિવાનીબેન માછી-ગોળા ફેંકમાં બીજા ક્રમે, અંકિતભાઈ કવડાળ - ઊંચી કૂદમાં પ્રથમ ક્રમે, અને રણછોડભાઈ ચૌહાણ ૨૦૦ મી. દોડમાં ત્રીજો ક્રમ પ્રાપ્ત કરેલ છે.વિજેતા વિધાર્થીઓ અને માર્ગદર્શક શિક્ષક યોગિનીબેન ચૌધરીને, શાળાનાં આચાર્યાશ્રી સુનિતા ઢીમર, પ્રમુખ - યોગેન્દ્રભાઈ પટેલ અને મંત્રી હસમુખભાઈ પટેલ તથા શાળાનાં સમગ્ર પરિવારે અભિનંદન આપી જિલ્લા કક્ષાની સ્પર્ધા માટે શુભેચ્છા પાઠવી હતી.

## ચીખલીના સાધન વિતરણ કેમ્પની મંત્રી નરેશ પટેલે અને કલેકટરે મુલાકાત લીધી



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**નવસારી, તા. ૦૫ :** આદિજાતિ મંત્રી નરેશભાઈ પટેલ અને જિલ્લા કલેક્ટર મનીષ ગુરવાનીએ વયોશ્રી સેન્ટરના ઉદ્ઘાટન બાદ દિનકર ભવન ખાતે જિલ્લા વહીવટીતંત્ર અને ALIMCOના સંયુક્ત ઉપક્રમે યોજાયેલા સહાયક સાધન-ઉપકરણ વિતરણ કેમ્પની મુલાકાત લીધી હતી. તેમણે લાભાર્થીઓ સાથે સંવાદ કરી કેમ્પની વ્યવસ્થા અને ઉપલબ્ધ સાધનો અંગે માહિતી મેળવી હતી. આજે અને તા.૦૬ ઓક્ટોબર એમ બે દિવસ ચાલનારા આ કેમ્પમાં કુલ ૧૨૦૦ લાભાર્થીઓ લાભ લેવાના છે.

આ કેમ્પમાં ADIP તથા રાષ્ટ્રીય વયોશ્રી યોજના હેઠળ પાત્ર દિવ્યાંગજનો અને વરિષ્ઠ નાગરિકોને વ્હીલચેર, ટ્રાઈસિકલ, વોકર, વોકિંગ સ્ટિક, શ્રવણયંત્ર સહિતના કુલ ૫ હજાર જેટલા વિવિધ સહાયક સાધનોનું નિઃશુલ્ક વિતરણ કરવામાં આવનારું છે. જિલ્લા વહીવટીતંત્ર અને ALIMCOના સંયુક્ત પ્રયાસોથી યોજાતા આ કેમ્પોનો હેતુ લાભાર્થીઓની ગતિશીલતા, આત્મનિર્ભરતા અને સ્વાવલંબનમાં વધારો કરવાનો છે.

## બીલીમોરાની વિદ્યાર્થીનીની નેશનલ લેવલ ટેબલ ટેનિસમાં પસંદગી




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**બીલીમોરા, તા.૦૫ :** બીલીમોરા વિભાગ કેળવણી મંડળ સંચાલિત એલ. એમ. પી. રેવા એક્સપેરિમેન્ટલ હાઈસ્કૂલ અને શેઠ એમ. સી. ઝેડ. શાહ હાયર સેકન્ડરી સ્કૂલની ધો.૧૨ સાયન્સની તેજસ્વી વિદ્યાર્થિની પ્રિન્સી મનોજકુમાર પટેલે ટેબલ ટેનિસ ક્ષેત્રે ઉત્કૃષ્ટ દેખાવ કરી સમગ્ર બીલીમોરાનું નામ રોશન કર્યું છે. ભાવનગર ખાતે ૨૯ અને ૩૦ સપ્ટેમ્બર દરમિયાન આયોજિત સ્કૂલ ગેમ્સ ફેડરેશન ઓફ ઈન્ડિયા (SGFI) રાજ્ય કક્ષાની ટેબલ ટેનિસ સ્પર્ધામાં પ્રિન્સી પટેલે અંડર-૧૯ ગર્લ્સ ટીમ ઈવેન્ટમાં શાનદાર રમતનું પ્રદર્શન કરી સિલ્વર મેડલ હાંસલ કર્યો હતો. આ ઝળહળતી સિદ્ધિના આધારે હવે તેની રાષ્ટ્રીય સ્તરે ટીમ ગુજરાતના પ્રતિનિધિત્વ માટે પસંદગી થઈ છે, જ્યાં તે આગામી દિવસોમાં મધ્યપ્રદેશના ઈન્દોર ખાતે યોજાનાર નેશનલ કક્ષાની ટેબલ ટેનિસ ટુર્નામેન્ટમાં ગુજરાતનું પ્રતિનિધિત્વ કરશે.

પ્રિન્સીની આ સફળતા પાછળ તેના કોચ સાગર ત્રિવેદી અને ભીખુભાઈ પટેલનું ઉત્કૃષ્ટ માર્ગદર્શન તથા શાળા પરિવારનું સતત પ્રોત્સાહન રહ્યું છે. આ ગૌરવપૂર્ણ સિદ્ધિ બદલ મંડળના પ્રમુખ પ્રમિતભાઈ પટેલ, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન નરેશભાઈ નેમાણી, મંત્રી ઉદયભાઈ પટેલ, અધ્યક્ષ ભરતભાઈ અમીન, મેનેજિંગ ટ્રસ્ટી હૃદયનાથભાઈ પટેલ, શાળા સમિતિના ચેરમેન અજયભાઈ શાહ અને આચાર્ય કેતનભાઈ પટેલ સહિત સમગ્ર શાળા પરિવારે પ્રિન્સી પટેલ, તેના વાલી તથા કોચને હૃદયપૂર્વક અભિનંદન પાઠવી રાષ્ટ્રીય સ્તરે વિજયી પ્રદર્શન માટે શુભેચ્છાઓ પાઠવી હતી.

## નવસારીમાં મતદાર યાદી સુધારણા કાર્યક્રમ યોજાશે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**નવસારી, તા.૦૫ :** નવસારી જિલ્લામાં સમાવિષ્ટ ૧૭૪-જલાલપોર, ૧૭૫ - નવસારી, ૧૭૬-ગણદેવી (અ.જા.જા.) અને ૧૭૭-વાંસદા (અ.જા.જા.) વિધાનસભા મતદાર વિભાગોમાં મતદાર યાદીની સતત સુધારણા પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે.

જે અંતર્ગત મતદાર યાદીમાં નામ નોંધાવવાથી બાકી રહી ગયેલા તમામ પાત્ર નાગરિકો તેમજ ૧૮-૧૯ વર્ષના નવા અને પ્રથમ વખત મતદાન કરનાર યુવા મતદારોના નામ નોંધવા માટે ખાસ ઝુંબેશ યોજવામાં આવશે.

આ ખાસ ઝુંબેશ અંતર્ગત તા. ૧૧/૧૦/૨૦૨૬ તા. ૧૮/૧૦/૨૦૨૬, તા.૨૫/૧૦/૨૦૨૬ તથા તા. ૦૧/૧૧/૨૦૨૬ના દિવસો નક્કી કરવામાં આવ્યા છે. આ દિવસો દરમિયાન જિલ્લાના તમામ પાત્ર નાગરિકો અને મતદારો પોતાના સંબંધિત મતદાન મથક ખાતે સવારે ૧૦ઃ૦૦ કલાકથી સાંજે ૦૫ઃ૦૦ કલાક સુધી હાજર રહી બૂથ લેવલ ઓફિસર (BLO)નો સંપર્ક કરી શકશે.

ખાસ કરીને ૧૮ વર્ષ પૂર્ણ કરનારા અને આગામી સમયમાં મતદાર બનવા પાત્ર યુવાનોને આ તકનો લાભ લેવા અનુરોધ કરવામાં આવ્યો છે.

નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી દ્વારા જિલ્લાના તમામ પાત્ર નાગરિકોને આ ખાસ ઝુંબેશમાં સહભાગી બની મતદાર યાદીમાં પોતાની વિગતો ચકાસી જરૂરી સુધારા કરાવવા તેમજ પાત્ર નવા મતદારોના નામ નોંધાવવા અનુરોધ કરવામાં આવ્યો છે.

## ખેરગામ દશેરા ટેકરીમાં ગાંધી જયંતિ ઉજવાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ખેરગામ, તા. ૦૫ :** ખેરગામ દશેરા ટેકરી ખાતે સ્થપાયેલ પૂજ્ય મહાત્મા ગાંધી કે જેમની બીજી ઓક્ટોબર શુક્રવારે ૧૫૭મી જન્મ જયંતી ની ઉજવણી નિમિત્તે ખેરગામના માજી સરપંચ કાર્તિકભાઈ પટેલે પ્રતિમાની સ્નાનવિધિ કરી સ્વચ્છ કરી પૂજા તિલક કરી ફૂલહાર પહેરાવ્યા હતા અને વંદના કરી હતી જે સમયે માજી સરપંચ નટુભાઈ પટેલ સામાજિક કાર્યકર આરસી પટેલ ભાજપ સંગઠનના મુકેશ વિજય પટેલ સાથે કાર્તિકભાઈના પત્ની - નવસારી જિલ્લા પંચાયતના ખેરગામ બેઠકના સભ્ય મોહિનીબેન અને ગાંધીજીને પ્રિય બાળકોએ ઉપસ્થિત રહી ગાંધી વંદના કરી ગાંધીબાપુને શ્રદ્ધાંજલિ અર્પી હતી.

## નવસારીમાં સ્કુલ વાહનો અને બસોનું ચેકિંગ કરાયું : રૂા. ૮૩૦૦૦ની દંડનીય કાર્યવાહી





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**નવસારી, તા.૦૫ :** નવસારી જિલ્લા કલેક્ટર મનીષ ગુરવાનીના અધ્યક્ષસ્થાને મળેલી જિલ્લા માર્ગ સલામતી સમિતિની સપ્ટેમ્બર માસની બેઠકમાં ગુજરાત રાજ્ય બાળ અધિકાર સંરક્ષણ આયોગના ચુકાદા અંગે જિલ્લાની વિવિધ શાળાઓમાં બાળકોની હેરફેર કરતા વાહનોનું નિયમાનુસાર ચેકિંગ કરવા સૂચના આપવામાં આવી હતી.

જે અંતર્ગત જિલ્લા કલેક્ટરના માર્ગદર્શન હેઠળ નવસારી જિલ્લા પોલીસ તંત્ર તથા આરટીઓ તંત્ર દ્વારા સંયુક્ત રીતે જિલ્લાની વિવિધ શાળાઓમાં બાળકોના હેરફેર હેતુ વપરાશમાં લેવાતા વાહનો તથા સ્કૂલ બસની ચેકિંગ કામગીરી હાથ ધરવામાં આવી હતી. આ કામગીરી દરમિયાન કુલ ૦૮ (આઠ) વાહનોમાં નિયમાનુસાર ક્ષતિ જણાતા તેવા વાહનોને ચલણ ઈશ્યુ કરવામાં આવ્યા છે. જેના કુલ દંડની રકમ રૂ. ૮,૩૦૦૦ છે તેમજ ૦૧ (એક) વાહન ડિટેઈન કરવામાં આવ્યું હતું.

જિલ્લા વહીવટી તંત્રના માર્ગદર્શન હેઠળ પોલીસ તથા RTO વિભાગ દ્વારા આ પ્રકારની ચેકિંગ કામગીરી જિલ્લાની વિવિધ શાળાઓના બાળકોની સુરક્ષા માટે આગામી દિવસોમાં પણ સતત ચાલુ રહેશે તેમ નવસારીના પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી દ્વારા જણાવાયું છે.


**દમણગંગા ટાઈમ્સ**

**દમણગંગા ટાઈમ્સનું ઈ-પેપર વાંચવા અને ડાઉનલોડ કરવા માટે વેબસાઈટની મુલાકાત લો**

www.damangangatimes.com


## સુપ્રભાતમ્

### આજનું પંચાગ

**તા.** ૦૬-૧૦-૨૦૨૬, **વાર :** મંગળવાર **તિથિ :** ભાદરવો વદ, અગિયારસ, **સૂર્યોદય :** ૦૬ : ૩૬ **સૂર્યાસ્ત** ૦૬ : ૧૮, **ચંદ્રોદય** - ૦૨:૧૧ **ચંદ્રાસ્ત** - ૦૩:૩૮ **ચંદ્ર રાશિ :** કર્ક, **નક્ષત્ર** - આશ્લેષા

### આજનું રાશિભવિષ્ય

**મેષ(અ.લ.ઈ) :** આજે કામકાજમાં પ્રગતિના નવા માર્ગ ખુલશે. અટકેલા કાર્યો પૂરા કરવા માટે દિવસ અનુકૂળ રહેશે.
**વૃષભ(બ.વ.ઉ) :** આજે તમારી મહેનતનું યોગ્ય પરિણામ મળવાની શક્યતા છે. નોકરીમાં નવી જવાબદારી મળી શકે છે અને વેપારમાં સારો વ્યવહાર થઈ શકે છે.
**મિથુન(ક.છ.ઘ) :** આજે તમારી સમજદારી અને વાતચીત કરવાની કળા તમને આગળ વધવામાં મદદ કરશે. કાર્યક્ષેત્રમાં નવી તક મળી શકે છે અને વેપારમાં નવા સંપર્કો લાભદાયક સાબિત થઈ શકે છે.
**કર્ક(ડ.હ) :** આજે તમારા માટે દિવસ શુભ અને ઉત્સાહજનક રહેશે. કામકાજમાં સફળતા મળવાની સાથે અટકેલા કાર્યો આગળ વધશે. પરિવારજનોનો સહયોગ મળશે અને દાંપત્ય જીવનમાં મધુરતા રહેશે.
**સિંહ(મ.ટ.) :** આજે કાર્યક્ષેત્રમાં તમારી પ્રતિભા દેખાડવાની તક મળશે. અધિકારીઓ અથવા મહત્વપૂર્ણ વ્યક્તિનો સહયોગ મળી શકે છે.
**કન્યા(પ.ઠ.ણ.) :** આજે અધૂરાં કામ પૂર્ણ કરવા માટે સારો દિવસ છે. નોકરી કે વ્યવસાયમાં વ્યવસ્થિત રીતે કામ કરશો તો સારું પરિણામ મળશે.
**તુલા (ર.ત.) :** આજે વેપાર અને વ્યવસાયમાં નવી તક મળી શકે છે. કોઈ નવા ગ્રાહક અથવા સંપર્કથી ભવિષ્યમાં લાભ થવાની શક્યતા છે. નાણાકીય રીતે દિવસ સારો રહેશે અને અચાનક લાભ પણ મળી શકે છે.
**વૃશ્ચિક(ન.ય.) :** આજે અટકેલા કામ ફરી ગતિ પકડશે અને મહેનતનું પરિણામ મળવાનું શરૂ થશે. વેપારમાં લાભની સંભાવના છે અને જૂના નાણાં પરત મળી શકે છે.
**ધન(ભ.ધ.ફ.ઢ.) :** આજે કામકાજમાં નવા લોકો સાથે જોડાવાની તક મળશે. વ્યવસાયમાં નવા ગ્રાહકો અથવા નવા પ્રોજેક્ટથી લાભ થઈ શકે છે.પરિવાર અને જીવનસાથીનો સહયોગ મળશે.
**મકર(જ.ખ) :** આજે સફળતા મેળવવા માટે ધીરજ અને સતત મહેનત જરૂરી રહેશે. કાર્યક્ષેત્રમાં જવાબદારી વધી શકે છે અને પરિણામ થોડું મોડું મળી શકે છે.
**કુંભ(ગ.શ.સ.) :** આજે તમારા નવા વિચારો કાર્યક્ષેત્રમાં ઉપયોગી સાબિત થશે. કોઈ નવો પ્રોજેક્ટ અથવા કામ શરૂ કરવાની તક મળી શકે છે.
**મીન(દ.ચ.ઝ.થ.) :** આજે ભાગ્યનો સાથ મળવાથી કામકાજમાં સારા પરિણામ મળી શકે છે. નાણાકીય રીતે લાભની શક્યતા છે અને વેપારીઓને નવી તક મળી શકે છે.

## દમણ રેડિયો

**102.3 FM**

મંગળવાર

**સવારની પ્રથમ સભા :** ૫.૫૫ સભાનો આરંભ, ૬.૦૦ હિન્દી સમાચાર (દિલ્હીથી), ૬.૧૦ અર્ચના (ગાંધી વંદના સાથે ભકિત ગીતો) અને ૬.૩૦ અમૃતધારા (અમદાવાદ-વડોદરાથી), ૦૬.૩૫ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી) ૬.૫૫ અર્ચના - ભકિત ગીતો ૬.૪૫ સંસ્કૃતમાં સમાચાર (દિલ્હીથી) અને ૭.૦૦ શ્રી રામ ચરીત માણસ ગાન (દમણથી) ૭.૧૦ પ્રાદેશિક સમાચાર (અમદાવાદ-વડોદરા પરથી), ૭.૨૦ સુગમ સંગીત (દમણથી) ૭.૪૫ ગુજરાતી સમાચાર, ૭.૫૫ સુગમ સંગીત (અમદાવાદથી) ૦૮.૦૦ - સમાચાર પ્રભાત (દિલ્હીથી), ૦૮.૧૫ સુગમ સંગીત (દમણથી), ૮.૩૦ -વિવિધ ભારતી પ્રસારણના મનોરંજક કાર્યક્રમો (૧૦ વાગ્યા સુધી), ૧૦.૦૦ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી), ૧૦.૩૦- શ્રવણ માધુરી (દમણથી), ૧૧.૦૦ વાગ્યાથી વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૨.૩૦ સહિયર નારી જગત, ૦૧.૦૦ હિન્દી/ અંગ્રેજી સમાચાર, ૧.૩૦ (જય જવાર હિન્દી ફિલ્મ સંગીત), ૨.૧૫ હિન્દી સમાચાર ૨.૩૦ વિવિધ ભારતીના કાર્યક્રમો (સાંજે ૫:૩૦ વાગ્યા સુધી),

**સાંજે :** ૫.૩૦ - હિન્દી ફિલ્મ સંગીત, ૫.૩૦ પ્રાયોજીત કાર્યક્રમ (NCERT-UMANG)), ૬.૦૦ - સુગમ સંગીત, ૬.૩૦ અમદાવાદના કાર્યક્રમ, ૭.૧૦ - પ્રાદેશિક સમાચાર, ૭.૨૦ - દમણથી ખેતી વિષયક કાર્યક્રમ, ૭.૫૦ - ગુજરાતી સમાચાર, ૮.૦૦ - વિવિધ ભારતીના કાર્યક્રમ, ૮.૪૫ હિન્દી સમાચાર, ૯.૦૦ અંગ્રેજી સમાચર (દિલ્હીથી), ૯.૧૫ વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૧.૦૦ વાગ્યે હિન્દી સમાચાર અંગ્રેજી સમાચાર, ૧૧.૨૦ સભા સમાપન.

## સુડોકુ નં.૦૩

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | 2 | 7 | | 9 | 8 | | |
| 6 | | | 2 | 4 | 1 | | | 9 |
| | | | 5 | 3 | | 6 | 4 | |
| 7 | | | | | | | | 1 |
| | 6 | | | | | | 7 | |
| 2 | | | | | | | | 5 |
| | | 7 | 1 | | 5 | 9 | | |
| 5 | | | 8 | 2 | 7 | | | 3 |
| | | 8 | 4 | | 3 | 5 | | |

અહીં એક ચોકઠું આપ્યું છે
જેમાં નવ બોક્સ છે. દરેક ખાનામાં નવ ખાનાં છે કરવાનું શું છે.
(૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવા જોઈએ. કોઈ આંક રહી ન જવો જોઈએ.
(૨) દરેક આડી અને ઊભી હરોળમાં પણ એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ.
(૩) પેન્સિલથી આંકડા ભરવાની શરૂઆત કરો
(૪) શરૂઆત એ ખાનાથી કરો જ્યાં આંકડો લખવા માટે સૌથી ઓછા વિકલ્પ હોય.

### સુડોકુ નં.૨નો ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 6 | 5 | 7 | 9 | 8 | 3 | 2 | 4 | 1 |
| 1 | 3 | 2 | 6 | 7 | 4 | 8 | 5 | 9 |
| 9 | 8 | 4 | 1 | 5 | 2 | 6 | 7 | 3 |
| 4 | 2 | 6 | 5 | 1 | 9 | 3 | 8 | 7 |
| 3 | 7 | 8 | 2 | 4 | 6 | 1 | 9 | 5 |
| 5 | 9 | 1 | 8 | 3 | 7 | 4 | 2 | 6 |
| 7 | 6 | 9 | 4 | 2 | 1 | 5 | 3 | 8 |
| 8 | 4 | 3 | 7 | 6 | 5 | 9 | 1 | 2 |
| 2 | 1 | 5 | 3 | 9 | 8 | 7 | 6 | 4 |

## વાપીના વર્ષો જૂના ગાયત્રી માતાજી મંદિરનું રિનોવેશન સંપન્ન





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૦૫ :** વાપીમાં પેપીલોન હોટલ પાછળ આવેલું વર્ષો જૂનું ગાયત્રી માતાજીનું મંદિર લાખો રૂપિયાના ખર્ચે રિનોવેશન કરવામાં આવ્યું છે. મંદિરના જીર્ણોદ્ધાર સાથે ગાયત્રી માતાજીની નવી પ્રતિમા સ્થાપિત કરી પ્રાણપ્રતિષ્ઠા કરવામાં આવી છે. તેમજ મંદિર પરિસરમાં શિવ મંદિરનું પણ નિર્માણ કરવામાં આવ્યું છે. રિનોવેશન બાદ અહીં દરરોજ મોટી સંખ્યામાં ભક્તો દર્શન માટે આવી રહ્યા છે. પ્રાપ્ત વિગતો મુજબ, વાપી જીઆઈડીસીની સ્થાપના બાદ દેશના વિવિધ રાજ્યોમાંથી લોકો રોજગાર માટે વાપી આવ્યા હતા. તે સમયે વાપીમાં વિવિધ દેવી-દેવતાઓનાં મંદિરો હોવા છતાં ગાયત્રી માતાજીનું મંદિર ન હોવાથી મંદિર નિર્માણની ચળવળ શરૂ થઈ હતી. વર્ષ ૧૯૮૨માં વાપી બજારના જાણીતા ધોનધે પરિવારે વૈશાલી ટોકીઝ અને મહેસાણા નગર વિસ્તારમાં આવેલા પોતાના ત્રણ કિંમતી પ્લોટ ગાયત્રી માતાજીનું મંદિર બનાવવા માટે દાનમાં આપ્યા હતા.

ત્યારબાદ વાપીના દેસાઈ પરિવારના અગ્રણીઓ તથા અન્ય દાતાઓના સહયોગથી અહીં ગાયત્રી માતાજીનું મંદિર બનાવવામાં આવ્યું હતું. સમય જતાં આ મંદિર આસ્થાનું કેન્દ્ર બન્યું હતું. જોકે વાપીની વધતી વસ્તી અને મંદિર જૂનું થતાં મંદિરનું નવીનીકરણ કરવાની જરૂરિયાત ઊભી થઈ હતી. નવા ટ્રસ્ટી મંડળના અનિલભાઈ દેસાઈ, નિમેષભાઈ વસી, રોહિત ભાઈ પટેલ, રાજનારાયણ તિવારી, રાજુભાઈ રાણા, મનોજભાઈ પટેલ, ભાવેશ દેસાઈ સહિતના આગેવાનો દ્વારા દાતાઓના સહયોગથી લાખો રૂપિયાનો ફાળો એકત્ર કરી મંદિરનું રિનોવેશન કરાવવામાં આવ્યું છે. નવી પ્રતિમાની પ્રાણપ્રતિષ્ઠા સાથે મંદિર પરિસરમાં શિવ મંદિરનું પણ નિર્માણ કરવામાં આવ્યું છે.

મંદિરના વિવિધ ધાર્મિક પ્રસંગોમાં આસપાસના વિસ્તારના ભક્તો ઉપરાંત મહેસાણા નગરના અગ્રણીઓ અને મહેસાણા મહિલા મંડળની બહેનો પણ ઉત્સાહપૂર્વક ભાગ લે છે. રિનોવેશન બાદ મંદિર વધુ સુવિધાયુક્ત બનતાં અહીં ભક્તોની અવરજવર પણ વધી છે.

## સોળસુંબા સેન્ટ્રલ શાળામાં ૭૬મો સ્થાપના દિવસ ઉજવાયો

### ભગવાન શ્રી બિરસા મુંડા પરિવહન યોજના અંતર્ગત ગંગાનગર અને કાકડિયા મોરાના વિદ્યાર્થીઓ માટે બસ સેવાનો પ્રારંભ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા. ૦૫ :** સોલસુંબા સેન્ટ્રલ શાળા પી.એમ. શ્રી ગુજરાત ખાતે ૭૬મા સ્થાપના દિવસની ઉજવણી સાથે ભગવાન શ્રી બિરસા મુંડા પરિવહન યોજના અંતર્ગત વિદ્યાર્થીઓ માટે બસ સેવાનો -ારંભ કરવામાં આવ્યો હતો. ગંગાનગર અને કાકડિયા મોરા વિસ્તારના બાળકોને શાળાએ આવવા-જવા માટે પરિવહનની સુવિધા મળી રહે તે હેતુથી આ બસ સેવા શરૂ કરાઈ છે.

કાર્યક્રમની શરૂઆત શાળાના આચાર્યશ્રી દ્વારા ઉપસ્થિત મહેમાનોના શાબ્દિક સ્વાગતથી કરવામાં આવી હતી. ત્યારબાદ શિક્ષિકા દિપીકાબેન દ્વારા શાળાની આરતી કરાવવામાં આવી હતી. શાળાની બાળાઓએ સુંદર સ્વાગત ગીત રજૂ કરી મહેમાનોનું પુષ્પોથી ભાવભર્યું સ્વાગત કર્યું હતું. સ્થાપના દિવસ નિમિત્તે વિદ્યાર્થીઓ દ્વારા 'શાળા જન્મદિવસ ગાન' પણ રજૂ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગામના સરપંચ, ઉપસરપંચ, SMCના સભ્યો તથા તાલુકા પંચાયતના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. ગામના ઉપસરપંચ અમિતભાઈ પટેલે બાળકો તથા શાળા પરિવારને સ્થાપના દિવસની શુભેચ્છાઓ પાઠવી હતી અને શાળાના વિકાસ માટે જરૂરી કાર્યો પૂર્ણ કરવાની જાહેરાત કરી હતી. ST ડેપો મેનેજર ધનસુખભાઈએ વિદ્યાર્થીઓને આશીર્વચન આપ્યા હતા તેમજ ભગવાન શ્રી બિરસા મુંડા પરિવહન યોજના અંગે જરૂરી માર્ગદર્શન આપ્યું હતું.

ત્યારબાદ ગંગાનગર અને કાકડિયા મોરાના વિદ્યાર્થીઓને બસમાં બેસાડવામાં આવ્યા હતા. શાળાના કેટલાક શિક્ષકોએ પણ વિદ્યાર્થીઓ સાથે બસમાં બેસીને તેમની સાથે આ આનંદની ક્ષણ માણી હતી. ઉપસ્થિત મહેમાનોએ બસને લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું હતું. બસ સેવા શરૂ થતાં વિદ્યાર્થીઓમાં આનંદ અને ઉત્સાહ જોવા મળ્યો હતો. કાર્યક્રમના અંતે વિદ્યાર્થીઓને ચોકલેટનું વિતરણ કરવામાં આવ્યું હતું. ૭૬મા સ્થાપના દિવસની ઉજવણી સાથે વિદ્યાર્થીઓ માટે પરિવહન સેવાનો -ારંભ શાળા પરિવાર માટે આનંદ અને ગૌરવની ક્ષણ બની રહ્યો હતો.

## કપરાડા-નાનાપોંઢાના ગામોમાં ડિજિટલ સખીઓએ સ્વચ્છતાનો સંદેશ આપ્યો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**નાનાપોંઢા, તા. ૦૫ :** L&T Finance તથા LTPCT (Larsen & Toubro Public Charitable Trust) દ્વારા પ્રાયોજિત અને BAIF Development Research Foundation દ્વારા અમલીકરણ કરવામાં આવતી ડિજિટલ સખી પરિયોજના અંતર્ગત કપરાડા અને નાનાપોંઢા બ્લોકના ૬૦ ગામોમાં મહિલાઓને ડિજિટલ તથા નાણાકીય સાક્ષરતા અંગે માર્ગદર્શન અને વિવિધ સેવાઓનો લાભ મળી રહ્યો છે. પરિયોજનાના ભાગરૂપે સ્વચ્છતા પખવાડિયા દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે કપરાડા અને નાનાપોંઢા બ્લોકની ડિજિટલ સખીઓ દ્વારા વિવિધ ગામોમાં સ્વચ્છતા અંગે જનજાગૃતિ ફેલાવવા માટે નુક્કડ નાટક, સ્વચ્છતા રેલી અને સ્વચ્છતા અભિયાન સહિતની વિવિધ પ્રવૃત્તિઓ યોજવામાં આવી હતી. કાર્યક્રમોમાં ગ્રામજનોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. સાથે જ ગામના સરપંચો અને સ્થાનિક આગેવાનોની પણ સક્રિય ઉપસ્થિતિ રહી હતી.

ડિજિટલ સખીઓએ સ્વચ્છતા જાળવવા, કચરાનો યોગ્ય નિકાલ કરવા અને જાહેર સ્થળોની સ્વચ્છતા જાળવવામાં દરેક નાગરિકની જવાબદારી અંગે સમજ આપી હતી. વિવિધ પ્રવૃત્તિઓ દરમિયાન ગ્રામજનો સાથે સંવાદ કરી સ્વચ્છતા અંગેના સંદેશને ઘર-ઘર સુધી પહોંચાડવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. ડિજિટલ સખીઓ દ્વારા હાથ ધરાયેલી આ પહેલથી ગ્રામજનોમાં સ્વચ્છતા અંગે જાગૃતિ વધારવા સાથે સ્વચ્છતા પ્રત્યે સામૂહિક જવાબદારી અને જનભાગીદારીની ભાવનાને પણ પ્રોત્સાહન મળ્યું હતું. ડિજિટલ અને નાણાકીય સાક્ષરતા સાથે સામાજિક જાગૃતિના ક્ષેત્રમાં પણ ડિજિટલ સખીઓની ભૂમિકા મહત્વપૂર્ણ બની રહી છે.

## ધરમપુરમાં સ્વચ્છતા અભિયાન સાથે સફાઈ કામદારોનું સન્માન કરાયું





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ધરમપુર, તા. ૦૫ :** ધરમપુર નગરપાલિકા દ્વારા ગાંધીબાગ ખાતે મહાત્મા ગાંધીજીની ૧૫૭મી જન્મજયંતીની ભાવભેર ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે ગાંધીજીની પ્રતિમાને ફૂલહાર અર્પણ કરી શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી. કાર્યક્રમમાં ધરમપુરના ધારાસભ્ય અરવિંદભાઈ પટેલ, શહેર ભાજપ પ્રમુખ અમિત ચોરેરા, મહામંત્રી અક્ષય ચૌધરી અને જીગ્નેશ કાપડિયા, નગરપાલિકા પ્રમુખ મયંક મોદી, ઉપપ્રમુખ ઉર્મિલાબેન ભોયા, શિક્ષણ સમિતિના ચેરમેન નરેશ પટેલ, કારોબારી અધ્યક્ષ મહેશ ગાયકવાડ, બાંધકામ સમિતિના ચેરમેન સમીપ રાંચ સહિત પાલિકાના ચૂંટાયેલા સભ્યો, હોદ્દેદારો, કાર્યકર્તાઓ તથા નગરજનો ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે લોક મંગલમ ટ્રસ્ટના સેવાભાવી નીલમભાઈ પટેલ તથા ધરમપુર નગરપાલિકાના ચીફ ઓફિસર વિજયભાઈ ઈટાલિયા વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. ગાંધી જયંતીની ઉજવણી નિમિત્તે નગરપાલિકા વિસ્તારમાં સફાઈ અભિયાન પણ હાથ ધરવામાં આવ્યું હતું. નગરપાલિકાના આરોગ્ય વિભાગના સફાઈ કામદારોએ નિષ્ઠાપૂર્વક કામગીરી બદલ પ્રમાણપત્ર આપી સન્માન કરવામાં આવ્યું હતું. ધારાસભ્ય અરવિંદભાઈ પટેલે ગાંધીજીના વિચારો અને સ્વચ્છતાના મહત્વ અંગે સંબોધન કર્યું હતું. જ્યારે નીલમભાઈ પટેલે દરેક વિસ્તારમાં સ્વચ્છતા જળવાય તે માટે જવાબદારીપૂર્વક તકેદારી રાખવા અપીલ કરી હતી.

## ચણોદ પીએમશ્રી શાળામાં તબીબી કેમ્પ યોજાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૦૫ :** વાપીના ચણોદ ખાતે આવેલી PM શ્રી પ્રાથમિક શાળામાં 'ટીમ મેડીમિત્ર' દ્વારા વિશાળ નિ:શુલ્ક તબીબી કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. કેમ્પમાં વિવિધ ક્ષેત્રના આશરે ૨૦ તબીબોએ સેવા આપી હતી અને બપોર સુધીમાં ૫૦૦થી વધુ ગ્રામજનોએ નિ:શુલ્ક તબીબી સેવાઓનો લાભ લીધો હતો.

ગુજરાતના નાણામંત્રી કનુભાઈ દેસાઈ મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહ્યા હતા અને દીપ પ્રાગટ્ય કરી કેમ્પનો પ્રારંભ કરાવ્યો હતો. આ પ્રસંગે વાપી મહાનગરપાલિકાની સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન સતીશભાઈ તથા ભાજપ શહેર પ્રમુખ મનીષભાઈ પણ ઉપસ્થિત રહ્યા હતા. કનુભાઈ દેસાઈએ 'ટીમ મેડીમિત્ર'ની સેવાભાવી કામગીરીને બિરદાવી હતી અને શક્ય તમામ સહયોગની ખાતરી આપી હતી.

કેમ્પના મુખ્ય સ્પોન્સર આરતી જિતેન્દ્ર પુગલિયા રહ્યા હતા. દવાઓ માટે ગણપતરાજજી, સંજયજી, હિદાંશજી ભંડારી સહિતના સહયોગીઓએ સહકાર આપ્યો હતો. કેમ્પને લઈને ગ્રામજનોમાં પણ ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો.

## વલસાડ બ્લાઈન્ડ સ્કુલમાં 'સેવા મેરા યોગદાન ઝુંબેશ' કાર્યક્રમ યોજાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૦૫ :** ગાંધી જયંતીના દિવસે વલસાડ જિલ્લામાં સેવા મેરા યોગદાન ઝુંબેશ અંતર્ગત સમાજ સુરક્ષા ખાતાના દિવ્યાંગ લાભાર્થીઓને યોજનાકીય લાભોના વિતરણ કાર્યક્રમનું આયોજન નેશનલ એસોસિએશન ફોર ધી બ્લાઈન્ડ વલસાડ ખાતે કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં વિવિધ લોકપ્રતિનિધિઓ તથા વહીવટી અધિકારીઓની ઉપસ્થિતિ રહી હતી. કાર્યક્રમમાં સાંસદ ધવલભાઈ પટેલ, જિલ્લા પંચાયત પ્રમુખ હેતલબેન પટેલ, ધારાસભ્ય ભરતભાઈ પટેલ, તાલુકા પંચાયત પ્રમુખ કિશોરભાઈ પટેલ તથા નનકવાડા ગામના સરપંચ વિનોદભાઈ પટેલ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમ દરમિયાન દિવ્યાંગ લાભાર્થીઓને વિવિધ સરકારી યોજનાઓના લાભોનું વિતરણ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ દિવ્યાંગ લાભાર્થીઓ સુધી સરકારની કલ્યાણકારી યોજનાઓના લાભો પહોંચાડવાનો અને તેમને સશક્ત બનાવવાનો રહ્યો હતો.

## વાપી રોફેલ કોલેજમાં સફાઈ કરાઈ





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૦૫ :** રાજ્ય સરકાર દ્વારા તારીખ ૧૭ સપ્ટેમ્બર થી ૧૭ ઓક્ટોબર૨૦૨૬ સુધી વિશેષ સેવા સંકલ્પઅભિયાનની ઉજવણીના ભાગરૂપે તા. ૨ ઓક્ટોબર ૨૦૨૬ ના રોજ શ્રીમતી સી.ડી.જોબાલીયા રોફેલ આર્ટ્સ તથા શ્રીમતી આઈ.એસ.આર. અચ્છારીવાલા રોફેલ કોમર્સ કોલેજમાં આચાર્યા, શૈક્ષણિક તથા બિન-શૈક્ષણિક કર્મચારીઓએ સક્રિય શ્રમદાન આપીનેસ્વચ્છતા અને પર્યાવરણ જતનનીઉત્કૃષ્ટ કામગીરી કરી. શ્રમદાનના ભાગરૂપે કોલેજ કાર્યાલય, સ્ટાફરૂમ, કોલેજમા આવેલ રીસર્ચ સેન્ટર, લાયબ્રેરી તેમજ કોલેજ પરિસરની સફાઈ કરવામાં આવી હતી. આ સફાઈ અભિયાનમાં કોલેજના તમામકર્મચારીઓએ જોડાઈને વિદ્યાર્થીઓ માટે પ્રેરણા પૂરીપાડી હતી.

## વાપીમાં વૃક્ષારોપણ કરાયું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૦૫ :** સેલ્યુટ તિરંગાના નવમા સ્થાપના દિવસ, ગાંધી જયંતિ અને લાલબહાદુર શાસ્ત્રીજીની જન્મજયંતિ નિમિત્તે વાપીના રાતા ખાતે આવેલ કે.પી. વિદ્યામંદિર ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો હતો. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના એક પેડ માં કે નામ સંકલ્પને સાકાર કરવા માટે આ વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમ દરમિયાન ઉપસ્થિત મહાનુભાવોએ વૃક્ષારોપણ કરી પર્યાવરણ સંરક્ષણનો સંદેશ આપ્યો હતો. આ પ્રસંગે સેલ્યુટ તિરંગાના રાષ્ટ્રીય મહામંત્રી ઉત્તમભાઈ પટેલ, ઉપાધ્યક્ષ અંબાલાલ પટેલ, વાપી મહાનગરપાલિકાની બાંધકામ સમિતિના ચેરમેન જયેશ કંસારા, કાઉન્સિલર ભૌલેશ કોટડિયા, સેલ્યુટ તિરંગાના પ્રદેશ મહિલા અધ્યક્ષ ગીતાબેન રાઠોડ તેમજ દમણ અને દીવ પ્રમુખ સુભાષભાઈ પટેલ સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

## વાપી રામા રેસીડેન્સીમાં જિતિયા માતાની પૂજા કરાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૦૫ :** વાપી શહેરના નામધા રોડ પર આવેલી રામા રેસીડેન્સી સોસાયટીમાં ઉત્તર ભારતીય મહિલાઓ દ્વારા જિતિયા માતાની પરંપરાગત પૂજા-અર્ચના કરવામાં આવી હતી.સંતાનોના લાંબા આયુષ્ય અને સુખ-સમૃદ્ધિ માટે રાખવામાં આવતા આ વ્રત નિમિત્તે મહિલાઓએ નિર્જળા ઉપવાસ રાખી વિધિવત કથા સાંભળી હતી. સોસાયટીના મંદિર પરિસરને ફૂલોથી શણગારવામાં આવ્યું હતું.

પૂજા બાદ મહિલાઓએ એકબીજાને શુભકામનાઓ પાઠવી હતી. આ પ્રસંગે મોટી સંખ્યામાં ઉત્તર ભારતીય પરિવારોની મહિલાઓ અને બાળકો ઉપસ્થિત રહ્યા હતા, જેથી સમગ્ર વાતાવરણ ભક્તિમય બની ગયું હતું.

## દમણનું ગેમપુર પક્ષી સંગ્રહાલય વન્યજીવન સપ્તાહમાં બાળકોમાં આકર્ષણ કેન્દ્ર બન્યું





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**દમણ, તા. ૦૫ :** વન્યજીવન માત્ર જંગલોની સુંદરતાનો એક ભાગ નથી, પરંતુ પ્રકૃતિ અને પર્યાવરણના સંતુલનનો પણ એક મહત્વપૂર્ણ ભાગ છે. વન્યજીવન સંરક્ષણ અંગે જાગૃતિ લાવવા માટે દેશભરમાં ૭૨મું વન્યજીવન સપ્તાહ ઉજવવામાં આવી રહ્યું છે. આ સંદર્ભમાં, દમણ વન વિભાગ, પ્રશાસક પ્રફુલ્લ પટેલના માર્ગદર્શન હેઠળ, વિવિધ જાગૃતિ કાર્યક્રમોનું આયોજન કરી રહ્યું છે. આ કાર્યક્રમોમાં બાળકોને વન્યજીવન સંરક્ષણ સાથે જોડવા પર ખાસ ભાર મૂકવામાં આવી રહ્યો છે.

દમણના ગેમપુરમાં આવેલ પક્ષી સંગ્રહાલય આ દિવસોમાં વિવિધ શાળાઓના વિદ્યાર્થીઓથી ભરેલું છે. ધોરણ ૮ થી ૧૨ ના વિદ્યાર્થીઓ પક્ષીઓનું નજીકથી નિરીક્ષણ કરવા અને તેમના રહેઠાણ, આહાર અને જીવનશૈલી વિશે જાણવા માટે પક્ષી સંગ્રહાલયની મુલાકાત લઈ રહ્યા છે. વિદ્યાર્થીઓ માટે વન્યજીવન સંરક્ષણનો સંદેશ ફેલાવતી જાગૃતિ રેલીનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. વન વિભાગના અધિકારીઓએ વિદ્યાર્થીઓને વન્યજીવોના રહેઠાણોના મહત્વ વિશે માહિતી આપી. તેમણે સમજાવ્યું કે વન્યજીવોના રહેઠાણોનું રક્ષણ તેમના સંરક્ષણ માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે. પર્યાવરણ અને વન્યજીવ વચ્ચે સંતુલન જાળવવામાં દરેક વ્યક્તિ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

વન્યજીવન સપ્તાહ દરમિયાન, બાળકો ફક્ત પક્ષીઓ અને વન્યજીવનને બતાવવા પૂરતા મર્યાદિત નથી, પરંતુ તેમના કુદરતી રહેઠાણો, આહાર, જીવનશૈલી અને પર્યાવરણમાં તેમની ભૂમિકા વિશે પણ શીખે છે. વિદ્યાર્થીઓ જાગૃતિને સર્જનાત્મકતા સાથે જોડવા માટે ચિત્ર અને ચિત્ર સ્પર્ધાઓનું પણ આયોજન કરવામાં આવી રહ્યું છે. આ પ્રવૃત્તિઓ બાળકોમાં સંવેદનશીલતા અને સંરક્ષણની ભાવનાને પ્રોત્સાહન આપવા માટે છે.

## દમણ મેમણ જમાત દ્વારા ઈનામ વિતરણ કાર્યક્રમ યોજાયો



દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**દમણ, તા. ૦૫ :** મેમણ જમાત દ્વારા આજે નાની દમણ ખાતે આવેલા નંદહરી પાર્ટી પ્લોટમાં ઈનામ વિતરણ કાર્યક્રમ તથા ગ્યારમી શરીફની નિયાઝનું આયોજન કરવામાં આવ્યું હતું. દમણ મેમણ જમાતના પ્રમુખ હાજી સિરાજભાઈ શરીફની અધ્યક્ષતામાં યોજાયેલા આ કાર્યક્રમમાં ઓલ ઈન્ડિયા મેમણ જમાત ફેડરેશનના ઝોનલ સેક્રેટરી તથા રાષ્ટ્રીય પ્રવક્તા શ્રી મજીદ લધાણીની વિશેષ ઉપસ્થિતિ રહી હતી. કાર્યક્રમ દરમિયાન દમણ મેમણ સમાજના ૯૫ વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓનું સન્માન કરી તેમને ઈનામ આપવામાં આવ્યા હતા. આ પહેલ દ્વારા દમણ મેમણ જમાત દ્વારા સમાજમાં શિક્ષણને પ્રોત્સાહન આપવા તેમજ વિદ્યાર્થીઓને શિક્ષણ ક્ષેત્રે આગળ વધવા માટે પ્રેરિત કરવાનો સરાહનીય પ્રયાસ કરવામાં આવ્યો હતો. કાર્યક્રમના અંતે ગ્યારમી શરીફની નિયાઝનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ઉપસ્થિત સૌએ શિરકત કરી હતી. આ પ્રસંગે વલસાડ જિલ્લાના વિવિધ જમાતોના પ્રતિનિધિઓ ઉપરાંત મેમણ સમાજ સાથે સંકળાયેલા શિક્ષણવિદો, તબીબો તથા અન્ય આગેવાનો અને મહાનુભાવોને પણ આમંત્રિત કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં દમણ મેમણ જમાતના જનરલ સેક્રેટરી હાજી મન્સૂરભાઈ ચણા, ઉપપ્રમુખ હાજી ફૈઝલ કપાડિયા, ખજાનચી હાજી ઈમરાન રાજકોટિયા, હાજી મુનાફભાઈ ઢાંગર, હાજી બાબુભાઈ લખાણી સહિત જમાતની એક્ઝિક્યુટિવ કમિટીના તમામ સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમને સફળ બનાવવા માટે દમણ મેમણ જમાતની યુથ વિંગ દ્વારા મહત્વપૂર્ણ યોગદાન આપવામાં આવ્યું હતું.

## વાપીની જ્ઞાનધામ સ્કુલમાં 'યુનિવર્સિટી ફેર-૨૦૨૬' કાર્યક્રમ યોજાયો





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૦૫ :** શ્રીમતી સાન્દ્રાબેન શ્રોફ જ્ઞાનધામ સ્કૂલ દ્વારા શનિવારે, તા. ૩ ઓક્ટોબરના રોજ સ્કૂલના ઓડિટોરિયમમાં યુનિવર્સિટી ફેર-૨૦૨૬નું આયોજન કરવામાં આવ્યું હતું. સવારે ૧૧:૩૦થી બપોરે ૧:૩૦ વાગ્યા સુધી યોજાયેલા આ ફેરમાં ધોરણ ૧૦થી ૧૨ના વિદ્યાર્થીઓ તથા વાલીઓને ઉચ્ચ શિક્ષણ અને કારકિર્દીના વિવિધ વિકલ્પો અંગે માર્ગદર્શન મળ્યું હતું.

આ યુનિવર્સિટી ફેરમાં દેશની ૨૫ પ્રતિષ્ઠિત યુનિવર્સિટીઓ અને શૈક્ષણિક સંસ્થાઓએ ભાગ લીધો હતો. જેમાં સાન્દ્રા શ્રોફ નર્સિંગ કોલેજ, એલાયન્સ યુનિવર્સિટી, કર્ણાવતી યુનિવર્સિટી, જીએલએસ યુનિવર્સિટી, મારવાડી યુનિવર્સિટી, ઈનસાઈટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ પ્રોફેશનલ સ્ટડીઝ, પંડિત દીનદયાળ એનર્જી યુનિવર્સિટી, ગણપત યુનિવર્સિટી, જેજી યુનિવર્સિટી, ઈકોલ ઈન્ટ્યુટ લેબ, એનએમઆઈએમએસ યુનિવર્સિટી, એમિટી યુનિવર્સિટી, પ્લક્ષ યુનિવર્સિટી, શાંતિ બિઝનેસ સ્કૂલ, નીઓટેક કેમ્પસ, સિગ્મા યુનિવર્સિટી વડોદરા, સીવીએમ યુનિવર્સિટી, સિલ્વર ઓક યુનિવર્સિટી અમદાવાદ, પારુલ યુનિવર્સિટી, પી.પી. સવાણી યુનિવર્સિટી, પ્લાસ્ટ ઈન્ડિયા, રોફેલ ગ્રિમ્સ, રસેલ સ્ક્વેર ઈન્ટરનેશનલ, યુપીએલ યુનિવર્સિટી અને મહિન્દ્રા યુનિવર્સિટીનો સમાવેશ થયો હતો.

યુનિવર્સિટીઓના પ્રતિનિધિઓએ વિદ્યાર્થીઓ અને વાલીઓ સાથે વ્યક્તિગત ચર્ચા કરી પ્રવેશ પ્રક્રિયા, સ્કોલરશિપ, વિવિધ અભ્યાસક્રમો, કોર્સની રચના તથા કેમ્પસની સુવિધાઓ અંગે વિસ્તૃત માહિતી આપી હતી. વિવિધ શૈક્ષણિક પ્રવાહો અને ભવિષ્યમાં ઉપલબ્ધ કારકિર્દીની તકો અંગે પણ વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. યુનિવર્સિટી ફેરમાં મોટી સંખ્યામાં વાલીઓ અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યાં હતા. વાલીઓએ વિદ્યાર્થીઓના ઉચ્ચ શિક્ષણ માટે એક જ સ્થળે વિવિધ પ્રતિષ્ઠિત સંસ્થાઓ સાથે સીધો સંવાદ કરવાની તક પૂરી પાડવા બદલ શાળાના આ પ્રયાસને બિરદાવ્યો હતો. સમગ્ર કાર્યક્રમ સફળતાપૂર્વક સંપન્ન થયો હતો.

### પુસ્તક પરબ, વલસાડની વાંચનયાત્રાનો વધુ એક મણકો

## સોનવાડા આશ્રમશાળામાં ૨૩૧ પુસ્તકો ભેટરૂપે અપાયા





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**નાનાપોંઢા, તા. ૦૫ :** પુસ્તક પરબ, વલસાડનો ઉદ્દેશ માત્ર વલસાડ શહેરમાં પુસ્તકપ્રેમીઓને પુસ્તકો ઉપલબ્ધ કરાવવા સાથે જે વિદ્યાર્થીઓ અને વાચકો પુસ્તક પરબ સુધી પહોંચી શકતા નથી, ત્યાં પુસ્તકો પહોંચાડવા અને વાંચનની વાત પહોંચાડવાનો પણ છે. આ વિચારને આગળ વધારતાં આજે હળપતી સેવા સંઘ, બારડોલી દ્વારા સંચાલિત આશ્રમશાળા, સોનવાડા, (તા. જિ. વલસાડ) માં વિદ્યાર્થીઓ માટે ૨૩૧ જેટલાં પુસ્તકો ભેટરૂપે આપવામાં આવ્યા. પુસ્તક પરબ, વલસાડના સીમાસ્તંભ સમાન શ્રી હાર્દિક જી. પટેલના જન્મદિવસ નિમિત્તે આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જન્મદિવસની નિમિત્તે વિદ્યાર્થીઓ સુધી પુસ્તકો પહોંચાડીને અને તેમની સાથે વાંચનની વાતો કરીને ઉજવવાનો આ એક અર્થસભર પ્રયાસ રહ્યો હતો.

આશ્રમશાળાના આચાર્ય રાજેશકુમાર ડી. દેસાઈએ સૌનું સ્વાગત કર્યું હતું. પુસ્તક પરબ, વલસાડ તરફથી મળેલાં પુસ્તકો જોઈને તેમણે આનંદ વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે, વિદ્યાર્થીઓને ખરેખર આ પુસ્તકોની જરૂર હતી. વિદ્યાર્થીઓના સ્તર અને જરૂરિયાતને અનુરૂપ પુસ્તકો મળ્યાં છે, તેનો અમને ખૂબ આનંદ છે. તેમણે પુસ્તક પરબ, વલસાડની કામગીરીને બિરદાવી આભાર વ્યક્ત કર્યો હતો.

કાર્યક્રમમાં શિક્ષકો ધવલભાઈ ભાલિયા, ઈવરાજ પરમાર, હેતલબેન ચૌધરી તથા આશ્રમશાળા પરિવાર ઉપસ્થિત રહ્યો હતો. વિદ્યાર્થીઓએ પુસ્તકોને ખૂબ જ ઉત્સુકતાથી નિહાળ્યાં અને પોતાની પસંદગીનાં પુસ્તકો વિશે એકબીજાં સાથે વાતો કરતાં નજરે પડ્યાં.

વિદ્યાર્થીઓ સમક્ષ પ્રોજેક્ટ ચેરપર્સન ડૉ. આશા ગોહિલે પુસ્તક પરબ, વલસાડની પ્રવૃત્તિ વિશે વાત કરી હતી. ડૉ. રામચંદ્ર જોશીએ 'મોહનથી મહાત્મા સુધી' મહાત્મા ગાંધીની જીવનયાત્રા વિદ્યાર્થીઓ સમક્ષ સરળ ભાષામાં અને ઉદાહરણ સાથે રજૂ કરી હતી. આ પ્રસંગે હાર્દિક જી. પટેલે વિદ્યાર્થીઓ સાથે વાત કરતાં પોતાના એડવોકેટ અને નોટરી તરીકેના અનુભવના આધારે દસ્તાવેજોમાં નામ, સરનામું તથા અન્ય વિગતો યોગ્ય રીતે જાળવવાની અગત્યની વાત કરી હતી. આ કાર્યક્રમ ૨૩૧ પુસ્તકો થકી ૨૩૧ નવા વિચારોનાં દ્વાર ખોલવાનો એક નાનકડો પ્રયાસ હતો.

# વિશેષ વાંચન

Tuesday 06, October 2026
દમણગંગા ટાઇમ્સ

● ફિલ્મ જગત ● ફિલ્મ જગત ● ફિલ્મ જગત ● ફિલ્મ જગત ● ફિલ્મ જગત ● ફિલ્મ

## અક્ષય કુમાર અને આર. માધવનની નવી કોમેડી ફિલ્મ



(સંપૂર્ણ સમાચાર સેવા)

**મુંબઈ, તા.૫ :** અક્ષય કુમાર અને આર માધવન દિગ્દર્શક સાજિદ ખાનની આગામી અનામી કોમેડી ફિલ્મ માટે ફરી એકસાથે આવી રહ્યા છે. ‘હાઉસફુલ ટુ’ પછી લગભગ ૧૪ વર્ષ બાદ આ બંને કલાકારો હળવા અંદાજમાં સ્ક્રીન શેર કરશે. અગાઉ ગંભીર ભૂમિકામાં આમને-સામને જોવા મળેલા આ કલાકારો આ વખતે એક જ પક્ષે રહીને દર્શકોને ભરપૂર હસાવશે.આ ફિલ્મ મધ્યમ વયના પુરુષો પર આધારીત એક મજેદાર કોમેડી ઓફ એરર્સ હશે, જેને ખૂબ મોટા પાયે બનાવવામાં આવી રહી છે.એકતા કપૂર નિર્મિત આ મનોરંજક પ્રોજેક્ટમાં દિશા પટણી અને શ્રિયા સરન મુખ્ય અભિનેત્રીઓ તરીકે જોવા મળશે. માધવન આ ફિલ્મમાં અગાઉ ક્યારેય ન ભજવી હોય તેવી અનોખી હાસ્ય ભૂમિકા નિભાવશે.આ ફિલ્મનું શૂટિંગ આ વર્ષના અંતમાં અથવા ૨૦૨૭ની શરૂઆતમાં લંડનમાં શરૂ થવાની સંભાવના છે.અક્ષય પોતાની અન્ય ફિલ્મો પૂર્ણ કર્યા પછી એનું શેડ્યુલ શરૂ કરશે, જ્યારે સાજિદ ખાન હાલના પ્રોજેક્ટ પછી નિર્દેશન સંભાળશે. બંને જાણીતા કલાકારોની જોડી દર્શકો માટે હાસ્ય અને મનોરંજનની એક શાનદાર ભેટ બની રહેશે.

## જાહ્નવીના અભદ્ર એઆઈ વીડિયોથી સાઉથના સ્ટાર્સ ઉકળી ઉઠયા



(સંપૂર્ણ સમાચાર સેવા)

**મુંબઈ, તા.૫ :** જાહ્નવી કપૂર અને જુનિયર એનટીઆરની તેલુગુ ફિલ્મ ‘દેવરા’નાં એક ગીતના મૂળ વીડિયોમાં એઆઈથી ચેડાં કરી અભદ્ર વીડિયો બનાવી સોશિયલ મીડિયા પર વાયરલ કરાતાં સાઉથના સ્ટાર્સ ઉકળી ઉઠયા છે.જુનિયર એનટીઆરએ આ કૃત્યને અતિશય તિરસ્કારજનક અને શરમજનક ગણાવતાં કહ્યું હતું કે પોતે આ મુદ્દે કાનૂની પગલાં લેશે. તેણે કહ્યું હતું કે અતિશય નિમ્ન માનસિકતા ધરાવતા લોકોએ આ કૃત્ય કર્યું છે અને પોતે તેમાંથી કોઈને પણ છોડવાનો નથી.બીજી તરફ ચિરંજીવીએ આ વીડિયોને વખોડી કાઢી પોતે આ મુદ્દો તેલુગુ ફિલ્મ સંગઠનો સમક્ષ ઉઠાવશે તેમ કહ્યું હતું. વિજય દેવરકોંડા તથા ખુશ્બુ સુંદર સહિતના કલાકારોએ પણ આ કૃત્ય સામે વાંધો ઉઠાવ્યો હતો.જાહ્નવીના ચાહકો આ વીડિયોથી ભારે નારાજ થયા હતા અને તેમણે દોષિતને શોધી કાનૂની પગલાં ભરવા માગણી કરી હતી.

## પાકિસ્તાની હીરોઈનવાળી ફિલ્મ ચમકાવી, સની દેઓલનો આભાર ન માન્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)

**મુંબઈ, તા.૫ :** સિંગર મીકા સિંહે બોલિવૂડ ફિલ્મોના પ્રમોશનને લઈને પંજાબી સુપરસ્ટાર દિલજીત દોસાંજ પર સવાલ ઉઠાવ્યા છે. મીકાએ દાવો કર્યો છે કે દિલજીતે પોતાની ફિલ્મ ‘બોર્ડર ૨’નું યોગ્ય પ્રમોશન કર્યું નથી. મીકાના જણાવ્યા મુજબ, દિલજીતે તે ફિલ્મ વિશે પોસ્ટ કરી હતી જેમાં પાકિસ્તાની અભિનેત્રી હાનિયા આમિર હતી, પરંતુ દેશની સૌથી મોટી ફિલ્મોમાં ગણાતી ‘બોર્ડર ૨’ માટે તેમણે પૂરતું સમર્થન કે પ્રમોશન ન કર્યું. જોકે, વાસ્તવમાં દિલજીતે ડિસેમ્બર ૨૦૨૫માં આ ફિલ્મથી પોતાનું ફર્સ્ટ લુક અને શૂટિંગના બિહાઈન્ડ ધ સીન વીડિયો શેર કર્યા હતા.એક ઈન્ટરવ્યૂમાં મીકા સિંહે સ્પષ્ટ કર્યું કે, ‘મને દિલજીતથી કોઈ પ્રકારની ઈર્ષ્યા નથી, પરંતુ હું તેની સફળતાથી ગર્વ અનુભવું છું. દલેર મહેંદી પછી પાઘડી પહેરીને સિંગર તરીકે ઓળખ બનાવનાર દિલજીત ઉત્તમ કામ કરી રહ્યા છે. તેમ છતાં, જ્યારે તમે બોલિવૂડમાં કામ કરો છો, ત્યારે તેનું પ્રમોશન કેમ નથી કરતા? ‘બોર્ડર ૨’ ભારતની સૌથી મોટી ફિલ્મોમાંની એક છે અને તેના વિશે સોશિયલ મીડિયા પર વાત ન કરવી તે યોગ્ય નથી.મીકા સિંહે દિલજીતની ફિલ્મ ‘સરદાર જી ૩’નો પણ ઉલ્લેખ કર્યો, જેમાં પાકિસ્તાની અભિનેત્રી હાનિયા આમિર પણ છે. ગત વર્ષે પહલગામ આતંકી હુમલા બાદ ભારતમાં આ ફિલ્મની રિલીઝ અને પાકિસ્તાની કલાકારોની હાજરીને લઈને મોટો વિવાદ થયો હતો. આ અગાઉ પણ મીકાએ પાકિસ્તાની કલાકારો સાથે કામ કરવાને લઈને સવાલો ઉઠાવ્યા હતા. બીજી તરફ, પોતાની ૨૦૧૯ની કરાચી યાત્રા અને તેના પર થયેલા વિવાદ વિશે વાત કરતા મીકાએ કહ્યું કે, ‘હું કોઈ ચોરી-છૂપીથી વિઝા વગર પાકિસ્તાન નહોતો ગયો, પરંતુ તે સમયે બંને દેશોના સંબંધો સારા હતા અને હું કાનૂની રીતે ત્યાં ગયો હતો.’

## ‘ઉડતા તીર’ સાથે ફરી પોતાના વિશિષ્ટ ઝોનમાં પાછો ફર્યો આયુષ્માન ખુરાના

(સંપૂર્ણ સમાચાર સેવા)

**મુંબઈ, તા.૫ :** આયુષ્માન ખુરાનાની ફિલ્મોની ખાસિયત રહી છે કે એક વાક્યમાં સાંભળીએ તો વિચિત્ર લાગતો કન્સેપ્ટ પણ પડદા પર આવીને સરળ, રમુજી અને લાગણીસભર બની જાય છે. ‘ઉડતા તીર’ પણ આવી જ એક ફિલ્મ હોવાનું લાગી રહ્યું છે. ફિલ્મમાં આયુષ્માન એક પાકિસ્તાની જાસૂસની ભૂમિકા ભજવે છે, જે પોતાની યાદશક્તિ ગુમાવી દે છે અને ત્યાર બાદ પોતાની ઓળખ, વફાદારી અને આસપાસની પરિસ્થિતિને સમજવામાં ફસાઈ જાય છે. આ કથાને ગંભીર જાસૂસી કે જિયોપોલિટિકલ ડ્રામા બનાવવાને બદલે ફિલ્મમાં કોમેડી, એક્શન અને એબ્સર્ડ પરિસ્થિતિઓનો ઉપયોગ કરવામાં આવ્યો છે. આ પ્રકારનો કન્સેપ્ટ આયુષ્માનની અગાઉની ફિલ્મોની યાદ અપાવે છે.‘વિકી ડોનર’, ‘શુભ મંગલ સાવધાન’, ‘બધાઈ હો’, ‘બાલા’ અને ‘ડ્રીમ ગર્લ’ જેવી ફિલ્મોમાં પણ અસામાન્ય વિષયોને સામાન્ય દર્શકો સાથે જોડવામાં આવ્યા હતા. તેના પાત્રો સામાન્ય રીતે સુપરહીરો નહીં, પરંતુ પોતાની અસુરક્ષા અને મુશ્કેલીઓ સાથે સંઘર્ષ કરતા સામાન્ય માણસ હોય છે. તેમની આ નબળાઈ જ દર્શકોને પાત્ર સાથે જોડે છે. ફિક્કી ફ્રેમ્સ ૨૦૨૬માં આયુષ્માને પણ કન્ટેન્ટ આધારિત સિનેમા અને દર્શકો સાથે સીધું જોડાણ કરતી ફિલ્મોની જરૂરિયાત અંગે વાત કરી હતી. એ સંદર્ભમાં ‘ઉડતા તીર’ને તેના અગાઉના કન્ટેન્ટ-ડ્રિવન સિનેમા તરફના વળાંક તરીકે જોવામાં આવી રહી છે. જાસૂસ, ભૂલી ગયેલી ઓળખ, સરહદો, એક્શન અને કોમેડીના મિશ્રણ સાથે ‘ઉડતા તીર’ ફરી એકવાર એ જ ફોર્મ્યુલા અજમાવે છે.




## ૯૯ મા ઓસ્કરમાં ભારતની એન્ટ્રી ગોંધળ ફિલ્મના નવ ઓક્ટો.થી પ્રિવ્યુઝ

(સંપૂર્ણ સમાચાર સેવા)

**મુંબઈ, તા.૫ :** ૯૯ મા એકેડમી એવોર્ડસ એટલે કે ઓસ્કર એવોર્ડ ૨૦૨૭ માટે જે ફિલ્મની ભારતની સત્તાવાર એન્ટ્રી તરીકે પસંદગી કરવામાં આવી છે તે સંતોષ ડાવખર નિર્દેશિત સાયકોલોજિકલ થ્રીલર ફિલ્મ જોવાની દર્શકોને તક મળે તે માટે દેશના મોટાં શહેરોમાં તેના વિશેષ પ્રિવ્યુઝ યોજાશે.નવ ઓક્ટોબરથી મુંબઇ અને પૂણેમાં ચાર થિયેટર્સમાં ફિલ્મ ગોંધળના પ્રિવ્યુઝ યોજવાની શરૂઆત થશે.એ પછી મરાઠી અને હિન્દીમાં આ ફિલ્મનું સ્ક્રિનિંગ દિલ્હી, હૈદરાબાદ, બેન્ગાલુરૂ અને ચેન્નાઈમાં પણ કરવામાં આવશે.જેમાં દર્શકોને આ ફિલ્મ મોટા પડદે જોવાની તક મળશે. એ પછી છ ભાષામાં દુનિયાભરમાં ફિલ્મને રજૂ કરવામાં આવશે.ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ ઓફ ઈન્ડિયામાં ગોંધળના નિર્દેશકને બેસ્ટ ડાયરેક્ટર તરીકે રજત મયુર એવોર્ડ મળ્યો હતો. જ્યારે બેન્ગાલુરૂ ફિલ્મ ફેસ્ટિવલમાં ફિલ્મ સમીક્ષકોનો ફિપ્રેસી એવોર્ડ મળ્યો હતો.

**મુંબઈ, પૂણે, દિલ્હી, ચેન્નાઈ, હૈદરાબાદ અને બેન્ગાલુરૂમાં યોજાનારા પ્રિવ્યુઝમાં ફિલ્મને માણી શકાશે**

## ક્રાંતિગુરુ શ્યામજી કૃષ્ણ વર્માના જીવનની રોમાંચની અનુભૂતિ



આસરે ૧૬૯ વર્ષ પહેલા કચ્છનું માંડવી બંદર વહાણવટા અને વેપારથી ધમધમતું હતું. કચ્છથી કરાચી આફ્રિકા, ઓમાન, મસ્તક ઈત્યાદી પ્રાંતો સાથે વહાણ વ્યવહાર થતો. એ ધમધમતા માંડવી શહેરમાં ૧૮૫૭ના શ્રીમાન કૃષણદાસ ભાનુશાલી અને ગોમતીબાઈ ને ત્યાં શ્યામજીનો જન્મ થયો.

પિતા કૃષણદાસ મુંબઈમાં સખત મહેનત કરતા હતા. અચાનક એમની પત્ની ગોમતીબાઈનું અવસાન થયુ, ત્યારે શ્યામજી ની ઉંમર અગિયાર વર્ષની હતી. ભણવામાં અત્યંત તેજસ્વી શ્યામજી ને ભુજ દાદી પાસે રહેવા જવું પડ્યું.

તેજસ્વી શ્યામજીની પ્રતિભા જોઈ એક સદગૃસ્થ એમને મુંબઈ લઈ આવ્યા, અને વિલ્સન હાઈસ્કૂલમાં એડમિશન અપાવ્યુ. મુંબઈમાં રહીને એમણે સંસ્કૃતમાં અભ્યાસ કર્યો. ભાટીયા જ્ઞાતિના એમના એક શ્રીમંત મિત્રની બહેન ભાનુમતિ સાથે એમના લગ્ન લેવાયા. તેજસ્વી શ્યામજીની મુલાકાત સ્વામી દયાનંદ સરસ્વતી સાથે થઈ અને શ્યામજીએ સ્વામીને ગુરૂપદે સ્થાપ્યા. અને આ કચ્છી ભાનુશાલી સપૂત વૈદિક દર્શન અને ધર્મ પર વ્યાખ્યાન આપી દેશ ભરમાં પ્રખ્યાત થઈ ગયા. દેશના અનેક વિસ્તારોમાં એમણે વૈદિક દર્શનના વ્યાખ્યાનો આપ્યા. એમના સંસ્કૃત પરના જ્ઞાનથી ઓક્સફર્ડ યુનિવર્સિટીના સંસ્કૃતના પ્રોફેસર મોનીયેર વિલિયમ્સે એમને પોતાના સહાયક બનવા આમંત્રણ આપ્યું. પરિણામે શ્યામજીને ઈંગલેંડ જવાનું થયું અને ઓક્સફર્ડની બિલ્લીઓલ કોલેજમાં એડમિશન મળી ગયુ. ત્યાં બી.એ.ની ડિગ્રી મેળવી. ત્યાં રોયલ એશિયાટિક સોસાયટીમાં ભારતમાં લેખનનો ઉદય એ વિષય પર પ્રવચન આપ્યુ અને લોકપ્રિય થઈ ગયા. પરિણામે રોયલ સોસાયટીમાં સદસ્યતા મળી.

શ્યામજી કૃષ્ણવર્મા ભારતીય ક્રાંતિકારી, વકીલ અને પત્રકાર હતા. દેશ માટે સંપૂર્ણ જીવન સમર્પિત કરી દીધું હતું. ભારતની સ્વતંત્રતા ઝંખતા આ કચ્છી ભાનુશાલી સપૂતની અંદર કચ્છી ખુમારી વહેતી હતી પરિણામે સ્વતંત્રતા માટે અસંખ્ય ક્રાંતિકારીઓને તૈયાર કર્યા.

શ્યામજી ઈંગ્લેન્ડમાં બી.એ.ની ડીગ્રી મેળવી જ્યારે ભારત આવ્યા ત્યારે એમની તેજસ્વિતાથી પ્રભાવિત થઈ રતલામ ના રાજાએ એમને દિવાન પદ આપ્યું. નાદુરસ્ત તબિયતને કારણે આ પદ છોડી મુંબઈ આવ્યા ત્યાંથી અજમેર જઈ વસ્યા અને વકીલાત ચાલુ કરી. ઉદયપુરના રાજાને ત્યાં દિવાન પદે રહ્યા અને પછીથી જુનાગઢ રાજ્યમાં દિવાન પદે રહ્યા. આ માંડવીના કચ્છી સપૂત દિવાન પદે રહી પ્રજાહિતના કાર્યો કર્યા. પણ એક બ્રિટિશ અધિકારી સાથે વિવાદમાં આવ્યા બાદ બ્રિટિશ રાજ્ય પરથી એમનો વિશ્વાસ ભંગ થયો.

શ્યામજી કૃષ્ણ વર્માના પોતાના ગુરૂ દયાનંદ સરસ્વતીના સાહિત્ય વાંચ્યા પ્રેરાઈને ભારતની સ્વાતાંત્ર્યતા માટે ઈંગ્લેન્ડ ચાલ્યા ગયા. શ્યામજી કૃષ્ણ વર્મા માનવા લાગ્યા કે અંગ્રેજોને સહયોગ બંધ કરીએ તો જલદીથી અંગ્રેજી શાસનનો અંત આવે. પરિણામે લંડનમાં ઈન્ડિયા હાઉસની સ્થાપના કરી જેમાં મેડમ કામા, વીર સાવરકર, મદનલાલ ઢીંગરા, ભગતસિંહ, વિરેન્દ્ર નાથ ચટોપાધ્યાય જેવા અસંખ્ય ક્રાંતિકારીઓને તૈયાર કર્યા. લોકમાન્ય ટિળક અને ગોપાલ કૃષ્ણ ગોખલે જેવા ભારતના એમના મિત્રો એ એમની યોજનાઓને અમલમાં મુકી સ્વતંત્રતાની ચળવળ ચલાવી. શ્યામજીની ક્રાંતિકારીઓ માટેની પ્રવૃતિઓ અને રાષ્ટ્રવાદી લેખોની જાણ બ્રિટિશ ગવર્મેન્ટ થતાં જ વિવિધ રીતે એમને પરેશાન કરવામાં આવ્યા. બ્રિટિશ પ્રેસ અને જાસૂસી વિભાગ એમના પગલે પગલાં દબાવી એમની પ્રવૃત્તિ ઉપર ચાંપતી નજર રાખી. એટલે શ્યામજીએ પેરિસમાં પ્રવૃત્તિઓ શરૂ કરી. ગુપ્ત વેશે પેરીસ પહોંચી ગયા. ફ્રાન્સની સરકાર ને એમણે પોતાની વાત સમજાવવામાં સફળતા મળી, પરિણામે બ્રિટિશ સરકાર એમનો કબજો ન મેળવી શકી. પછી શ્યામજી જીનીવા ચાલ્યા ગયા. જીનીવામાં પણ ઈન્ડિયન સોશિયોલોજિસ્ટનું પ્રકાશન ચાલુ કરી સ્વતંત્રતાની ક્રાંતિકારી ચળવળ ચાલુ રાખી. ૧૯૩૦માં ૭૩ વર્ષની વયોવૃદ્ધ વયમાં એમનું જીનીવામાં અવસાન થયું. અવસાન પહેલાં એમણે એક વીલ બનાવી રાખ્યું હતું. એ વિલમાં લખી રાખ્યું હતું કે, એમના અને એમના પત્નીના અસ્થિકુંભ જ્યારે ભારત સ્વતંત્રતા મેળવે પછી ભારત મોકલી દેવામાં આવે. સ્વતંત્રતા બાદ ૩૦ વર્ષ પછી પણ એ અસ્થિકુંભ જીનીવાથી ( સ્વીઝર લેન્ડ) ભારત લાવવા ભારતની સરકારોએ રસ ન બતાવ્યો.

પણ કચ્છી ભાનુશાળી સમાજના તેજસ્વી નેતા શ્રી મંગલ ભાનુશાળીએ અસ્થિકુંભ ભારતમાં લાવવા પ્રયત્નો શરૂ કર્યા, સરકાર સાથે પત્ર વ્યવહાર કર્યો અને વીસ વર્ષના લાંબા સંઘર્ષ પછી સ્વતંત્રતાના ૫૫ વર્ષના અંતે પાર્લામેન્ટમાં પિટિશન બાદ મંગલભાઈ ભાનુશાલીની માંગણીથી સ્વીઝર લેન્ડની સરકારે અસ્થિકુંભ આપવા સહમતી બતાવી. શ્યામજી કૃષ્ણ વર્માના કોઈ વારસદાર ન હોવાથી મંગલ ભાનુશાળીને ભારત સરકારે દત્તક વારસદાર ઘોષિત કરી શ્યામજી તથા એમના પત્ની ભાનુમતિના અસ્થિકુંભ મેળવવા માટેના અંતરાયો દૂર કર્યા.

તે સમયના ગુજરાતના મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ આખી પ્રક્રિયામાં ખૂબ સક્રિયતા દાખવી અને ઈસવીસન ૨૦૦૩માં મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી અને મંગલ ભાનુશાળી છેક જીનીવા જઈ, સન્માનપૂર્વક અસ્થિકુંભો મેળવી ભારત લાવ્યા. શ્રી નરેન્દ્ર મોદીએ ભારતીય ક્રાંતિકારી સપૂતને શોભે એવી વિરાંજલી યાત્રા મુંબઈ એરપોર્ટ થી શરૂ કરી, ગુજરાતના દરેક જિલ્લામાં આ વિરાંજલી યાત્રા ફેરવી માંડવી લઈ આવ્યા.

શ્રી નરેન્દ્ર મોદી કચ્છના આ ક્રાંતિવીર ને શોભે એવો ૨૫૦ એકરમાં ફેલાયેલો, ૨૦૦ કરોડના ખર્ચે (જીએમડીસીના અર્થ સહયોગથી) ક્રાંતિતીર્થ તૈયાર કરાવડાવી, તે સમયના ડેપ્યુટી -ઇમ મિનિસ્ટર શ્રી અડવાણીના હસ્તે રાષ્ટ્રને સમર્પિત કર્યો. શ્યામજી કૃષ્ણવર્મા હયાત હતાં ત્યારે માંડવીમાં પોતાની પત્નીના નામે ભાનુમતિ વર્મા મેટરનીટી હોસ્પિટલ શરૂ કરી હતી. ફ્રાન્સ અને સ્વીઝરલેન્ડની અમુક યુનિવર્સિટીઓમાં દયાનંદ સરસ્વતી શિષ્યવૃત્તિ, છત્રપતિ શિવાજી મહારાજ શિષ્યવૃત્તિ, મહારાણા પ્રતાપ શિષ્યવૃત્તિ ઈત્યાદી સ્કોલરશીપ તેજસ્વી વિધ્યાર્થીઓ માટે ચાલુ કરવા મબલખ દાન આપ્યુ હતું. વર્ષો સુધી આ શિષ્ય વૃતિ ચાલુ રાખી શકાય તેવી વ્યવસ્થા કરી. આવા વિરલ કચ્છી સપૂતને શ્રધ્ધાંજલી આપતી વખતે કચ્છી આગેવાન શ્રી કોમલ છેડાનું અદભુત વ્યાખ્યાન સાંભળી અભિભૂત થવાનો લહાવો આ લખનારને મળ્યો છે. ભાનુશાળી સમાજના કલાકાર દર્શન હેમાણી માને છે કે કુળદેવી હિંગળાજ માતા, કુળગુરૂ ઓધવરામજી મહારાજ, ક્રાંતિગુરૂ શ્યામજી કૃષ્ણ વર્મા દરેક ભાનુશાળીના હ્રદયમાં વસે છે. દરેક શુભ પ્રસંગે એમને યાદ કરવામાં આવે છે. કચ્છમાં જતાં કચ્છીયો કે પ્રવાસીયોએ માંડવી ખાતેના (મસ્કા ગામની બાજુમાં) ક્રાંતિતીર્થની મુલાકાત અવશ્ય લેવી જોઈએ. કારણકે ભારતભરમાં ક્રાંતિકારીઓ નું એક માત્ર મ્યુઝિયમ ક્રાંતિતીર્થ છે. કચ્છ યુનિવર્સિટીને શ્યામજી કૃષ્ણ વર્મા નામ આપીને સરકારે તેમને સાચી શ્રધ્ધાંજલિ આપી છે. આવા પરમ પરાક્રમી સપૂતને માનાંજલી આપી વિરમુ છું.

**- દિનેશભાઈ ભાનુશાલી, વલસાડ**

# ‘દ્રશ્યમ’

## ત્રણ ફિલ્મો પછી પણ એક પ્રશ્ન જેમનો તેમ






‘દ્રશ્યમ’ની ત્રણ ફિલ્મો જોઈ લીધા પછી પણ મનમાં એક પ્રશ્ન એવો જ ઊભો રહે છે. કોઈ ઘટનાની તપાસમાં કોઈ પરિવારને કેટલી હદ સુધી દબાવી શકાય? પહેલી ફિલ્મથી જોઈએ તો પોલીસ અધિકારી માતા અને બિઝનેસમેન પિતાનો અવળે પાટે ચડેલો એકનો એક તોફાની દીકરો સેમ વિજય સાળગાંવકર નામના સામાન્ય કેબલ ઓપરેટરની દત્તક પુત્રી અંજુ તરફ નિયત બગાડે છે અને તેને બ્લેકમેલ કરતો તે એના ઘર સુધી ઘૂસી જાય છે. અંજુની મા વચ્ચે પડીને સમજાવે છે તો સેમ એની તરફ ય નજર બગાડે છે. એવો વંઠેલો છોકરો મા-દીકરી સાથેની ફોનની ઝપાઝપીમાં અકસ્માતે મરણ પામે છે. વિજય પોતાના ઘરમાં બનેલી ઘટના અને પરિવારને બચાવવા બનતું બધું કરી છૂટે છે. અને પછી શરુ થાય છે પોલીસની પૂછપરછ, ધમકી અને મારઝૂડ. જેનો સામનો કરતો સામાન્ય પરિવાર સામેના સંપન્ન પરિવારના બધા પેંતરાઓ સામો અડીખમ ઊભો રહે છે. ૨૦૧૫માં આવેલી આ પહેલી દ્રશ્યમના અંતે વિજય પુત્રનાં માતાપિતાને સાંકેતિક રીતે પ્રામાણિકતાથી હકીકત જણાવી દે છે.

પણ પોલીસ અધિકારી રહેલી માતાના હૈયામાં તો સર્જાય છે પછી બદલાની ભાવના. તેના અહંકાર સામે અભણ ગણાતો માણસ તેને માત આપે એ તો કેમ સહન થાય. અને ૨૦૨૨માં આવે છે દ્રશ્યમ-૨. જેમાં નવા રોમાંચ તરીકે જોડાય છે અક્ષય ખન્ના. પોલીસ અધિકારી તરીકે તે વિજયના ઘરમાં ધોળે દહાડે જ્યારે માત્ર મા-દીકરીઓ હાજર હોય ત્યારે નાટ્યાત્મક રીતે આવી ચડીને જે રીતે ભયનું વાતાવરણ ઊભું કરે છે, તે દ્રશ્ય ફિલ્મનાં મહિલા પાત્રોને જ નહિ પણ પ્રેક્ષકને ય ભારે માનસિક દબાણનો અનુભવ કરાવે છે. ત્યારે સવાલ પણ થાય છે. કાયદો સત્ય શોધે છે કે સત્તા અને વગ સામાન્ય પરિવારને પુત્રના હત્યારા તરીકે સ્થાપિત કરીને સતત ભયમાં રાખે છે! સત્ય તો વિજયે કહી જ દીધું હતું તો પછી પોતાના પરિવારને બચાવવાના ઉપાયનો એનો ગુનો પુરવાર કરવા તેઓ જે સત્ય શોધે છે તેમાંય અવળું નીકળ્યું. દ્રશ્યમ-સમાપન નામે ફિલ્મના ત્રીજા ભાગમાં વારંવાર મળી રહેલી નિષ્ફળતાને લઈને ભૂતપૂર્વ પોલીસ અધિકારી મહિલા માનસિક બીમારીનો શિકાર બની છે અને આપઘાત કરવા સુધી દોરાઈ છે. તેને બચાવવા ડગલે ને પગલે પૈસાનો રેલો વેરતો બહુ સમજુ પતિ બંધ કરાયેલો કેસ ફરી ખોલાવે છે. આ વખતે પોલીસ અધિકારી છે જયદીપ અહલાવત. વિજય કાયમ તેના પરિવારનું ધ્યાન દોરે છે કે કદાચ તેઓ જીવશે ત્યાં સુધી કેસ પીછો નહિ છોડે. પણ કેસ બંધ થયેલો હોવાથી તેમનું જીવન હવે ફરી સામાન્ય થઈ રહ્યું છે. અંજુના લગ્નની વાત ચાલે છે. સામે પક્ષના લોકો આવ્યા છે. એક દીકરીના નવા જીવનની શરૂઆત વિશે વાત થવાની છે. અને એ જ સમયે ધુરંધર સીબીઆઈ અધિકારી આવી પહોંચે છે. જોતજોતામાં વાતાવરણ ભારે વિચિત્ર થઈ જાય છે. આ ફિલ્મી દ્રશ્ય વિજય અને તેના પરિવાર તથા સમધીઓ માટે જ નહિ પણ પ્રેક્ષકોને ય ભારે તાણમાં આની દે છે. ખુલ્લેઆમ સિગારેટ ફૂંકતા અધિકારીનું અતિરેક વર્તન પારિવારિક ભાવના અને સામાજિક સંબંધોની રૂએ મોટો પ્રશ્ન પૂછે છે. તપાસના નામે કોઈ પરિવારના અંગત જીવન, સંબંધો અને દીકરીના ભવિષ્ય પર આટલી અસર ઊભી કરવી ક્યાં સુધી યોગ્ય છે?

હવે આ આખી ઘટના જ્યાંથી શરૂ થઈ હતી ત્યાં પાછા ફરીએ. સેમ એક પૈસાદાર અને પ્રભાવશાળી પરિવારનો છોકરો હતો. પરંતુ સંપત્તિ અને સત્તા હોવા છતાં તેના વર્તનમાં જવાબદારી નહોતી. અંજુને બ્લેકમેલ કરવી, તેનો વીડિયો બનાવવો, તેને બદનામ કરવાની ધમકી આપવી અને તેના ઘરની મર્યાદા સુધી પહોંચવું આ માત્ર કિશોરાવસ્થાની તોફાની હરકત કહીને ભૂલી શકાય નહીં. એક છોકરી માટે આવી સ્થિતિ ભયજનક હોય છે. અંજુ ભલે દત્તક દીકરી હોય, પરંતુ વિજય અને નંદિનીએ તેને પોતાના સંતાનની જેમ ઉછેરી છે. તેથી દીકરી પર આવતી આફત સામે પિતા ઊભો રહે અ... માનવીય રીતે સમજાય છે.

પરંતુ અહીં નૈતિક સંતુલન જરૂરી છે. સેમે ખોટું કર્યું એટલે તેનું મૃત્યુ યોગ્ય બની જતું નથી; અને સેમનું મૃત્યુ થયું એટલે તેનું અગાઉનું વર્તન નિર્દોષ બની જતું નથી. તેનું મૃત્યુ અકસ્માતજન્ય હતું, પૂર્વનિયોજિત હત્યા નહોતી. એટલે મૂળ પ્રશ્ન માત્ર ‘સેમને કોણે માર્યો?’ સુધી સીમિત રહી જાય તો વાર્તાનો એક મહત્વનો માનવીય ભાગ છૂટી જાય છે. સવાલ એ પણ છે. સેમ અંજુના જીવનમાં એ રીતે આવ્યો જ કેમ? તે તેને શા માટે હેરાન કરતો હતો?

સેમના માતા-પિતાનું સંતાન ગુમાવવાનું દુઃખ પણ સાચું છે. પરંતુ શું કોઈ વ્યક્તિના મૃત્યુ પછી તેના અગાઉના વર્તન વિશે પ્રશ્ન કરવાનું બંધ કરી દેવું જોઈએ? સંતાન પ્રત્યેનો પ્રેમ માત્ર તે મરી જાય પછી તેના માટે લડવામાં નથી; જીવતું હોય ત્યારે તેને ખોટા રસ્તે જતું અટકાવવામાં પણ છે. અહીં ‘દ્રશ્યમ’ એક રસપ્રદ સામાજિક તફાવત બતાવે છે. વિજય પોતાના પરિવાર સાથે સતત જોડાયેલો છે. દીકરી શું અનુભવે છે, તેની ચિંતા તેને છે. બીજી તરફ સેમના જીવન વિશે તેના માતા-પિતાને બહારની માહિતી અને ફોન દ્વારા ખબર પડતી હોવાનું દેખાય છે. કોઈને દોષિત ઠેરવવાનો હેતુ નથી, પરંતુ પ્રશ્ન જરૂર છે. સંતાનને સાથે રહીને પ્રેમ કરવો અને સંતાનને માત્ર કુટુંબનો એક ભાગ સમજવું, શું બંને એક જ વાત છે?

ત્યાર પછી સેમના મૃત્યુની તપાસ એક મોટા સત્તાકીય સંઘર્ષમાં ફેરવાય છે. પોલીસની નજર, પરિવાર પર દબાણ, પૈસા અને પ્રભાવનો ઉપયોગ, સતત તપાસ અને અંતે કબર સુધી પહોંચતી તપાસ આ બધું ફિલ્મના રોમાંચનો ભાગ બની શકે છે. પરંતુ વાસ્તવિક જીવનનો સવાલ અલગ છે. પોલીસનું કામ સત્ય શોધવાનું છે, તેમાં શંકા નથી. પરંતુ સત્ય શોધવાની પ્રક્રિયા પણ કાયદાની મર્યાદામાં જ હોવી જોઈએ. કોઈ પરિવારનું આખું જીવન ઉથલાવી નાખવું, તેની શાંતિ છીનવી લેવી અને તેના અંગત જીવનને પણ તપાસનો ભાગ બનાવી દેવું શું દરેક સંજોગોમાં યોગ્ય ગણાય?

સાથે વિજયને પણ સંપૂર્ણ નાયક બનાવી દેવાનો પ્રશ્ન નથી. તે જે કરે છે તેની પોતાની કાયદાકીય અને નૈતિક જટિલતા છે. પરંતુ તેની પ્રેરણા બદલો લેવાની નથી, પરિવારને બચાવવાની છે. માણસ જ્યારે પોતાના પરિવારને બચાવવા માટે ઊભો થાય છે ત્યારે તેની અંદરની ધીરજ, બુદ્ધિ અને સંકલ્પ તેને અસાધારણ રીતે મજબૂત બનાવી શકે છે. ‘દ્રશ્યમ’ની કથાની આ મોટી શક્તિ છે. પરંતુ કોઈની માનસિકતા સમજવી અને તેની દરેક ક્રિયાને નૈતિક રીતે યોગ્ય ઠેરવવી બંને જુદી બાબતો છે.આ આખી ઘટનાની સૌથી મોટી કિંમત અંજુ ચૂકવે છે. સેમની હરકતોનો ભોગ તે બને છે. પછી સેમના મૃત્યુની તપાસનો પડછાયો પણ તેના જીવન સુધી પહોંચે છે. ત્રીજા ભાગમાં તેના લગ્નની વાત આવે છે ત્યારે ફરી જૂની ઘટના તેની સામે ઊભી થાય છે. અહીં પ્રશ્ન વધુ કડવો બને છે. એક છોકરાની ભૂલ અને ત્યાર પછીની પ્રતિશોધની લડાઈની કિંમત એક છોકરીએ શા માટે ચૂકવવી? સેમ મરી ગયો, પરંતુ અંજુએ તો જીવન જીવવાનું છે. તેના ભય, અપમાન, સંબંધો અને ભવિષ્યનું શું? શું છોકરાની મા - પોલીસ અધિકારી છે અને પોતે ય એક મા છે તો શું તે દત્તક છોકરીમાં પોતાની છોકરીનું પ્રતિબિંબ નહિ જોઈ શકે? જ્યારે વિજયે અગાઉ જ માફી માગી હતી તો હવે ય માફ નહિ કરી શકે? ખાસ કરીને ત્યારે જ્યારે હકીકત પણ કહી દીધી અને પુત્રનાં અસ્થિ પણ પહોંચતાં કર્યાં! અરે! આવું તે થાતું હશે, આ તો ફિલ્મ છે અને, તો પછી જે બીજીમાં જ વાર્તા પૂરી થઈ ગયેલી લાગતી હતી એની ત્રીજી ફિલ્મ બને જ ક્યાંથી?

એટલે ‘દ્રશ્યમ’ ત્રણેય ફિલ્મોનું સાચું કન્ક્લૂઝન માત્ર એટલું નથી કે વિજય પોતાના પરિવારને બચાવવામાં સફળ થયો. કાયદાકીય રીતે કથા જ્યાં પૂરી થાય છે, ત્યાં માનવીય પ્રશ્નો પૂરો થતો નથી. એક બાજુ સંતાન ગુમાવેલા માતા-પિતાનું દુઃખ છે; બીજી બાજુ અંજુનું ભય અને ભવિષ્ય છે. એક બાજુ કાયદાની તપાસ છે; બીજી બાજુ એક સામાન્ય પરિવારનું જીવન છે. બંને બાજુનું સત્ય સ્વીકાર્યા વિના ન્યાયની વાત અધૂરી રહે છે. આથી ‘દ્રશ્યમ’ની સૌથી મોટી સફળતા તેનું રહસ્ય નથી. તેનું રહસ્ય તો ફિલ્મ સાથે પૂરું થઈ જાય છે. જે પ્રશ્ન ફિલ્મ પૂરી થયા પછી પણ આપણને છોડતો નથી, એ તેની સાચી શક્તિ છે. સેમને કોણે માર્યો? કરતાં પણ મોટો પ્રશ્ન છે, સેમ અંજુના જીવનમાં એ રીતે આવ્યો જ કેમ? ત્રણ ફિલ્મો પછી પણ આ પ્રશ્નો જેમના તેમ છે. કદાચ એ જ કારણ છે કે ‘દ્રશ્યમ’નો પડદો પડે છે, પરંતુ તેની અંદરની ફિલ્મ પ્રેક્ષકના મનમાં ચાલુ રહે છે.

એક ખાનદાન નફફટ નબીરો નિર્દોષ છોકરી પર બળજબરીનાં પોતાનાં અજૂગતાં કરતૂતોને કારણે અકસ્માતે મોતને ભેટ્યો અને છોકરાનાં ભણેલાંગણેલાં માબાપ કે જેમના તાબામાં તે નહોતો - એના કમોત મોત માટે પોતાના પરિવારની આબરૂ બચાવવા મથનાર સામાન્ય પરિવાર જ દોષિત કેમ? આટઆટલી મારઝૂડ, મા-દીકરી હોશ ગુમાવી બેસે ત્યાં લગીની બીક બેસાડીને ધમકાવવાની અને પૈસાને જોરે એ પરિવારની અંગત જીવનમાં ગુપ્ત રીતે દખલ દેવાનું કાવતરું, કબર સુદ્ધાં ખોદાવવા સુધીની કરતૂત - આ બધું સામાજિક અને ન્યાયની રીતે કેટલું ન્યાયિક યા તર્કસંગત? સૌથી મોટી વાત તો એ કે કોઈ લફંગા છોકરાની અડફટે આવેલી નિર્દોષ છોકરીએ પણ પેલા પોતાનાં નિંદનીય કારસ્તાનની સજા પામેલ છોકરાની પાછળ પોતાનો ય જીવનભોગ આપી દેવો? આ પ્રશ્ન માત્ર નવી વધુ એક દ્રશ્યમ ફિલ્મ - કલ્પનાની રીતે - બનાવવા પ્રેક્ષકને માથે રહે છે!

VAPI PAGE - 5

# વલસાડ તાલુકા વિશેષ

Tuesday 06, October 2026

આપનું અખબાર : આપનો અવાજ
DGT

● વલસાડ
● અતુલ
● ગુંદલાવ
● ડુંગરી

પ્રેસનોટ, જાહેરખબર, અવસાન નોંધ વગેરે આપવા માટે સંપર્ક કરો : જરફિરોઝ, બેચરરોડ, કેરીમાર્કેટની સામે, વલસાડ (૦૨૬૩૨) ૨૪૪૩૧૦

મુખ્ય કાર્યાલય સંપર્ક : મો. ૯૮૨૫૧ ૨૨૫૦૫ / ઈ-મેઈલ : edior.dgt@gmail.com - damangangatimes.com

## વલસાડના વોર્ડ નં. ૧ માં બિસ્માર રસ્તાઓ ક્યારે સુધરશે?



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૦૫ :** વલસાડ નગરપાલિકાના વોર્ડ નં.૧માં ગુજરાત અર્બન ડેવલપમેન્ટ કંપની (GUDC)દ્વારા હાથ ધરાયેલી ભૂગર્ભ ગટર અને પાણીની પાઈપલાઈનની કામગીરી બાદ રસ્તાઓની હાલત અત્યંત દયનીય બની ગઈ છે. આ મામલે સ્થાનિક રહીશોની હાલાકીને ધ્યાને રાખીને વોર્ડ નં. ૧ના નગરપાલિકા સભ્ય વર્ષાબેન અમિતભાઈ પાનવાલાએ રાજ્યના નાણામંત્રી કનુભાઈ દેસાઈ તેમજ વલસાડના ધારાસભ્ય ભરતભાઈ પટેલને લેખિતમાં રજૂઆત કરી રોડ રિસરફેસિંગ માટે વિશેષ ગ્રાન્ટ ફાળવવાની માંગ કરી છે.



રજૂઆતમાં જણાવ્યા મુજબ, વોર્ડ નં. ૧ ના મુખ્ય વિસ્તારો જેવા કે શહીદ ચોકથી સુધડ ફળિયા, ઘાંચીવાડ, માછીવાડ, શહીદ ચોકથી ઈંટના ભઠ્ઠા સુધીનો માર્ગ તેમજ ખડકી-ભાગડાના વિવિધ વિસ્તારોમાં તાજેતરમાં GUDC દ્વારા પાણી અને ડ્રેનેજ લાઈન નાંખવા માટે ખોદકામ કરવામાં આવ્યું હતું. આ કામગીરી પૂર્ણ થયા બાદ રસ્તાઓનું યોગ્ય સમારકામ ન થતાં સમગ્ર વિસ્તારમાં ખાડા અને ધૂળનું સામ્રાજ્ય ફેલાયું છે.

બિસ્માર માર્ગોના કારણે સ્થાનિક નાગરિકો અને વાહનચાલકોને રોજિંદી અવરજવરમાં ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે, સાથે જ અકસ્માત સર્જાવાનો સતત ભય રહે છે. આ લોકપ્રશ્નની ગંભીરતા સમજીને વહીવટી તંત્ર દ્વારા તાત્કાલિક ધોરણે સ્થળ સર્વે કરાવી, તમામ જરૂરી વહીવટી પ્રક્રિયાઓ પૂર્ણ કરી વહેલી તકે રોડ રિસરફેસિંગની કામગીરી હાથ ધરાય તેવી માંગણી નગરપાલિકા સભ્ય દ્વારા કરવામાં આવી છે.

## વલસાડમાં કચરામાંથી શાકભાજી વીણવા ગરીબ બાળકો મજબૂર



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૦૫ :** દિવસેને દિવસે આસમાને પહોંચતી મોંઘવારી સામાન્ય અને ગરીબ વર્ગની કમર તોડી રહી છે. બે ટંકનું ભોજન મેળવવા માટે શ્રમજીવી પરિવારો સખત મહેનત કરી રહ્યા છે, છતાં મોંઘવારી સામે પરિવારનું ભરણપોષણ કરવું અત્યંત કપરું બન્યું છે. ઝૂંપડપટ્ટી કે કાચા છાપરામાં રહેતા પરિવારોના બાળકો ક્યારેક રસ્તાઓ પર કે દુકાનો આગળ મદદ માગતા જોવા મળે છે, ત્યારે તાજેતરમાં વલસાડ ની શાકભાજી માર્કેટમાંથી સામે આવેલા દ્રશ્યોએ સંવેદનશીલ નાગરિકોના હૃદય હચમચાવી દીધા છે.

શાકભાજી માર્કેટમાં સ્વચ્છતા જળવાઈ રહે તે હેતુથી નગરપાલિકા દ્વારા કચરો એકત્ર કરવા માટે ટ્રેક્ટર-ટ્રોલી મૂકવામાં આવી છે. આ ટ્રોલીમાં વેપારીઓ દ્વારા ફેંકી દેવાયેલા સડેલા ટામેટાં, ભીંડા, ફળો અને અન્ય શાકભાજી નાખવામાં આવે છે. પરંતુ આ ગંદકીવાળી ટ્રોલીમાં કેટલાક અત્યંત ગરીબ પરિવારના માસૂમ બાળકો ચડીને પોતાના ઘર માટે ઉપયોગમાં લઈ શકાય તેવા શાકભાજી શોધતા નજરે પડ્યા હતા. મોંઘવારીના કારણે તાજા શાકભાજી ખરીદવાની ક્ષમતા ન હોવાથી આ બાળકો કચરામાં ફેંકાયેલી સડી-બગડી ગયેલી શાકભાજી વીણીને ઘરે લઈ જવા લાચાર બન્યા છે. એક તરફ વિકાસ અને સ્વચ્છતાના દાવા થઈ રહ્યા છે.

ત્યારે બીજી તરફ પેટનો ખાડો પૂરવા કચરામાંથી અન્ન શોધતા આ બાળકોના કરુણ દ્રશ્યો સમાજ અને તંત્ર બંને સામે ગંભીર સવાલો ઊભા કરે છે. આવા પરિવારો સુધી સરકારી કલ્યાણકારી યોજનાઓ અને પૂરતું રાશન સમયસર પહોંચે તે માટે તાકીદે નક્કર પગલાં લેવાય તેવી લોકમાંગ ઉઠી છે.

## વલસાડમાં નવરાત્રીને લઈ ખલૈયાઓમાં અનેરો થનગનાટ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા.૦૫ :** આદ્યશક્તિની આરાધનાના મહાપર્વ નવલી નવરાત્રીને હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે. ત્યારે સમગ્ર વલસાડ જિલ્લામાં ઉત્સવનો માહોલ જામ્યો છે. ગરબે ઘૂમવા માટે ઉત્સુક ખેલૈયાઓ પોતાના ગ્રુપ સાથે મન મૂકીને ઝૂમવા આતુર બન્યા છે. બજારોમાં ટ્રેડિશનલ ડ્રેસ, કેડિયા, ધોતી, ચણિયા-ચોળી તેમજ અવનવા ઓર્નામેન્ટ્સની ખરીદી અને ભાડે લેવા માટે ભારે ભીડ જોવા મળી રહી છે. ખેલૈયાઓ મોંઘાદાટ અને આકર્ષક પહેરવેશ સાથે મેદાનમાં ઉતરવા સજ્જ થઈ રહ્યા છે.

મોટા આયોજકો દ્વારા ભવ્ય ડેકોરેશન અને પાસનું વેચાણ વલસાડ શહેરમાં ગોકુળ ગ્રુપ, ધ રાઈઝિંગ ગ્રુપ, રંગતાળી અને અનાવિલ સમાજ જેવા મોટા ગરબા આયોજકો દ્વારા આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે. વિશાળ ડોમ, આકર્ષક થીમ આધારિત મંડપ અને અદ્યતન લાઈટિંગ-સાઉન્ડ સિસ્ટમ ઊભી કરવામાં આવી રહી છે. મોટા આયોજનોમાં પ્રવેશ માટે મોંઘાદાટ પાસનું ધૂમ વેચાણ શરૂ થઈ ચૂક્યું છે.

ખેલૈયાઓને મન મૂકીને ગરબે રમાડવા માટે આયોજકો દ્વારા નામાંકિત ગાયક કલાકારો અને જાણીતી ઓર્કેસ્ટ્રા ટીમોને આમંત્રિત કરવામાં આવી છે. આ ઉપરાંત, ખેલૈયાઓનો ઉત્સાહ વધારવા માટે બેસ્ટ ખેલૈયા, બેસ્ટ ડ્રેસિંગ સહિત વિવિધ કેટેગરીમાં દરરોજ આકર્ષક ઈનામોની વહેંચણી કરવામાં આવશે.

માત્ર મોટા કોમર્શિયલ ગરબા જ નહીં, પરંતુ વલસાડ શહેર અને આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં શેરી ગરબાનું આયોજન પણ જોરશોરથી ચાલી રહ્યું છે. સોસાયટીઓ અને મહોલ્લાઓમાં રંગબેરંગી રોશની, કલાત્મક તોરણો, ભવ્ય સ્ટેજ અને માતાજીના સુંદર માંડવા-મંદિર તૈયાર કરવામાં આવી રહ્યા છે. સમગ્ર પંથકમાં નવરાત્રીના વધામણાં માટેનો ઉત્સાહ ચરમસીમાએ પહોંચ્યો છે.

## વલસાડમાં અસ્મિતા વેઈટ લીફટીંગ સીટી ટુર્ના. યોજાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૦૫ :** યુવા બાબતો અને રમતગમત મંત્રાલય, ભારત સરકાર, સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ઈન્ડિયા, ઈન્ડિયન વેઈટલીફટીંગ ફેડરેશન, ગુજરાત સ્ટેટ વેઈટલીફટીંગ એસોસીએશનના સંયુક્ત ઉપક્રમે બહેનોને રમત-ગમતમાં પ્રોત્સાહિત કરવા માટે અસ્મિતા વેઈટલીફટીંગ સીટી ટુર્નામેન્ટ ૨૦૨૬ વલસાડ, શાહ એન એચ. કોમર્સ કોલેજ, વલસાડ માં યોજાઈ હતી. જેના ઉદ્ઘાટન પ્રસંગે સમારંભના પ્રમુખ તરીકે શાહ એન એચ. કોમર્સ કોલેજના આચાર્ય ડૉ. વિજય ચાંપાનેરી, ગુજરાત સ્ટેટ વેઈટલીફટીંગ એસોસીએશનના મંત્રી ડૉ. મયુર પટેલ, સહ મંત્રી અમિતસિંહ રાઠોર અને ખજાનચી ડૉ. રુસ્તમ સદરી, વલસાડ વેઈટલીફટીંગ એસોસીએશનના મંત્રી ડૉ. ભાવિન પટેલ, રણભૂમી ચેરિટેબલ ટ્રસ્ટના કેયુર પટેલ, ભરતભાઈ બલસારા ઉપસ્થિત રહ્યા હતાં અને ખેલાડીઓને આશીર્વાચાનનો આપ્યા હતાં. આચાર્ય ડૉ. વિજય ચાંપાનેરીએ રીબીન કાપી સ્પર્ધાની શરૂઆત કરી હતી, સ્પર્ધામાં યુથ, જુનિયર, સિનિયર વિભાગમાં સ્પર્ધક બહેનોએ ભાગ લીધો હતો. સમગ્ર સ્પર્ધાનું સંચાલન ડૉ. મુકેશ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું અને સ્પર્ધામાં ઓફીશીયલ્સ તરીકે ગુજરાત સ્ટેટ વેઈટલીફટીંગ એસોસીએશનની ટીમે ફરજ બજાવી હતી. સ્પર્ધાને અંતે આભારવિધિ વલસાડ વેઈટલીફટીંગ એસોસીએશનના મંત્રી ડૉ. ભાવિન પટેલ દ્વારા કરવામાં આવી હતી અને તમામ ખેલાડી બહેનોને ભાગ લેવા બદલ પ્રમાણપત્ર આપવામાં આવ્યા હતા તેમજ મહેમાનો દ્વારા વિજેતાઓને મેડલ અને પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતાં.

## હાલર તળાવ મુદ્દે કલેક્ટર સમક્ષ રજૂઆત

### ૯ મીટર માર્જિન અને ટીપી નકશાની વિસંગતતા અંગે સ્થળ તપાસની માંગ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૦૫ :** વલસાડ શહેરના મધ્યમાં આવેલા હયાત જળસ્ત્રોત સમાન હાલર તળાવની સુરક્ષા અને અસ્તિત્વને લઈને વિવાદ ઊભો થયો છે. વલસાડ નગરપાલિકાના કાયદા સમિતિના અધ્યક્ષ અને ભાજપના સભ્ય નિતેશ એમ. વશીએ આ મામલે કલેક્ટર તેમજ મુખ્ય અધિકારી સમક્ષ જાહેર હિતની અરજી દાખલ કરી તપાસની માંગણી કરી છે. અરજદાર દ્વારા રજૂઆત કરવામાં આવી છે કે જીડીસીઆર (GDCR)ના નિયમો મુજબ તળાવની આસપાસ ૯ મીટર માર્જિન રાખવું ફરજિયાત છે. તેમ છતાં, તળાવની હયાત સીમા અને માર્જિનની સ્થળ પર ખરાઈ કર્યા વિના જ આસપાસ બાંધકામની મંજૂરીઓ આપી દેવાઈ હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી છે.

આ ઉપરાંત હાલર વિસ્તારના ટીપી નકશામાં પણ ભારે વિસંગતતાઓ સામે આવી છે. નકશા મુજબ સર્વે નં.૪૧૮માં Neighborhood Centre દર્શાવાયું છે. સર્વે નં.૪૧૪માં સ્કૂલ ગ્રાઉન્ડ દર્શાવાયું છે. સર્વે નં. ૪૧૩માં ગાર્ડન દર્શાવેલું છે. આ તમામ નોંધો વર્તમાન સ્થળ સ્થિતિ સાથે સુસંગત છે કે નહીં તે બાબતે સત્તાવાર સ્થળ તપાસ કરવી અનિવાર્ય હોવાનું જણાવાયું છે. અરજીમાં હાઈકોર્ટ દ્વારા રાજ્યભરના જળાશયો અને તળાવો અંગે આપવામાં આવેલી સૂચનાઓનો ઉલ્લેખ કરીને માગ કરવામાં આવી છે કે, તંત્રના સત્તાવાર રેકોર્ડ તપાસી તમામ મંજૂરીઓ, નકશા અને વાસ્તવિક બાંધકામ વચ્ચે તુલના કરવામાં આવે અને તળાવની હયાત સીમા તેમજ ૯ મીટર માર્જિનનું ચુસ્તપણે રક્ષણ કરવામાં આવે. આ મામલે હવે તંત્ર દ્વારા સ્થળ તપાસ અને કાર્યવાહી બાદ જ સમગ્ર સ્થિતિ સ્પષ્ટ થશે.

## વલસાડ રંગ અવધૂત પરિવાર દ્વારા શ્રાધ પક્ષમાં વિવિધ કાર્યક્રમો સંપન્ન




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૦૫ :** વલસાડ શ્રી રંગ અવધૂત પરિવાર છેલ્લા ૪૯ વર્ષ થી અનેક ભક્તિ રૂપી મિશનના કાર્ય કરે છે. બાપજીની કૃપાથી આ વર્ષે શ્રાધ પક્ષમાં વિવિધ કાર્યક્રમ રાખવામાં આવ્યા હતાં. જેમાં શ્રવણ ભકિત, કીર્તન ભકિત, સ્મરણ ભકિતનો ત્રિવેણી સંગમ જોવા મળ્યો હતો. જેમાં વલસાડના રંગ ભક્તો એ યુવા કથા કાર જયદેવભાઈ પાઠક, પોરના સંજયભાઈ ઉપાધ્યાયના કંઠે ભક્તિનું રસપાન કરાવ્યું હતું. જેમાં ગુરુ મહારાજની અપ્રગટ લીલાઓ અને વિવિધ પ્રસંગો પર પ્રવચન અને કથાનું સુંદર આયોજન જોવા મળ્યું હતું. નારેશ્વરના પ્રધાન પૂજારી અને ભજનીક સુરેશભાઈ દેસાઈએ અવધૂતિ આનંદ ના ભજન ની રમઝટ બોલાવી ભક્તોને ભક્તિ માં તલ્લીન કરી દીધા હતાં. છેલ્લા દિવસે દિગમ્બરા દિગમ્બરાની ૧૨ કલાકની અખંડ ધૂનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વલસાડના રંગ ભક્તોએ શ્રવણ, કીર્તન, અને સમરણ ભક્તિના ત્રીવેણી ભક્તિમય સંગમમાં ડુબકી લગાવી ધન્યતા અનુભવી હતી. આ પ્રસંગે નારેશ્વરના ટ્રસ્ટી વાસંતીબેન દેસાઈ, યોગેશભાઈ વ્યાસ, અમદાવાદ ભરૂચ, ગાંધીનગર, વડોદરા પરિવારના ટ્રસ્ટી ખાસ ઉપસ્થિત રહી કાર્યક્રમને અનુરૂપ પોતાનું ઉદબોધન કરી કાર્યક્રમ ની સરાહના કરી હતી.

આ ધાર્મિક કાર્યક્રમને સફળ બનાવવા વલસાડ રંગ અવધૂત પરિવાર ના તમામ સભ્યો અને ભક્તોએ ભારે જહેમત ઉઠાવી હતી.

## વલસાડની સેન્ટ જોસેફ સ્કૂલમાં 'વેસ્ટમાંથી બેસ્ટ' સર્જનાત્મક પ્રદર્શન યોજાયું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૦૫ :** સેન્ટ ફ્રાન્સિસ ઓફ અસિસીની ૮૦૦મી જન્મજયંતિની ઉજવણીના ભાગરૂપે સેન્ટ જોસેફ ઈ.ટી. હાઈસ્કૂલ, વલસાડ ખાતે 'મેકિંગ યુઝફુલ થિંગ્સ ફ્રોમ વેસ્ટ મટીરિયલ્સ' (કચરામાંથી ઉપયોગી વસ્તુઓનું નિર્માણ) વિષય પર એક ભવ્ય પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું. ઈમર્સન ઈન લિવિંગ વોટર - રીઈમેજિનિંગ ફ્રેટર્નિટી વિથ ઓલ ક્રિએશન થીમ હેઠળ આયોજિત આ કાર્યક્રમ શાળાના આચાર્યા સિસ્ટર સંગીતા ડીસિલ્વાના માર્ગદર્શન હેઠળ સફળતાપૂર્વક સંપન્ન થયો હતો. આ પ્રદર્શનમાં વિદ્યાર્થીઓએ અદ્ભુત કલ્પનાશક્તિ અને સર્જનાત્મકતા દર્શાવી હતી. તેમણે રોજિંદા ઘરગથ્થુ કચરો, જૂના બોક્સ (કાર્ટન), પ્લાસ્ટિક અને અન્ય નકામી ચીજવસ્તુઓમાંથી આકર્ષક અને ઉપયોગી વસ્તુઓ બનાવીને રજૂ કરી હતી. આ કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે રૂથિનિયમ ડેન્ટલ પ્રોડક્ટ્સ પ્રા. લિ. (ગુંદલાવ, વલસાડ)ના ડિરેક્ટર અને કોર ઓપરેશનલ હેડ વિકી કોલ્લાબાથુલા ઉપસ્થિત રહ્યા હતાં. વિદ્યાર્થીઓની કૃતિઓનું મૂલ્યાંકન શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થી અને 'રિસાયકલ મેન ઓફ ઈન્ડિયા' તરીકે ખ્યાતનામ ડૉ. બિનિશ દેસાઈ તથા અમેરિકન સોસાયટી ઓફ સેફટી એન્જિનિયર્સના સક્રિય સભ્ય અને પૂર્વ હેલ્થ, સેફટી એન્ડ એન્વાયર્નમેન્ટ મેનેજર ડી. બી. પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

?આ -સંગે શાળા પરિસરમાં ભ્ર્વ/ઙ્ઝભ્ર પ્લાસ્ટિક બોટલ શ્રિડિંગ મશીનનું પણ ઉદ્ઘાટન અને સ્થાપન કરવામાં આવ્યું હતું. આ પહેલ અંતર્ગત વિદ્યાર્થીઓ ઘરેથી વપરાયેલી પ્લાસ્ટિક બોટલો લાવીને મશીન દ્વારા તેના નાના ટુકડા (ફ્લેક્સ) બનાવશે, જે રિસાયક્લિંગ એજન્સીને સોંપવામાં આવશે. વિદ્યાર્થીઓમાં પર્યાવરણીય જાગૃતિ, જવાબદારીની ભાવના અને રિસાયક્લિંગનું મહત્વ કેળવતી આ પહેલની ઉપસ્થિત વાલીઓ, વિદ્યાર્થીઓ અને મહાનુભાવો દ્વારા ભારે -શંસા કરવામાં આવી હતી.

## મોગરાવાડીમાં સફાઈ અને વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૦૫ :** સમગ્ર દેશ સહિત ગુજરાત રાજ્યમાં હાલ સ્વચ્છતા અભિયાન જોરસોરથી ચલાવવામાં આવી રહ્યું છે, ત્યારે વલસાડ શહેરમાં પણ સ્વચ્છતા ઝુંબેશને વધુ વેગવંતી બનાવવામાં આવી છે. વલસાડ નગરપાલિકા દ્વારા શહેરના વિવિધ વિસ્તારોમાં સઘન સાફ-સફાઈ કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. આ અભિયાન અંતર્ગત વલસાડ નગરપાલિકા વિસ્તારમાં આવેલી મોગરાવાડી ઝોન ઓફિસ કચેરી, બે આંગણવાડી કેન્દ્રો તેમજ પ્રાથમિક શાળા પરિસરમાં વિશેષ સફાઈ અભિયાન હાથ ધરાયું હતું. આ કાર્યક્રમમાં વલસાડ નગરપાલિકા ઉપપ્રમુખ આશુતોષ મિશ્રા, સ્થાનિક કાઉન્સિલર જીગ્નેશ પટેલ, નયનાબેન પટેલ સહિત મોટી સંખ્યામાં મહિલાઓ અને નગરપાલિકાનો સ્ટાફ ઉત્સાહભેર જોડાયો હતો.

અદાધિકારીઓ અને સ્થાનિક અગ્રણીઓએ જાતે શ્રમદાન કરી શાળા તેમજ આંગણવાડી પરિસર અને આસપાસના જાહેર માર્ગો પરથી કચરો એકત્ર કરી યોગ્ય નિકાલ કર્યો હતો. તો બીજી તરફ પર્યાવરણની જાળવણી અને હરિયાળીના સંકલ્પ સાથે વલસાડના મોગરાવાડી કોટેશ્વર નગર સ્થિત આંગણવાડીના પટાગણમાં વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં વલસાડ નગરપાલિકાના ઉપપ્રમુખ આશુતોષ મિશ્રા, કાઉન્સિલર જીગ્નેશભાઈ પટેલ, કાઉન્સિલર નયનાબેન પટેલ અને કાઉન્સિલર પ્રીતિબેન પાંડે ખાસ ઉપસ્થિત રહ્યા હતાં. કાર્યક્રમ દરમિયાન ઉપસ્થિત મહાનુભાવો અને આંગણવાડીની કાર્યકર બહેનો દ્વારા વિવિધ છોડ અને વૃક્ષોનું રોપણ કરવામાં આવ્યું હતું. નગર પાલિકાના પદાધિકારીઓએ વૃક્ષોના જતન અને પર્યાવરણ સંતુલન જાળવવા અંગે પોતાના વિચારો વ્યક્ત કર્યા હતા. આ પ્રસંગે આંગણવાડીના સ્ટાફની બહેનો તેમજ સ્થાનિક લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

## મુળીના ગાંધી મંદિરમાં ગાંધી જયંતી ઉજવાઈ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૦૫ :** ગાંધી જયંતી નિમિતે વલસાડ તાલુકાના મૂળી ગામે ઐતિહાસિક ગાંધી મંદિરમાં કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મહાનુભાવો દ્વારા સૂતરની આંટી પહેરાવી ગાંધી બાપુને શ્રધાંજલિ આપવામાં આવી. ગામની મહિલા ઓ દ્વારા ગાંધીજીના ભજનો ગવાયા હતાં. સ્વચ્છતા અંગે પ્રતિજ્ઞા લીધી હતી. આ પ્રસંગે જીલ્લા પંચાયત સભ્ય સ્નેહલભાઈ પટેલ, કિસાન મોરચા પ્રમુખ રૂપેશભાઈ પટેલ, તાલુકા પંચાયત સભ્ય તન્વીકબેન પટેલ, તાલુકા સભ્ય સંજયસિંહ ઠાકોર, યુવા મોરચા પ્રમુખ રિશિરાજ ઠાકોર અશોકભાઈ પટેલ સરપંચ કલવાડા ગામના સામાજિક કાર્યકર્તા મુકેશભાઈ પટેલ ઓ ભાજપ કાર્યકર્તા ઓ મોટી સંખ્યા માં હાજર રહ્યા હતાં.

## ફલધરામાં ગણવેશ અને શૈક્ષણિક કીટનું વિતરણ કરાયું




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૦૫ :** વલસાડ તાલુકાના ફલધરા ગામે પારિજાત સેવા એજ્યુકેશન ટ્રસ્ટ દ્વારા ગણવેશ અને શૈક્ષણિક સામગ્રીના વિતરણનો કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમના અધ્યક્ષ સ્થાને મુખ્ય પ્રાથમિક શાળા, ફલધરાના આચાર્ય ડૉ. ધર્મેશભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતાં. તેમણે શિક્ષણ ક્ષેત્ર સાથે સંકળાયેલી સેવાકીય કામગીરી બદલ ટ્રસ્ટના ચેરમેન ડૉ. કિંજલબેન કેતનભાઈ પટેલને શુભેચ્છા પાઠવી હતી અને આગામી સમયમાં પણ આ પ્રકારની સેવાકીય પ્રવૃત્તિઓ વધુ વ્યાપક રીતે હાથ ધરવા માટે પ્રેરણા આપી હતી. ફલધરાના પૂર્વ સરપંચ નૈલેશભાઈ પટેલના આર્થિક સહયોગ અને માર્ગદર્શનથી વાણિયા ફળિયા પ્રાથમિક શાળા અને ભીલમ ફળિયા પ્રાથમિક શાળાના બાળકોને ગણવેશ, બ્લેક બોર્ડ તથા અન્ય શૈક્ષણિક સામગ્રીનું વિતરણ કરવામાં આવ્યું હતું. તેમજ ત્યારબાદ બાળકોને ફળાહાર આપવામાં આવ્યો હતો.

ત્યારબાદ શાળાની બાજુમાં આવેલી આંગણવાડીની મુલાકાત લઈ, કલર બોક્સ અને ફળાહારનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગામના સરપંચ ઈલેશભાઈ પટેલ, ટ્રસ્ટી મુકુંદભાઈ, શાળાના આચાર્ય નિલેશભાઈ, ગીતાબેન, કેતનભાઈ તેમજ ગ્રામજનો હાજર રહ્યા હતાં.

આ સેવાકીય પ્રવૃત્તિઓને વધુ વ્યાપક બનાવવા માટે ટ્રસ્ટના સમાજના તમામ વર્ગોને સહયોગ આપવા તેમજ ટ્રસ્ટની સેવાકીય પ્રવૃત્તિઓમાં આર્થિક સહાય કરવા માટે અપીલ કરવામાં આવે છે.

**દમણગંગા ટાઈમ્સ**

પ્રેસનોટ, જાહેરખબર, અવસાન નોંધ વગેરે આપવા માટે સંપર્ક કરો : જરફિરોઝ, બેચરરોડ, કેરીમાર્કેટની સામે, વલસાડ

સંપર્ક : કમલેશ હરિયાવાલા - 9327706434

## રોલામાં ત્રિ-દિવસીય નવરાત્રી મહોત્સવ યોજાશે

### આગામી તા. ૮ થી ૧૦ ઓક્ટો. કિર્તીદાન ગઢવી અને ઐશ્વર્યા મજમુદાર ખેલૈયાઓને ગરબે રમાડશે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૦૫ :** વલસાડ તાલુકાના રોલા ગામે ચાલતા રોલા ગ્રામ વિકાસ ટ્રસ્ટના સેવાકીય લાભાર્થે આગામી તારીખ ૮, ૯ અને ૧૦ ઓક્ટોબરના રોજ રોલા ગામ સ્થિત પરમ હોસ્પિટાલિટીના વિશાળ પરિસરમાં ભવ્ય પ્રી-નવરાત્રી મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. નવરાત્રી પૂર્વે યોજાનારા આ ભવ્ય મહોત્સવને પગલે રોલા સહિત સમગ્ર વલસાડ જિલ્લાના ખેલૈયાઓમાં ભારે ઉત્સાહ અને રોમાંચ જોવા મળી રહ્યો છે. આ ત્રિ-દિવસીય મહોત્સવમાં ગુજરાતના સુપ્રસિદ્ધ કલાકારો ખેલૈયાઓને પોતાના તાલે ઝુમાવશે, ૮ ઓક્ટોબરના રાત્રે ગુજરાતના જાણીતા લોકગાયક કિર્તીદાન ગઢવી બીજા દિવસે ૯ ઓક્ટોબરના રાત્રે લોકપ્રિય મ્યુઝિકલ ગ્રૂપ બામ્બુ બીટ્સ તથા ત્રીજા દિવસે ૧૦ ઓક્ટોબરના રાત્રે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે ખ્યાતનામ ગાયિકા ઐશ્વર્યા મજમુદાર ખેલૈયાઓને ગરબે ગુમાવશે. આયોજન અંગે માહિતી આપતાં રોલા ગ્રામ વિકાસ ટ્રસ્ટના પ્રમુખ ચિંતનભાઈ પટેલે જણાવ્યું હતું કે, ગત વર્ષે આ પ્રી-નવરાત્રીનું સફળ આયોજન સુરતમાં કરવામાં આવ્યું હતું. આ વર્ષે આ કલાકારોનું આયોજન સેલવાસ માં થવાનું હતું, પરંતુ વલસાડના લોકો માટે પણ આવો ભવ્ય કાર્યક્રમ થાય તેવા વિચાર સાથે ટ્રસ્ટના ટ્રસ્ટીઓ અને હોદ્દેદારો સાથે વિચાર-વિમર્શ કરી વલસાડના રોલા ગામે આ ત્રિ-દિવસીય મહોત્સવ રાખવાનો નિર્ણય લેવાયો હતો. પરમ હોસ્પિટાલિટીના વિશાળ મેદાનમાં ૫,૦૦૦થી વધુ ખેલૈયાઓ ગરબે રમી શકે તેમજ ૫,૦૦૦થી વધુ દર્શકો દેશી ગરબા અને સંગીતનો આનંદ માણી શકે તેવી ઉત્કૃષ્ટ બેઠક વ્યવસ્થા ઊભી કરવામાં આવી છે. આ ઉપરાંત મુલાકાતીઓ માટે હજારો વાહનો સમાઈ શકે તેવું વિશાળ પાર્કિંગ પણ ઉપલબ્ધ કરાયું છે. ત્રણ દિવસના ગરબા મહોત્સવ માટે પાસની કિંમત ૧,૧૦૦ રાખવામાં આવી હતી. ખેલૈયાઓના અભૂતપૂર્વ ઉત્સાહ વચ્ચે અત્યાર સુધીમાં તમામ ૫,૦૦૦ પાસનું વિતરણ પૂર્ણ થઈ ચૂક્યું છે. કાર્યક્રમ સ્થળે ભીડ નિયંત્રણ અને બેઠક વ્યવસ્થા સુચારુ રહે તેમજ કોઈ અગવડ ન પડે તે હેતુથી ટ્રસ્ટ દ્વારા હવે વધુ પાસનું વિતરણ તાત્કાલિક અસરથી બંધ કરવામાં આવ્યું છે. ઉલ્લેખનીય છે કે, રોલા ગ્રામ વિકાસ ટ્રસ્ટ દ્વારા જરૂરિયાતમંદોને અનાજ કીટ વિતરણ, વિદ્યાર્થીઓને શૈક્ષણિક કીટ, વડીલો અને બાળકો માટે ધાર્મિક પ્રવાસ સહિતની અનેકવિધ પ્રવૃત્તિઓ ચલાવવામાં આવે છે.

દમણગંગા ટાઇમ્સ

EDITORIAL: DAMANGANGA TIMES

Tuesday 06, October 2026


## ઔદ્યોગિક ઉત્પાદનના દરમાં અસમાન વધારો

વિશ્વના દેશો પર સીધી કે આડકતરી રીતે ઈરાન અને અમેરિકાના સંઘર્ષની અસર સતત ઘેરી બનતી રહી છે. વૈશ્વિક માંગના સંદર્ભમાં ઔદ્યોગિક ઉત્પાદનની સામે ઊભા થયેલા પડકારો દુનિયાનાં અર્થતંત્રો પર દબાણ સર્જી રહ્યાં છે. આવામાં ભારતના ઔદ્યોગિક ઉત્પાદનનો દર (આઈઆઈપી) સારો એવો ઉંચકાયો છે. પ્રતિકુળ પરિસ્થિતિઓમાં આ દરમાં વધારો ખરા અર્થમાં મોટી ઉપલબ્ધી ગણી શકાય તેમ છે, પણ બારીકાઈથી જોતાં આ વધારો તમામ ક્ષેત્રોમાં સમાન ધોરણે રહ્યો નથી. ઉલ્લેખનીય છે કે, આ વર્ષે ઓગસ્ટ મહિનામાં આઈઆઈપીમાં આઠ ટકાનો ઉત્સાહજનક વધારો નોંધાયો હતો. બાંધકામ ક્ષેત્રમાં સારા દેખાવ તથા વીજળી અને ગેસના પુરવઠામાં નોંધપાત્ર વૃદ્ધિના આધારે આઈઆઈપીમાં વધારો થયો છે. જુલાઈ મહિનામાં આઈઆઈપીમાં આ વધારો ૭.૪ ટકા રહ્યો હતો. નેન્શલ સ્ટેસ્ટિકલ ઓફિસ દ્વારા અપાયેલા આકડાકીય પૃથ્થકરણ મુજબ બાંધકામ ક્ષેત્રમાં નવ ટકાનો, વીજળી અને ગેસના પુરવઠામાં ૧૨.૩ ટકાનો મજબૂત વધારો થયો છે. આઈઆઈપી નક્કી કરવાના નવા માપદંડ સાથેની શ્રેણીના આ પાંચમી વખતના આંકડા છે. ગયા વર્ષે ઓગસ્ટ મહિનામાં આઈઆઈપીમાં માત્ર ૪.૭ ટકા વધારો જ થયો હતો. આ ઊજળા આંકડા વચ્ચે વાસ્તવિક્તા એ છે કે, આઈઆઈપીમાં યોગદાન આપતાં અન્ય ક્ષેત્રોનો દેખાવ ચિંતાજનક રહ્યો છે. ખનન ક્ષેત્રમાં ૫.૬ ટકાનો ઘટાડો નોંધાયો છે. ગયા વર્ષે આ સમયગાળા દરમ્યાન ખનન ક્ષેત્રનો વધારો અધધધ ૧૫.૮ ટકા નોંધાયો હતો. આમ ઔદ્યોગિક વિકાસદરના આંકડા સમાન ધોરણે રહ્યા નથી. અકે તરફ આઈઆઈપીમાં ઉત્સાહજનક વધારો થયો છે, પણ તેની સરખામણીએ ખનન ક્ષેત્રમાં ચિંતાજનક સ્થિતિ રહી છે, જે ઉત્પાદન માટે ચાવીરૂપ ખનન ક્ષેત્ર નબળું પડી રહ્યંક્ક હોય, તો નજીકના દિવસોમાં તેની નકારાત્મક અસર આઈઆઈપી પર પડી શકે છે. સરવાળે વિકાસ અસંતુલિત થઈ જાય એવી આશંકાને પણ નકારી શકાય નહીં. ઉત્પાદન ક્ષેત્ર માટે ચાવીરૂપ ઈંધણના ભાવ સતત વધી રહ્યા છે, જેની અસર કિંમતો પર પડી રહી છે. ભાવો વધી રહ્યા છે તેને પગલે બજારમાં માંગ ઘટી રહી છે. ગ્રામીણ વિસ્તારોની બજારોમાં ભારે સુસ્તી છે. આવામાં આર્થિક વિકાસના આંકડા પણ જોખમાય એવી સ્થિતિ છે, પણ આઈઆઈપીમાં બાંધકામના આંકડામાં વધારો જળવાઈ રહે, તો તેની હકારાત્મક અસર સર્વાંગી આર્થિક વિકાસ પર અનુભવાઈ શકે છે. બાંધકામ ક્ષેત્ર મજબૂત હોય, તો રોજગારીની તકો પણ વધી શકે છે. આમ થાય તો સમાન્ય વર્ગની ખર્ચશક્તિ મજબૂત થઈ શકે છે. આમ અર્થતંત્રના એકમેક પર આધારિત ચક્રમાં બાંધકામ ક્ષેત્રની મજબૂતી સર્વાંગી ચિત્રને ઊજળું બનાવી શકે છે, પણ સરકારે અને સંબંધિત ક્ષેત્રોએ એકલદોકલ ક્ષેત્રના દેખાવ પર આધારિત બનવાને બદલે તમામ ક્ષેત્રોને ચેતનવંતા બનાવવા પર હવે ધ્યાન કેન્દ્રિત કરવાની જરૂરત છે. આમ થાય તો કોઈ પણ પડકારભર્યા સમયમાં વિકાસના અન્ય વિકલ્પ હાથવગા રહી શકે.

## જ્ઞાનેશ કુમાર રાજીનામું ન આપે ત્યાં સુધી ચૂંટણી લડવી જ નકામી :સીજેપી

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૫ : કોકરોચ જનતા પાર્ટી (સીજેપી)ના સ્થાપક અભિજિત દીપકે સોમવારે આગામી ચૂંટણીઓ પર શંકા વ્યક્ત કરતા નિવેદન આપ્યું છે કે જ્યાં સુધી મુખ્ય ચૂંટણી કમિશનર (સીઈસી) જ્ઞાનેશ કુમાર પદ પર છે, ત્યાં સુધી ચૂંટણીમાં ભાગ લેવો અર્થહીન છે કારણ કે ચૂંટણીના પરિણામો હવે પહેલેથી જ નક્કી થઈ ગયા હોય છે.

પત્રકારો સાથે વાતચીત કરતા દીપકે આક્ષેપ કર્યો છે કે, ભાજપ એવા રાજ્યોમાં પણ જીતી રહી છે જ્યાં મોદી લહેરની ચરમસીમા દરમિયાન પણ તે જીતી શકી ન હતી. મને લાગે છે કે જ્યાં સુધી જ્ઞાનેશ કુમાર રાજીનામું નહીં આપે અને મુક્ત તથા ન્યાયી ચૂંટણી સુનિશ્ચિત નહીં કરે, ત્યાં સુધી આવી ચૂંટણીઓમાં ભાગ લેવાનો કોઈ અર્થ નથી, કારણ કે વિજેતા અગાઉથી જ નક્કી હોય છે. જ્ઞાનેશ કુમારના ગયા પછી અને SIR ફ્રીઝ થયા પછી જ ખબર પડશે કે ભાજપ વાસ્તવમાં કેટલી બેઠકો જીતે છે.

મીડિયા રિપોર્ટ્સ મુજબ, અભિજિત દીપકેએ આ ટિપ્પણીઓ પુણેની મુલાકાત દરમિયાન કરી હતી, જ્યાં તે મહારાષ્ટ્ર સરકાર વિરુદ્ધ મહારાષ્ટ્ર પબ્લિક સર્વિસ કમિશન (એમપીએસસી) પરીક્ષાની અનિયમિતતાઓને લઈને વિરોધ કરી રહેલા વિદ્યાર્થીઓને સમર્થન આપવા પહોંચ્યો હતો.

અગાઉ શનિવારે મુંબઈના શિવાજી પાર્ક ખાતે સીઈસી જ્ઞાનેશ કુમાર સામેના વિરોધ પ્રદર્શન મામલે પોતાની સામે કેસ નોંધાયાના અહેવાલો વચ્ચે સીજેપીના સ્થાપકે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર પોસ્ટ કરીને જણાવ્યું હતું કે, વધુ કેસો દાખલ કરો, પરંતુ અમે આપણી લોકશાહી બચાવવા માટે લડત ચાલુ રાખીશું. અગાઉ શુક્રવારે સિદ્ધિ દેઓલેકર નામના રહેવાસી અને વકીલે શિવાજી પાર્ક પોલીસ સ્ટેશનમાં દીપક, આશુતોષ રાંકા, સૌરવ દાસ અને રત્ના સિંહ વિરુદ્ધ પરવાનગી ન હોવા છતાં વિરોધ પ્રદર્શન આગળ વધારવા અંગે ફરિયાદ નોંધાવી હતી.

### કોંગ્રેસનું મોદી સરકારને અલ્ટીમેટમ

## CECનું રાજીનામું, SIR રદ કરો અને બેલેટ પેપર લાવો :

**મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારને લઈને કોંગ્રેસ સહિત વિપક્ષ આક્રોશમાં છે : કોંગ્રેસ અધ્યક્ષે CECના રાજીનામાની માંગ સાથે ૩ મુખ્ય માંગણી રજૂ કરી**

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૫ : મુખ્ય ચૂંટણી કમિશનર(CEC) જ્ઞાનેશ કુમારને લઈને કોંગ્રેસ સહિતના વિપક્ષો ભારે આક્રોશમાં છે. વિપક્ષો સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન(SIR)ના મતદારોના નામ કાપવા મામલે તેમજ ચૂંટણી પંચની નિષ્પક્ષતાના સવાલો ઉઠાવીને જ્ઞાનેશ કુમારનું સતત રાજીનામું માંગી રહ્યા છે. કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ પણ CEC પર આકરા પ્રહારો કરીને ૩ માંગ કરી છે.ખડગેએ સોમવારે ચૂંટણી પ્રક્રિયા અને વ્યવસ્થાને લઈને પક્ષ તરફથી ૩ મુખ્ય માગણીઓ રજૂ કરી સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું કે, આ એવી માગણીઓ છે જેના પર કોઈપણ પ્રકારનું સમાધાન શક્ય નથી. આ માગણીઓમાં મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારનું રાજીનામું, સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન(SIR) રદ કરવું અને બેલેટ પેપરથી ચૂંટણી યોજવાનો સમાવેશ થાય છે.તેમણે ઉમેર્યું કે, આ મુદ્દાઓને લઈને દેશભરમાં કોંગ્રેસના કાર્યકરો અને ઈન્ડિયા ગઠબંધનના સહયોગી પક્ષો રસ્તા પર ઉતરીને વિરોધ પ્રદર્શન કરી રહ્યા છે. આ સાથે દેશના જુદા-જુદા ભાગોમાં જે નાગરિક સંગઠનો અને યુવા સંગઠનો આ મામલે અવાજ ઉઠાવી રહ્યા છે, પક્ષ તેમની સાથે મજબૂતીથી ઊભો છે.

દેશની રાજધાની દિલ્હીમાં મહિલા પત્રકારો સાથે બનેલી કથિત ઘટના અંગે પણ ચિંતા વ્યક્ત કરવામાં આવી હતી. તેમણે જણાવ્યું કે, ભાજપે દિલ્હીમાં મહિલા પત્રકારોને હેરાન કરી છે, જે બાબત અત્યંત નિંદનીય છે. સરમુખત્યાર ખૂબ ગભરાઈ ગયા છે અને લોકોનું ધ્યાન ભટકાવવા માટેના ષડયંત્રો ચાલી રહ્યા છે.૩ ઑક્ટોબરના રોજ રાજધાનીમાં 'ઑલ ઈન્ડિયા સ્ટુડન્ટ્સ એસોસિએશન' અને અન્ય જૂથો દ્વારા મુખ્ય ચૂંટણી કમિશનર સામે SIR પ્રક્રિયાને લઈને ભારે દેખાવો થયા હતા, જેને લઈને ખડગેએ આ નિવેદન આપ્યું છે. જંતર-મંતર પાસે થયેલા આ પ્રદર્શન દરમિયાન, વિદ્યાર્થી સંગઠનની અધ્યક્ષા નેહા બોરા તેમજ વરિષ્ઠ વકીલો કપિલ સિબ્બલ અને પ્રશાંત ભૂષણ સહિત અનેક પ્રદર્શનકારીઓએ પોલીસ બેરિકેડ્સ તોડવાનો પ્રયાસ કર્યો હતો. ડેપ્યુટી કમિશનર ઑફ પોલીસ નેહા યાદવના જણાવ્યા અનુસાર, વિસ્તારમાં ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા (BNSS)ની કલમ ૧૬૩ હેઠળ પ્રતિબંધાત્મક હુકમો લાગુ હોવાથી પ્રદર્શનકારીઓને સ્થળ ખાલી કરવાની ચેતવણી આપવામાં આવી હતી. આદેશનું પાલન ન થતાં તેમની અટકાયત કરવામાં આવી હતી. દરમિયાન, અટકાયત કરાયા બાદ પોતાની જાતને પત્રકાર ગણાવતી ૩ મહિલાઓએ ફરિયાદ નોંધાવી હતી કે સ્થળ પર કાયદો-વ્યવસ્થા જાળવણી દરમિયાન પોલીસકર્મીઓએ તેમની સાથે ગેરવર્તણૂક અને જાતીય સતામણી કરી હતી.

## સરકાર સોના-ચાંદીની આયાત પરની GST છૂટ ખતમ કરવા વિચારી રહી છે




(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૫ : સોના અને ચાંદીના આયાત પર મળતી ટેક્સ છૂટને લઈને એક મોટો અપડેટ સામે આવ્યો છે, જેમાં સરકાર ટૂંક સમયમાં જીએસટી (GST) છૂટ ખતમ કરવા પર વિચાર કરી શકે છે.

વિદેશોમાંથી સોનું, ચાંદી અને પ્લેટિનમ આયાત કરતી નામાંકિત એજન્સીઓ અને બૅંક્રોને મળતી જીએસટી છૂટ ટૂંક સમયમાં સમાપ્ત થઈ શકે છે. સમાચાર એજન્સી પીટીઆઈના અહેવાલ મુજબ, ૭ ઓક્ટોબરે મળનારી જીએસટી કાઉન્સિલની બેઠકમાં આ ઈન્ટિગ્રેટેડ જીએસટી (IGST) છૂટને નાબૂદ કરવાના પ્રસ્તાવ પર ગંભીર ચર્ચા થઈ શકે છે.

હાલની વ્યવસ્થા મુજબ, સોના-ચાંદી અને પ્લેટિનમની આયાત પર ૩ ટકા આઈજીએસટી (IGST) લાગે છે. પરંતુ, જ્યારે બૅંક્રો અને સરકાર દ્વારા અધિકૃત ખાસ એજન્સીઓ આ કિંમતી ધાતુઓની આયાત કરે છે, ત્યારે તેમને આ ટેક્સમાંથી મુક્તિ મળે છે. વર્ષ ૨૦૧૭માં વ્યાપારને સરળ બનાવવાના હેતુથી આ ટેક્સમાં છૂટ આપવામાં આવી હતી.

સરકાર માટે કિંમતી ધાતુઓની આયાત હંમેશાં ચિંતાનો વિષય રહી છે, કારણ કે તેનાથી દેશનું વિદેશી હૂંડિયામણ બહાર જાય છે અને હૂંડિયામણ ભંડાર પર દબાણ વધે છે.

ચીન પછી ભારત સોનાનો ઉપયોગ કરનાર વિશ્વનો બીજા નંબરનો સૌથી મોટો દેશ છે. આયાત ઘટાડવા માટે સરકારે અગાઉ પણ ડ્યુટી વધારી હતી. આ છૂટ ખતમ થવાથી બુલિયન એજન્સીઓ અને અન્ય વેપારીઓ ટેક્સના મામલે સમાન સ્તરે આવી જશે.

## UP રાજ્યસભા ચૂંટણી: ભાજપે ૮ ઉમેદવારોના નામ કર્યા જાહેર

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૫ : ઉત્તર પ્રદેશમાં યોજાનાર રાજ્યસભાની ચૂંટણી માટે ભારતીય જનતા પાર્ટીએ પોતાના ઉમેદવારો જાહેર કર્યા છે. પાર્ટીની કેન્દ્રીય ચૂંટણી સમિતિએ ઉત્તર પ્રદેશથી રાજ્યસભાની ૮ સીટો માટે ઉમેદવારોના નામ પર અંતિમ મહોર લગાવી છે. પાર્ટી તરફથી આપવામાં આવેલી જાણકારી અનુસાર આ યાદી ભાજપના રાષ્ટ્રીય મુખ્યાલય પ્રભાવી અને રાજ્યસભા સાંસદ તરૂણ ચુગે જારી કરી છે.

ભાજપે આ વખતે ઘણા નવા ચહેરાને તક આપી છે. તો વર્તમાન રાજ્યસભા સાંસદ અને કેન્દ્રીય મંત્રી હરદીપ સિંહ પુરીનું નામ આ યાદીમાં નથી. ઉત્તર પ્રદેશની ૧૦ રાજ્યોસભા સીટો માટે ૧૬ ઓક્ટોબરે ચૂંટણી થવાની છે.

પાર્ટીએ જાહેર કરેલા ઉમેદવારોમાં ધર્મપાલ સિંહ, રાધાકાંત ઓઝા, પ્રકાશ પાલ, વિદ્યાસાગર સોનકર, ગોપી કૃષ્ણ પાંડે, પ્રિયંકા સિંહ રાવત, રામ પ્રતાપ સિંહ ચૌહાણ, શ્રુતિ ગંગવારનો સમાવેશ થાય છે.

ઉત્તર પ્રદેશમાં આગામી વર્ષની શરૂઆતમાં વિધાનસભા ચૂંટણી યોજાવાની છે, તેવામાં ઉમેદવારોની પસંદગીને ૨૦૨૭ની રાજકીય તૈયારી તરીકે જોવામાં આવી રહી છે.

ભાજપના આ લિસ્ટમાં ઓબીસી પ્રતિનિધિત્વને ખાસ સ્થાન મળ્યું છે. ૨૦૨૭ પહેલા ઉત્તર પ્રદેશમાં સામાજિક સમીકરણ રાજકીય દળોની રણનીતિનો મહત્વનો હિસ્સો છે અને ભાજપની ઉમેદવારી પસંદગીમાં તેની અસર જોવા મળી રહી છે. આ સાથે બે બ્રાહ્મણોને રાજ્યસભાની ટિકિટ આપવામાં આવી છે.

આગામી મહિને રાજ્યસભામાં ઉત્તરપ્રદેશના ઘણા સાંસદોનો કાર્યકાળ પૂર્ણ થઈ રહ્યો છે. જેમાં કેન્દ્રીય પેટ્રોલિયમ મંત્રી હરદીપ સિંહ પુરી પણ સામેલ છે. હરદીપ સિંહ પુરી રાજ્યસભામાં ઉત્તર પ્રદેશનું પ્રતિનિધિત્વ કરે છે. તેવામાં પાર્ટીએ જાહેર કરેલી યાદીમાં તેમને ટિકિટ આપવામાં આવી નથી. હવે સવાલ થઈ રહ્યો છે કે શું હરદીપ સિંહ પુરીની કેન્દ્રીય કેબિનેટમાંથી વિદાય થશે?

રાજ્યસભા ચૂંટણી માટે ઉમેદવારી નોંધાવવાની છેલ્લી તારીખ ૬ ઓક્ટોબર છે. ભાજપના તમામ ઉમેદવાર આ દિવસે લખનૌ સ્થિત વિધાન ભવન પહોંચી ઉમેદવારી નોંધાવશે. આ દરમિયાન પાર્ટીનું શક્તિ પ્રદર્શન પણ જોવા મળી શકે છે. ઉમેદવારી દરમિયાન મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ, પ્રદેશ ભાજપ અધ્યક્ષ પંકજ ચૌધરી, નાયબ મુખ્યમંત્રી કેશવ પ્રસાદ મૌર્ય અને બ્રજેશ પાઠક સહિત અન્ય લોકો હાજર રહી શકે છે.

## અલગ અલગ કેટેગરીના મજૂરોની ન્યૂનતન સેલેરીમાં વધારો થયો

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૫ : લાખો કર્મચારીઓ માટે મોટા સારા સમાચાર છે, તહેવાર પહેલા કેન્દ્ર સરકારે એગ્રીકલ્ચર, કન્સ્ટ્રક્શન એન્ડ મેન્ટેનન્સ, અને રોડ્સ એન્ડ બિલ્ડિંગ સાથે જોડાયેલા કામ સાથે જોડાયેલા મજૂરોની ભથ્થામાં વધારો કર્યો છે. આ વધારો ૧ ઓક્ટોબર ૨૦૨૬થી લાગુ થઈ ગયો છે. મોંઘવારી પ્રમાણે ભથ્થામાં વધારો અલગ અલગ કેટેગરીના મજૂરોને ન્યૂનતમ મજૂરી પણ વધારી છે, મજૂરીમાં આ વધારો વર્કરના સ્કિલ અને કામના સેક્ટર એટલે કે એરિયા પર આધાર રાખીને કરવામાં આવ્યો છે. જે અલગ અલગ હોઈ શકે છે. ... સેક્ટરમાં એરિયા છના અનસ્કિલ્ડ વર્કર્સને હવે ઓછામાં ઓછા ૫૩૭ રૂપિયા દરરોજના મળશે, જેમાં ૩૩૩ રૂપિયા મુળ પગાર અને ૨૦૪ રૂપિયા મોંઘવારી ભથ્થાનો સમાવેશે કરવામાં આવ્યો છે. આ સેક્ટરમાં મોટી સ્કિલ્ડ વર્કરની મિનિમમ મજૂરી ૭૦૫ રૂપિયા દરરોજની નક્કી કરવામાં આવી છે. એરિયા મ્માં એનસ્કિલ્ડ વર્કરને ઓછામાં ઓછા ૪૯૧ રૂપિયા અને એરિયા ઝમાં દરરોજના ૪૮૬ રૂપિયા મળશે.કન્સ્ટ્રક્શન અને મેન્ટેનન્સ કામ સાથે જોડાયેલા કામદારો માટે મોંઘવારી ભથ્થું પણ વધારવામાં આવ્યું છે. આમાં રસ્તાઓ, રનવે, ઈમારતો, વીજળી અને સંદેશાવ્યવહાર, ભૂગર્ભ કેબલ, પાણીની પાઈપલાઈન અને ગટર લાઈન સંબંધિત કામનો સમાવેશ થાય છે. વર્ગ છમાં, અકુશળ બાંધકામ કામદારો માટે લઘુત્તમ વેતન હવે ૮૪૦ રૂપિયા પ્રતિ દિવસ હશે. ઉચ્ચ કુશળ કામદારોને ઓછામાં ઓછા ૧,૧૧૧ રૂપિયા પ્રતિ દિવસ મળશે.વર્ગ Bમાં, બાંધકામ ક્ષેત્રમાં અકુશળ કામદારો માટે લઘુત્તમ વેતન ૭૦૪ રૂપિયા અને ઉચ્ચ કુશળ કામદારો માટે ૧,૦૨૪ રૂપિયા પ્રતિ દિવસ મળશે.

## જ્ઞાનેશ કુમારને સસ્પેન્ડ કરવાનો સુપ્રીમનો ઈનકાર

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૫ : મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર વિરુદ્ધ દાખલ અરજીઓ પર સુપ્રીમ કોર્ટમાં સુનાવણી થઈ. આ મામલામાં દલીલો બાદ સુપ્રીમ કોર્ટે CEC જ્ઞાનેશ કુમારને હટાવવાની માગ નકારી દીધી. સુપ્રીમ કોર્ટે સુનાવણી દરમિયાન કહ્યું કે તેને આશા છે કે બંધારણીય સંસ્થા કાયદા પ્રમાણે કામ કરશે.



ચીફ જસ્ટિસ સૂર્યકાંત, જસ્ટિસ બાગચી અને જસ્ટિસ વી.મોહનાની પીઠે મામલામાં ચૂંટણી પંચને નોટિસ ફટકારી જવાબ માગ્યો છે. અરજીમાં આરોપ લગાવવામાં આવ્યો કે SIR, ફોર્મ-૬મા ફેરફાર અને ચૂંટણી પંચના ઘણા અન્ય નિર્ણય કાયદામાં નક્કી પ્રક્રિયાનું ઉલ્લંઘન કરવા તેવામાં આવ્યા. અરજીમાં કહેવામાં આવ્યું કે ચૂંટણી પંચ સાથ જોડાયેલા કાયદા પ્રમાણે નિર્ણય સર્વસંમત્તિથી કે બહુમતથી લેવા જોઈએ.આ અરજી સામાજિક કાર્યકર્તા રાકેશ કુમાર સિંહ અને વકીલ શૈલેન્દ્ર મણિ ત્રિપાઠીએ દાખલ કરી છે. રાકેશ કુમાર તરફથી વરિષ્ઠ વકીલ વિકાસ સિંહ રજૂ થયા. તેમણે જનપ્રતિનિધિત્વ કાયદાના મૂળ સ્વરૂપ અને તેમાં કરવામાં આવેલા ફેરફારો સાથે કલમ ૧૦(૨) અને ૧૦(૩) નો હવાલો આપ્યો.

વિકાસ સિંહે દલીલ કરી કે નવા કાયદાએ મુખ્ય ચૂંટણી કમિશનરને ખુબ શક્તિશાળી બનાવી દીધા છે. તેમણે કહ્યું કે CECને નિવૃત્તિ બાદ પણ તપામાંથી સંરક્ષણ આપવામાં આવ્યું છે. સિંહે કહ્યું- પ્રધાનમંત્રી સુધીને આવી ઈમ્યુનિટી નથી. ત્યાં સુધી કે જજોને પણ આવું સંરક્ષણ મળ્યું નથી.તેના પર જસ્ટિસ બાગચીએ કહ્યુ કે પદ પર રહેતા સંરક્ષણ પહેલાથી કાયદામાં હતું. સિંહે જવાબ આપ્યો કે હવે કાયદા નિવૃત્તિ બાદ પણ સુરક્ષા આપે છે. CJIએ કહ્યું કે સંબંધિત કાયદાને પડકારનાર કેસ પહેલાથી પેન્ડિંગ છે. વિકાસ સિંહે કહ્યુ કે તેઓ આ મામલામાં કાયદાને પડકારી રહ્યાં નથી, પરંતુ તે જોવા ઈચ્છે છે કે ચૂંટણી પંચમાં શું થઈ રહ્યું છે.અરજી પર સુનાવણી કરતા ચીફ જસ્ટિસ સૂર્યકાંતની પીઠે સ્પષ્ટ સંકેત આપ્યો કે જો ચૂંટણી પંચનો જવાબ જોયા બાદ સાબિત થાય છે કે નિયમ અને સર્વસંમત્તિને નજરઅંદાજ કરી નિર્ણય લેવામાં આવ્યો તો, કોર્ટ તે નિર્ણયને પલટવામાં સંકોચ કરશે નહીં.સુનાવણી દરમિયાન સુપ્રીમ કોર્ટે કહ્યું-નોટિસનો જવાબ આવવા દો. જો ચૂંટણી પંચ અને રેકોર્ડથી તે સામે આવે છે કે અમુક નિર્ણય ત્રણ સભ્ય પંચની સર્વસંમત્તિ/બહુમત વગર એક તરફી લેવામાં આવ્યા છે, તો અમે તે બધા નિર્ણયને રદ્દ કરી નાખીશું. સીનિયર વકીલ વિકાસ સિંહે સુનાવણી પૂરી થવા સુધી CECની શક્તિઓ સસ્પેન્ડ કરવા કે તેમની શક્તિઓ પરત લેવાની માગ કરી. સીનિયર વકીલ મેનકા ગુરૂસ્વામીએ તેની સાથે જોડાયેલી અરજીમાં ફોર્મ ૬મા કરવામાં આવેલા ફેરફારો પર સવાલ ઉઠાવ્યા અને SIRમાં મોટી ખામીઓનો આરોપ લગાવ્યો. કોર્ટે આ મામલાને એક સાથે જોડી લીધો હતો. સીનિયર એડવોકેટ મેનકા ગુરૂસ્વામીનું કહેવું છે કે આ પડકાર એક રાષ્ટ્રીય સંસ્થા તરીકે ચૂંટણી પંચના કામકાજ સાથે જોડાયેલો છે. તો CECના આચરણ પર સવાલ ઉઠાવનારી પોતાની દલીલો પર અડગ છે.

તેમણે કોર્ટને કહ્યું- અમે આ દેશમાં નિષ્પક્ષ અને સ્વતંત્ર ચૂંટણીના માહોલમાં મોટા થયા છીએ. આજે તેવી સ્થિતિ નથી. તેના પર ચીફ જસ્ટિસે કહ્યું- અમે પણ અમારૂ હોમવર્ક કરીએ છીએ. અમે પણ આ મામલા વિશે જાણીએ છીએ.

## તબીબી ક્ષેત્રે ૨૦૨૬ના નોબેલ પુરસ્કારની જાહેરાત

(જી.એન.એસ) તા. ૫
સ્ટોકહોમ (સ્વીડન), ૨૦૨૬ નો ફિઝિયોલોજી અથવા મેડિસિનમાં નોબેલ પુરસ્કાર કાર્લ ડીસેરોથ, પીટર હેગેમેન અને જ્યોર્જ નાગેલને પ્રકાશ-ગેટેડ આયન ચેનલો અને ઓપ્ટોજેનેટિક્સ સંબંધિત તેમની શોધ માટે એનાયત કરવામાં આવ્યો છે. સોમવારે કેરોલિન્સ્કા ઈન્સ્ટિટ્યૂટ ખાતે નોબેલ એસેમ્બલી દ્વારા આ જાહેરાત કરવામાં આવી હતી.

તેમના કાર્યથી કોષો, ખાસ કરીને ચેતા કોષોનો અભ્યાસ કરવાની એક શક્તિશાળી રીત સ્થાપિત કરવામાં મદદ મળી, જે પ્રકાશનો ઉપયોગ કરીને તેમની પ્રવૃત્તિને નિયંત્રિત કરે છે. ઓપ્ટોજેનેટિક્સ તરીકે ઓળખાતા આ અભિગમે સંશોધકોને ઘણી પરંપરાગત તકનીકો કરતાં ઘણી વધુ ચોકસાઈ સાથે ચોક્કસ ચેતાકોષોને સક્રિય અથવા શાંત કરવાની મંજૂરી આપીને ન્યુરોસાયન્સમાં પરિવર્તન લાવ્યું છે.

ઓપ્ટોજેનેટિક્સ શું છે?

ઓપ્ટોજેનેટિક્સ પસંદ કરેલા કોષોની પ્રવૃત્તિને નિયંત્રિત કરવા માટે આનુવંશિકતાને પ્રકાશ-આધારિત તકનીકો સાથે જોડે છે. આ અભિગમના કેન્દ્રમાં ઓપ્સિન તરીકે ઓળખાતા પ્રકાશ-સંવેદનશીલ પ્રોટીન છે. આ પ્રોટીન નાના મોલેક્યુલર સ્વીચોની જેમ કાર્ય કરી શકે છે. જ્યારે ચોક્કસ કોષોમાં દાખલ કરવામાં આવે છે, ત્યારે તેઓ તે કોષોને પ્રકાશનો પ્રતિભાવ આપી શકે છે, જેનાથી સંશોધકો ચોક્કસ સમયસર પ્રકાશ ઉત્તેજના સાથે તેમની પ્રવૃત્તિને નિયંત્રિત કરી શકે છે.આ ટેકનોલોજીનો વિકાસ પ્રકાશને પ્રતિભાવ આપતા માઈક્રોબાયલ પ્રોટીનને લગતી શોધો દ્વારા શક્ય બન્યો. શેવાળમાં પ્રકાશ-સંવેદનશીલ પ્રોટીન પર પીટર હેગેમેનના સંશોધનથી ચેનલરોડોપ્સિન ઓળખવામાં મદદ મળી, જ્યારે જ્યોર્જ નાગેલે તેમના ગુણધર્મોને સમજવામાં અને તેમના કાર્યને દર્શાવવામાં ફાળો આપ્યો. ત્યારબાદ કાર્લ ડીસેરોથે આ શોધોને ન્યુરોસાયન્સ માટે અનુકૂલિત કરવામાં અને ન્યુરોન્સની પ્રવૃત્તિને નિયંત્રિત કરવા માટે પ્રકાશ-સંવેદનશીલ પ્રોટીનનો ઉપયોગ કરવામાં મુખ્ય ભૂમિકા ભજવી. તેમના કાર્યથી ન્યુરલ સર્કિટ અને વર્તનની તપાસ માટે ઓપ્ટોજેનેટિક્સને એક સાધન તરીકે સ્થાપિત કરવામાં મદદ મળી.

## ભારત- અમેરિકા વચ્ચે ટ્રેડ ડીલને લઈને વાતચીત હજુ ચાલી રહી છે

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૫ : નવી દિલ્હીમાં યોજાયેલી મ્યુનિકલીડર્સ મીટિંગમાં કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણે ભારત અને અમેરિકા વચ્ચેની ટ્રેડ ડીલ અંગે મહત્વની વાત કહી હતી. તેમણે જણાવ્યું કે બંને દેશો વચ્ચે કરારને લઈને અનેક રાઉન્ડની વાતચીત થઈ ચૂકી છે અને બંને પક્ષોએ પોતાની-પોતાની વાત રજૂ કરી છે. આવી સ્થિતિમાં હવે આગળ કોઈ મોટી છૂટ આપવી સરળ નહીં હોય. જોકે, પ્રસ્તાવિત ટ્રેડ એગ્રીમેન્ટ હજુ અંતિમ સ્વરૂપમાં આવ્યું નથી. સીતારમણે આ વાતચીતને મુશ્કેલ અને લાંબી ગણાવી હતી અને કહ્યું હતું કે બંને દેશોએ પોતાના હિતોને ધ્યાનમાં રાખીને આગળ વધવું પડશે. હાલમાં બંને પક્ષો એવો રસ્તો શોધી રહ્યા છે જેના આધારે કરાર પર સહમતિ બની શકે.

ભારત અને અમેરિકા વચ્ચે ટ્રેડ ડીલને લઈને વાટાઘાટો હજુ ચાલુ છે. સીતારમણના જણાવ્યા પ્રમાણે બંને દેશો હવે વાતચીતના એવા તબક્કે પહોંચી ગયા છે જ્યાં આગળ વધુ કંઈ આપવું કે લેવું ખૂબ મુશ્કેલ બની શકે છે. જોકે, બંને પક્ષો કરાર માટે રહેલી શક્યતાઓ પર હજુ ચર્ચા કરી શકે છે. તેમણે એ પણ જણાવ્યું કે બંને દેશો વચ્ચેનો ટ્રેડ બેલેન્સ હાલમાં ભારતના પક્ષમાં છે. અમેરિકા પોતાનું ટ્રેડ ડેફિસિટ ઘટાડવા માંગે છે અને ભારત પાસેથી કેટલીક વધુ છૂટની અપેક્ષા રાખે છે.

## રશિયામાં પ્લેગનો ફેલાવો?

(જી.એન.એસ) તા. ૫
સાયબેરિયા, સાયબેરિયામાં પ્લેગ અને અન્ય ચેપી રોગોના અભ્યાસ માટે સમર્પિત સંસ્થાના એક પ્રયોગશાળા કર્મચારીનું રહસ્યમય બીમારીને કારણે મૃત્યુ થયા બાદ રશિયન સત્તાવાળાઓએ "રોગચાળા-વિરોધી પગલાં" લાગુ કર્યા છે.ચેપી રોગોનું સંચાલન કરતી રશિયન એજન્સી 'રોસ્પોટ્રેબનાડઝોર' (ઈર્જીહ્વિહકઙ્ઘંર્ડ) ના જણાવ્યા અનુસાર, શેલેખોવ શહેરમાં આવેલી સાયબેરિયાની 'ઈર્કુત્સ્ક રિસર્ચ એન્ટી-પ્લેગ ઈન્સ્ટિટ્યૂટ'ની ૨૮ વર્ષીય મહિલા લેબોરેટરી ટેકનિશિયનનું "અજ્ઞાત" મૂળ ધરાવતા ન્યુમોનિયાનું નિદાન થયા બાદ મૃત્યુ થયું હતું.પૂર્વી રશિયામાં મંગોલિયાની સરહદ નજીક આવેલા શેલેખોવસ્કી જિલ્લાના મેયર મેક્સિમ મોડિને જણાવ્યું હતું કે સત્તાવાળાઓ "રોગચાળા-વિરોધી પગલાંનો વ્યાપક સમૂહ" અમલમાં મૂકી રહ્યા છે. અધિકારીઓ દ્વારા ગયા અઠવાડિયે મહિલાના મૃત્યુની પુષ્ટિ કરવામાં આવી હતી.મોડિને કહ્યું કે જે હોસ્પિટલમાં કર્મચારીની સારવાર કરવામાં આવી હતી ત્યાંના ઈનપેશન્ટ વિભાગ (દાખલ દર્દીઓ માટેનો વિભાગ) ને ક્વોરેન્ટાઈન કરવામાં આવ્યો છે અને અનેક વિભાગોએ દર્દીઓને રજા આપવાનું કે નવા દર્દીઓને દાખલ કરવાનું બંધ કરી દીધું છે. સ્થાનિક મીડિયા અહેવાલો અનુસાર, આ વિસ્તારની અન્ય હોસ્પિટલો પણ બંધ કરી દેવામાં આવી છે.

મોડિને જણાવ્યું હતું કે રોસ્પોટ્રેબનાડઝોરના મતે, "દર્દી પાસેથી લેવામાં આવેલા નમૂનાઓમાં કર્મચારીની વ્યાવસાયિક ફરજો સાથે સંકળાયેલા કોઈ સૂક્ષ્મ જીવાણુઓ મળી આવ્યા નથી."

# વાપીમાં માતાના મઢે જતાં સાયકલ યાત્રીઓનું સ્વાગત કરાયું





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૦૫ :** નવરાત્રી દરમિયાન કચ્છના પ્રસિદ્ધ આશાપુરા માતાજીના મઢ સુધી મુંબઈથી સાયકલ યાત્રા કરવાનો વર્ષો જૂનો પરંપરાગત ક્રમ આ વર્ષે પણ યથાવત્ રહ્યો છે. મુંબઈના નરીમાન પોઈન્ટથી કચ્છના આશાપુરા માતાના મઢ સુધી સાયકલ યાત્રાએ નીકળેલા બહુચરા ગ્રુપના ૬૩ જેટલા સાયકલ યાત્રીઓનું વાપીમાં ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. મુંબઈ નરીમાન પોઈન્ટથી પ્રસ્થાન કરેલા સાયકલ યાત્રીઓ આજે મોડી સાંજે વાપીના જલારામ ધામ ખાતે પહોંચ્યા હતા. અહીં વાપી પંથકમાં વસતા ભાનુશાલી પરિવાર દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ 'વાપી આશાપુરા કેમ્પ'નું આયોજન કરવામાં આવ્યું હતું. કેમ્પ ખાતે છેલ્લા ૨૧ વર્ષથી માતાજીના મઢ જતા બહુચરાજી ગ્રુપ ના સાઈકલ સવારે માં આ વર્ષે ૬૩ સાયકલ યાત્રીઓનું ઉષ્માભેર સ્વાગત કરી માતાજીની આરતી કરવામાં આવી હતી. ત્યારબાદ તમામ યાત્રીઓ માટે ભાનુશાલી પરિવાર દ્વારા મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું.

યાત્રીઓની સુવિધા અને જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને કેમ્પ ખાતે મેડિકલ સુવિધા, જરૂરી ચીજવસ્તુઓ તેમજ સાયકલમાં કોઈ ખામી સર્જાય તો તેનું તાત્કાલિક રીપેરિંગ થઈ શકે તેવી વ્યવસ્થા પણ કરવામાં આવી હતી. યાત્રા દરમિયાન સાયકલ સવારોને કોઈ અગવડ ન પડે તે માટે કેમ્પના આયોજકો દ્વારા તમામ જરૂરી સહયોગ પૂરો પાડવામાં આવ્યો હતો. આ સાયકલ યાત્રીઓ મુંબઈના નરીમાન પોઈન્ટથી સતત છ દિવસની યાત્રા પૂર્ણ કરી કચ્છ ખાતે આશાપુરા માતાના મઢ પહોંચશે.

ધાર્મિક આસ્થા અને સેવાભાવ સાથે યોજાતી આ યાત્રામાં વાપી ખાતે ભાનુશાલી પરિવાર દ્વારા કરવામાં આવતું કેમ્પનું આયોજન યાત્રીઓ માટે વિશ્રામ, ભોજન અને જરૂરી સેવાઓનું મહત્વપૂર્ણ કેન્દ્ર બની રહ્યું છે.

# ઔરંગા નદીના પુરગ્રસ્ત ૧૫ ગામોની કલેક્ટરને ડીસિલ્ટિંગ અને પ્રોટેક્શન વોલ બનાવવા માંગ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૦૫ :** વલસાડની ઔરંગા નદીમાં તાજેતરમાં આવેલા ભયંકર પૂરના કારણે સર્જાયેલી વિકટ પરિસ્થિતિને ધ્યાને રાખીને લીલાપોર, વિજલપોર, ભદેલી, હિંગળાજ, સહિત આસપાસના ૧૫ ગામોના રહીશો દ્વારા આજરોજ વલસાડ જિલ્લા કલેક્ટરને સામૂહિક રજૂઆત કરી આવેદનપત્ર પાઠવવામાં આવ્યું છે. સ્થાનિક વડીલો અને ગ્રામજનોના જણાવ્યા અનુસાર છેલ્લા ૭૦ વર્ષમાં આ સૌથી ગંભીર અને ભયાનક પૂર હતું.

ગ્રામજનોએ રજૂઆતમાં જણાવ્યું છે કે, ઔરંગા નદીના પટમાં મોટા પ્રમાણમાં માટી, કાંપ અને કચરો ભરાઈ જવાથી નદીની પાણી વહન કરવાની ક્ષમતા નોંધપાત્ર રીતે ઘટી ગઈ છે. કિનારા પર પૂરતી પ્રોટેક્શન વોલ ન હોવાથી લીલાપોર, વિજલપોર, હનુમાન ભાગડા, ભદેલી, તારીયાવાડ, પારડી અને છીપવાડ જેવા વિસ્તારોમાં પાણી ઘૂસી જતાં મકાનો, રસ્તાઓ અને ખેતીને મોટું નુકસાન પહોંચ્યું છે. ગ્રામજનોએ સ્પષ્ટ કર્યું છે કે પૂર આવ્યા બાદ રાહત આપવા કરતાં, પૂર આવે તે પહેલાં કાયમી સુરક્ષા વ્યવસ્થા ઊભી કરવી જરૂરી છે.

ઔરંગા નદીના પટનો ત્વરિત સર્વે કરાવી માટી-કાંપ દૂર કરવા (ડીસિલ્ટિંગ) માટે વૈજ્ઞાનિક પદ્ધતિથી ઊંડાણ વધારવું. પાણીના નિકાલની ક્ષમતા વધારવા માટે જરૂરી સ્થળોએ ૧૦થી ૧૫ ફૂટ જેટલું ઊંડાણ કરવું, આર.સી.સી. (RCC) પ્રોટેક્શન વોલનું નિર્માણ કરવું, પાણીના કુદરતી પ્રવાહમાં અવરોધરૂપ જૂના પુલને તાત્કાલિક દૂર કરવો અને નવા પુલના નિર્માણમાં આવતા અવરોધો હટાવી કામ ઝડપી બનાવવું, સિંચાઈ વિભાગ, પાળા વિભાગ અને વહીવટી તંત્રના અધિકારીઓ દ્વારા સંયુક્ત સ્થળ તપાસ કરી કાયમી ઉકેલ લાવવો, આ આવેદનપત્રાની નકલ મુખ્યમંત્રી કાર્યાલય જિલ્લા પંચાયત પ્રમુખ તેમજ સંબંધિત વિભાગોને મોકલીને તાકીદે બજેટ ફાળવી નક્કર કામગીરી શરૂ કરવાની અપીલ કરવામાં આવી છે.

# વાપી મનપામાં સફાઈમિત્ર સુરક્ષા શિબિર યોજાઈ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૦૫ :** વાપી મ્યુનિસિપલ કોર્પોરેશનના નામધા રોફેલ કોલેજ ખાતે આવેલ પદ્મશ્રી રજ્જુ શ્રોફ ઓડિટોરિયમ માં સફાઈ કર્મીઓ માટેનો સુરક્ષા શિબિર નું આયોજન કરવામાં આવ્યું હતું આ કાર્યક્રમ દિલ્હીથી એક કલાકના કાર્યક્રમનું લાઈવ ટેલિકાસ્ટ કરવામાં આવ્યું હતું, જેમાં સફાઈ કર્મચારીઓને મિકેનાઈઝ્ડ સફાઈ પદ્ધતિઓ અને કાર્યસ્થળની સલામતી અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ત્યારબાદ તમામ સફાઈમિત્રઓનું આરોગ્ય ચેક-અપ કરવામાં આવ્યું હતું.

ત્યારબાદ ઉપસ્થિત રહેલા વાપી મહાનગરપાલિકાના ડેપ્યુટી મેયર મિતેશભાઇ દેસાઈ તેમજ ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર વિશાલ પટેલના હસ્તે સફાઈ કર્મીઓને પ્રમાણ પત્ર આપવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં સફાઈ કર્મચારીઓ ઉપસ્થિત રહ્યાં હતા.

# ડાંગમાં સગીરાના અપહરણ અને બળાત્કાર કેસમાં વોન્ટેડ આરોપી ઝડપાયો

**એલસીબીને ભારત-નેપાળ બોર્ડર પરથી આરોપીને પકડવામાં મળેલી સફળતા**

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**સાપુતારા, તા.૦૫ :** ડાંગ જિલ્લાની લોકલ ક્રાઈમ બ્રાન્ચ ટીમે વર્ષ ૨૦૦૮ના સગીરાના અપહરણ અને બળાત્કારના ગુન્હામાં ૧૮ વર્ષથી નાસતા - ફરતા વોન્ટેડ આરોપીને ભારત - નેપાળ બોર્ડર પર આવેલા ઉત્તર પ્રદેશના સિદ્ધાર્થનગર જિલ્લામાંથી સફળતાપૂર્વક ઝડપી પાડ્યો છે. ઘટનાની વિગતો અનુસાર વર્ષ ૨૦૦૮માં આહવાની ૧૩ વર્ષની સગીર દીકરીને બજારમાં ફરવા લઈ જવાનું કહી લલચાવી - ફોસલાવીને અપહરણ કરી આરોપી નેપાળ તથા ઉત્તર પ્રદેશ ખાતે ભાગી ગયો હતો અને બળાત્કાર ગુજાર્યો હતો. આ સંદર્ભે આહવા પોલીસ ગુનો નોંધી પો.સબ ઈન્સ. જે.જી. અનડકટ તથા તેમની ટીમે ટેકનિકલ અને હ્યુમન ઈન્ટેલિજન્સ આધારે તપાસ હાથ ધરતા આ ગુન્હાનો વોન્ટેડ આરોપી હાલ ઉત્તર પ્રદેશના સિદ્ધાર્થનગર જિલ્લામાં નેપાળ બોર્ડર નજીક ઈલેક્ટ્રિક રિક્ષામાં ભંગારનો ધંધો કરતો હોય ટીમે પગપાળા તેમજ ઈલેક્ટ્રિક રિક્ષામાં મુસાફરી કરીને સતત રેકી કરી ભારત-નેપાળ બોર્ડરથી દોઢ કિલોમીટર અંતરે આવેલા મીઠવલ ગામ (બર્ડપુર-૩) ખાતેથી તેને ઝડપી લેવામાં આવ્યો હતો.

પકડાયેલા આરોપીનું નામ રામલક્ષ્મણ ઉર્ફે લક્ષ્મણ રાધેશ્યામ બનીયા ઉર્ફે અગ્રહરી (ઉં.વ. ૪૨, રહે. મીઠવલ ગામ, તા./જિ. સિદ્ધાર્થનગર, ઉત્તર પ્રદેશ) છે. પોલીસે સિદ્ધાર્થનગર કોર્ટમાંથી આરોપીના ટ્રાન્ઝિટ રિમાન્ડ મેળવી આશરે ૪૦૦૦ કિલોમીટરથી વધુની મુસાફરી કરીને તેને આહવા-ડાંગ લાવી આગળની કાનૂની કાર્યવાહી અર્થે આહવા પોલીસ સ્ટેશનને સોંપ્યો છે.

# પારડી હાઈવેથી દારૂ ભરેલ કાર સાથે ત્રણ ઝડપાયા

**પારડી, તા.૦૫ :** પારડી દમણીઝાપા નજીક પેટ્રોલીંગ દરમ્યાન પોલીસે બાતમીના આધારે હાઈવે પર વોચ ગોઠવી કારને રોકી તપાસ કરતા સીટ નીચે અને બોક્સમાં સંતાડેલી વ્હીસ્કી, બિયર અને વોડકાની ૧૨૦૦ બોટલ/ટીન મળી આવ્યા હતાં. પોલીસે કારના ડ્રાઈવર યોગેશ ઉર્ફે અંશુ તીવારી, ક્લીનર સીટ પર બેસેલ અજીત ઉર્ફે ગુડ્ડુ ચૌધરી અને પાછળ બેસેલ સંદિપ ઉર્ફે કુકકી માહોર તમામ રહે. ડીંડોલી, સુરતની ધરપકડ કરી છે. આ દારૂનો ઓર્ડર આપનાર સાહિલ રહે. ગોડાદરા, સુરત અને સેલવાસથી કારમાં માલ ભરાવી આપનાર ગાયકવાડને પોલીસે વોન્ટેડ જાહેર કરી વધુ તપાસ હાથ ધરી છે.

## જાહેર નોટીસ (ટાઈટલ ક્લિયરન્સ અંગે)

આથી અમો નીચે સહી કરનાર એડવોકેટ દીપેશ આર. ભટ્ટ, અમારા અસીલની સૂચના અને ફરમાશથી લાગતા વળગતા તમામ તેમજ જાહેર જનતાને આ નોટિસ આપી જણાવીએ છીએ કે :

ડિસ્ટ્રિક્ટ વલસાડ, સબ-ડિસ્ટ્રિક્ટ અને તાલુકા ઉમરગામના મોજે ભીલાડ ગામની સીમમાં આવેલી ખેતીલાયક જમીન, જે નીચે મુજબના વર્ણનવાળી છે.

**મિલકતનું વર્ણન (શિડ્યુલ):**

* ગામ : ભીલાડ
* તાલુકો : ઉમરગામ
* જિલ્લો : વલસાડ
* સરવે નંબર : નવો સરવે/બ્લોક નં.૫૨૩ (જુનો સરવે નં.૪૧/પૈકી ૧)
* ક્ષેત્રફળ : ૦-૨૯-૦૬ (હે.આરે.ચો.મી.)

(ઉપરોક્ત જમીન આ નોટિસમાં હવે પછી ''સદર મિલકત'' તરીકે ઓળખવામાં આવશે)

અમારા અસીલ સદર મિલકત તેના હાલના રેકર્ડ પરના માલિકો/કબજેદારો પાસેથી વેચાણ રાખવા માંગે છે. સદર જમીન મહેસૂલી રેકર્ડ મુજબ 'નિયંત્રિત સત્તા પ્રકાર (૭૩ એ.એ.)ની હોવાથી, આ વેચાણ વ્યવહાર નામદાર કલેકટરશ્રી / સક્ષમ અધિકારીશ્રીની કાયદેસરની પૂર્વ પરવાનગી મેળવવાની શરતને આધીન નક્કી કરવામાં આવેલ છે. તે હેતુસર અમારા અસીલે સદર મિલકત અંગેનું 'ટાઈટલ ક્લિયરન્સ સર્ટિફિકેટ' અમારી પાસે માંગેલ છે.

આથી આ નોટિસ પ્રસિદ્ધ કરી જણાવવામાં આવે છે કે, સદર મિલકતમાં અન્ય કોઈપણ વ્યક્તિ, વારસદારો, બેંક, શરાફી મંડળી, નાણાકીય, સંસ્થા કે સરકારી/ અર્ધ-સરકારી ખાતાનો કોઈપણ પ્રકારનો લાગ-ભાગ, હક્ક, હિત, હિસ્સો, દાવો, બોજો, ગીરો, લીયન, ચાર્જ, વારસાઈ હક્ક, ભરણપોષણનો હક્ક, બક્ષીસ, વિલ, સાટાખત, બાનાખત, કે અન્ય કોઈપણ પ્રકારનો અધિકાર હોય તો, તેઓએ આ નોટિસ પ્રસિદ્ધ થયાના દિન-૧૪ (ચૌદ)ની અંદર પોતાના વાંધા અસલ દસ્તાવેજી પુરાવાઓની નકલો સહિત નીચે જણાવેલ અમારા સરનામે રૂબરૂ અથવા રજીસ્ટર્ડ એ.ડી. પોસ્ટથી પહોંચતા કરવા.

જો નિયત સમયમર્યાદામાં કોઈપણ વ્યક્તિ કે સંસ્થા તરફથી કોઈ વાંધો નહી આવે, તો સદર મિલકત સંપૂર્ણપણ બોજામુક્ત અને તેનું ટાઈટલ ક્લિયર તથા માર્કેટેબલ છે, તેમ માનીને અમો અમારા અસીલને ટાઈટલ ક્લિયરન્સ સર્ટિફિકેટ ઈશ્યુ કરીશું અને અમારા અસીલ સદર મિલકતનો વેચાણ વ્યવહાર (સક્ષમ અધિકારીશ્રીની પરવાનગી મેળવ્યા બાદ) પૂર્ણ કરશે. ત્યારબાદ કોઈપણ વ્યક્તિનો કોઈપણ પ્રકારનો વાંધો કે દાવો ચાલશે નહીં અને તે કાયમ માટે જતો કરેલ (વેઈવ થયેલ) ગણાશે, જેની સઘળી નોંધ લેવી.

**તારીખ : ૦૫/૧૦/૨૦૨૬**
**સ્થળ : વાપી**

**સહી/-**
**દીપેશ આર. ભટ્ટ**

**ઓફીસ : ૩૧૬, સાઈ કોમ્પ્લેક્ષ, જીઆઈડીસી ચાર રસ્તા, ગીરીરાજ કાઠીયાવાડી ભોજનાલય, વાપી, જી.વલસાડ - ૩૯૬૧૯૫, મો.૯૮૯૮૧૮૫૦૧૯**

## -:: જાહેર નોટીસ જાહેર ચેતવણી ::-

આથી હું નીચે સહી કરનાર શ્રી મનહરભાઈ ઘેલાભાઈ નાયક, જાતે - હિન્દુ, ઉ.આ.વ.૭૮, ધંધો ખેતી, રહેવાસી : ડી ૧૧૪, ગોવર્ધન નગર, પોઈસર જીમખાના સામે, બોરસાપાડા રોડ, કાદિવલી (વેસ્ટ), મુંબઈ ૬૭ આથી આ જાહેર નોટીસ આપી જાહેર જનતાને લખી આપી જણાવીએ છીએ કે, ગામ ''નામધા''ના ખેડખાતા નંબર ૧૪૨,ના નીચે જણાવેલ -

| જુનો સર્વે નંબર | નવો સર્વે નંબર | ક્ષેત્રફળ | આકાર |
|---|---|---|---|
| | | હે.આરે.ચોમી. | રૂપિયા પૈસા |
| (૧) ૧૯૬ | ૪૩૧ | ૧-૪૯-૧૬ | ૪.૧૫ |
| (૨) ૨૦૯/૨ | ૪૩૬ | ૧-૪૧-૦૬ | ૪.૫૫ |
| (૩) ૨૧૦/૧ | ૪૪૨ | ૦-૩૪-૧૬ | ૧.૬૦ |
| (૪) ૨૦૮/૨ | ૪૪૬ | ૨-૬૮-૪૫ | ૭.૪૫ |
| કુલ (૪) | | ૪-૯૨-૮૩ | ૧૭.૭૫ |

વાળી ખેતીની જૂની શરતની ખેતી લાયક ઉપયોગ વાળી જમીન હાલે સરકારી રેકર્ડ દફતરે (૧) ગુણવંતભાઈ ઘેલાભાઈ નાયક, (૨) નરેશભાઈ ઘેલાભાઈ નાયક, (૩) સ્મિતાબેન નરેશભાઈ નાયક, (૪) ચાર્મી નરેશભાઈ નાયક, (૫) શ્રેયા નરેશભાઈ નાયક (૬) હંસાબેન દોલતરાય (૭) સૂર્યકંતાબેન રમણભાઈ (૮) બકુલ ઉર્ફે જયેશ રમણભાઈ (૯) શૈલેષભાઈ રમણભાઈ (૧૦) મીનાક્ષીબેન તે સ્વ. પ્રવિણચંદ્ર દુર્લભભાઈની પત્ની (૧૧) યતીન પ્રવિણચંદ્ર (૧૨) કિશોરભાઈ દુર્લભભાઈ (૧૩) મનહરભાઈ ઘેલભાઈ નાયકના સહિયારા સંયુક્ત નામે ચાલી આવેલ છે જે મિલકત પૈકી કેટલીક જમીન હાલે સ્થળે હું આ જાહેરાત સાથે જાહેર ચેતરવણી આપનારના હિસ્સે કબ્જે ભોગવટે ચાલી આવેલી છે. જે જમીન પર હુ ખેતી કરતો આવેલો છું. સદર જમીન વાળી મિલકતો વડીલો પાર્જિત મિલકત છે જે મિલકતોને સરકારી રેકર્ડ દફતરે કાયદેસરની કાર્યવાહી કરી જમીનોની માપણી કરી, સરકારી ખાતેથી જમીનો છૂટી પાડી, દરેક કબજેદાર ખેડૂતોને હિસ્સે કબ્જે સોંપવાની કાર્યવાહી બાકી છે. સદર જમીનો પૈકીની કેટલીક જમીન જમીનના સંયુક્ત ખાતેદારો (૧) ગુણવંતભાઈ ઘેલાભાઈ નાયક (૨) નરેશભાઈ ઘેલાભાઈ નાયક (૩) સ્મિતાબેન નરેશભાઈ નાયક (૪) ચાર્મી નરેશભાઈ નાયક (૫) શ્રેયા નરેશભાઈ નાયક (૬) હંસાબેન દોલતરાય (૭) સૂર્યકંતાબેન રમણભાઈ (૮) બકુલ ઉર્ફે જયેશ રમણભાઈ (૯) શૈલેષભાઈ રમણભાઈ (૧૦) મીનાક્ષીબેન તે સ્વ. પ્રવિણચંદ્ર દુર્લભભાઈની પત્ની (૧૧) યતીન પ્રવિણચંદ્ર (૧૨) કિશોરભાઈ દુર્લભભાઈએ હું આ જાહેર નોટીસ/ જાહેર ચેતવણી આપનારની જાણ બહાર સદર જમીનમાની કેટલીક જમીનનો વણ-વહેંચાયેલ બક્ષિસ/ગીરોનો દસ્તાવેજ કરવાની તજવીજ કરી રહેલા છે. જે ગેરકાયદેસર છે. મિલકત હસ્તાતરણ અધિનિયમ ૧૮૮૨ની કલમ ૪૪ મુજબ, વણ-વહેંચાયેલ હિસ્સાના તબદીલથી ખરીદનારને માત્ર એટલો જ હક્ક મળે કે તે વિભાજન માટે દાવો કરી શકે. તેને કબ્જો આપોઆપ મળતો નથી. સહિયારી મિલકતમાં બીજા સહ-માલિકની સંમતિ વિના કબ્જો આપી શકાય નહી. તેમજ હસ્તાંતરણ અધિનિયમ (ટ્રાન્સફર ઓફ પ્રોપર્ટી એક્ટ)ની કલમ ૪૪, કલમ ૭, કરાર અધિનિયમ કલમ ૨૩ અને સ્પેસિફિક રિલિફ એક્ટ કલમ ૩૮ હેઠળ તમારા તેવા વેચાણ/બક્ષિસ/ગીરો દસ્તાવેજને ગેરકાયદેસર અને રદ્દ બાતલ ઠેરવવા સુપ્રીમ કોર્ટ, Ram Saran Vs Chandra AIR 1969 SC 68 ના જજમેંટનો સહારો લઈ ફોજદારી રાહે, સિવિલ રાહે, રેવન્યુ રાહે કાર્યવાહી કરશે તો વેચાણ લેનારને કદી પણ તેવી લીધેલ જમીનવાળી મિલકતનું ચોકખુ અને માર્કેટેબલ ટાઈટલ પ્રાપ્ત થશે નહીં તેમજ સદર વેચાણ લીધેલ જમીનની ગામ નમૂના નંબર ૬ હક્ક પત્રકે પાકી એન્ટ્રી પણ પડશે નહી. જેથી જાહેર જનતાને આ જાહેર નોટીસ આપી જાણ કરુ છુ કે, વાપી તાલુકાના મોજે ગામ ''નામધા''ના ખેડખાતા નંબર ૧૪૨ના નવા સર્વે નંબર (૧) ૪૩૧, (૨) ૪૩૬ (૩) ૪૪૨ (૪) ૪૪૬ સર્વે નંબરો વાળી જમીનનું વેચાણ/બક્ષિસ/ગીરો લેનાર મુકનારને આ જાહેર નોટીસ/જાહેર ચેતવણી થકી આમ જનતાને લખી જણાવીએ છીએ કે, આજદિન બાદથી કોઈપણ ઈસમ, ખાનગી કે સરકારી કે જાહેર બેન્ક, સરકારી કે સહકારી સંસ્થા, અર્ધ સરકારી સંસ્થા, ખાનગી નાણા ધીરનાર કે કોઈએ પણ મોજે ગામ ''નામધા''ના ખેડખાતા નંબર ૧૪૨,ના નવા સર્વે નંબર (૧) ૪૩૧ (૨) ૪૩૬ (૩) ૪૪૨ (૪) ૪૪૬ સર્વે નંબરો વાળી જમીનોની લે વેચ/ વેચાણ/બક્ષિસ/ગીરો/શાતાખટ/અસર પરસ સમજૂતીનો કરાર, વિલ યાને વસિયતનામું/ જનરલ કે ઈર્રિવોકેબલ પાવર ઓફ એટર્નીનો લેખ થકી સદર મિલકતના વેચાણ અંગેનો વેચાણને લગતા કોઈપણ દસ્તાવેજો/લખાણો કરવા કરાવવા નહીં કે સદર જમીન વાળી મિલકત પર ધિરાણ કરવું કરાવવું નહીં ઉપરોક્ત જમીન વાળી મિલકતમાં આ જાહેર નોટીસ/ જાહેર ચેતવણી આપવા છતાં કોઈપણ ઈસમ, ખાનગી કે સરકારી કે જાહેર બેન્ક, સરકારી કે સહકારી સંસ્થા, અર્ધ સરકારી સંસ્થા, ખાનગી નાણા ધીરનાર કે કોઈએ પણ કોઈપણ વહેવાર કરશે કરાવશે તો તે રદ્દ બાતલ ગણાશે તેવા લેખને આધારે સદર જમીન વાળી મિલકતનો કોઈપણ ભાગનું તેમને ચોખ્ખુ અને માર્કેટેબલ ટાઈટલ પ્રાપ્ત થશે નહી. તેમણે કોર્ટ કચેરીના ધક્કા તેમના ખર્ચે અને જોખમે ખાવાના રહેશે સહી. તેમના આપેલ પૈસા પરત મળવવાની મેળવવાની તમામ જવાબદારી તેવા જમીન મિલકત વેચાણ લેનાર/ વેચાણ આપનારાઓની પોતાની રહેશે. સહી. જેની જાહેર જનતાએ સખત નોંધ લેવી.

**જાહેરાત આપનારની સહી.**
**સહી/-**
**(શ્રી મનહરભાઈ ઘેલાભાઈ નાયક)**

**સહી/-**
**બિપિનકુમાર મોહનલાલ પટેલ તે શ્રી મનહરભાઈ ઘેલાભાઈ નાયકના એડવોકેટ**

**સરનામું :** માઝ કોમ્પ્લેક્સ, ઓફિસ નં.૦૮, પહેલો માળ, મોદી સ્ટ્રીટ, કિલ્લા પારડી, તાલુકા પારડી, જિ. વલસાડ, ગુજરાત, પિન કોડ : ૩૯૬૧૨૫
મોબાઈલ નંબર : ૯૮૨૫૪૧૯૧૫૬ ઈમેલ : bipinpateladvocate3@gmail.com

## મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કોર્ટમાં,

**(એમ.એ.જી-૨ )જ.મ.પ.અ.નં.૨૫૧/૨૦૨૬**

અરજદાર : અસિપ બમનશા વાડીયાના પાવર ઓફ એટર્ની હોલ્ડર તરીકે મેહેર ફારોખ દારુવાલા
**હાલ રહે.** દુબાસ બિલ્ડીંગ, ત્રીજા માળે, સાશીનાથ રોડ, એ.સી. માર્કટ પાસે, તારદેઓ, તુલસીવાડી, મુંબઈ, મહારાષ્ટ્ર - ૪૦૦૦૭૯
મુળ રહે : નારગોલ, સસ્તુરબા રોડ.
મો - ૯૬૧૯૬૫૦૮૦૨
તા.ઉમરગામ, જી.વલસાડ, **(વ.શ્રી. એમ.આર. પટેલ)**

**વિરુધ્ધ**

**સામાવાળા : તલાટી કમ મંત્રી શ્રી, નારગોલ**
**ગ્રામ પંચાયત કચેરી, નારગોલ**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **અસિપ બમનશા વાડીયાના પાવર ઓફ એટર્ની હોલ્ડર તરીકે મેહેર ફારોખ દારૂવાલા** હાલ રહે. દુબાસ બિલ્ડીંગ, ત્રીજા માળે, સાશીનાથ રોડ, એ.સી. માર્કટ પાસે, તારદેઓ, તુલસીવાડી, મુંબઈ, મહારાષ્ટ્ર - ૪૦૦૦૭૯ મુળ રહે - નારગોલ, સસ્તુરબા રોડ, ઉમરગામ ટાઉન, તા.ઉમરગામ, જી.વલસાડનાએ તેમના દાદા સ્વ. **પેસ્તમજી રુશી વાડીયાનું** મરણ તા.૨૬-૦૫-૧૯૭૩ના રોજ મોજે - નારગોલ, તા. ઉમરગામ મુકામે થયેલ છે. તેમના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તક્કરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદર હું જાહેરાત પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કચેરી જી.વલસાડ, કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૧૯/૦૮/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં.એમએજી/જન્મ-મરણ/૨.જી.નં.૨૫૧/૨૦૨૬**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી, ઉમરગામ,**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

કોર્ટનો સિક્કો

**સહિ/-**
**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ ઉમરગામ**

## મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કોર્ટમાં,

**(એમ.એ.જી-૨ )જ.મ.પ.અ.નં.૩૦/૨૦૨૬**

અરજદાર : પટેલ અરવિંદભાઈ પ્રેમાભાઈ, ઉ.આ.વ. ૬૦, ધંધો - ખેતી
**રહે.** ફણસા
તા.ઉમરગામ, જી.વલસાડ, **(વ.શ્રી. જે.એમ. પટેલ)**

**વિરુધ્ધ**

**સામાવાળા : તલાટી કમ મંત્રી શ્રી, ફણસા**
**ગ્રામ પંચાયત કચેરી, ફણસા**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **પટેલ અરવિંદભાઈ પ્રેમાભાઈ** રહે. ફણસા, તા.ઉમરગામ, જી.વલસાડનાએ તેમના પુત્ર નામે **પટેલ મેવલકુમાર અરવિંદભાઈનો** જન્મ/મરણ તા.૨-૦૭-૧૯૮૭ના રોજ મોજે - ફણસા, તા. ઉમરગામ મુકામે થયેલ છે. તેમના જન્મ/મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર જન્મ/મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તક્કરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદર હું જાહેરાત પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કચેરી જી.વલસાડ, કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૧૯/૦૮/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં.એમએજી/જન્મ-મરણ/૨.જી.નં.૩૦/૨૦૨૬**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી, ઉમરગામ,**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

કોર્ટનો સિક્કો

**સહિ/-**
**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ ઉમરગામ**

## મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કોર્ટમાં,

**(એમ.એ.જી-૨ )જ.મ.પ.અ.નં.૨૫૮/૨૦૨૬**

અરજદાર : ઉર્મિલાબેન વાલ્મીકીભાઈ માછી, ઉ.વ.૫૭, ધંધો : ઘરકામ
**રહે.** ઉમરગામ, ૧૦૨૬, પાવર હાઉસ, વારલીવાડ
તા.ઉમરગામ, જી.વલસાડ, **(વ.શ્રી. એમ.આર. પટેલ)**

**વિરુધ્ધ**

**સામાવાળા : તલાટી કમ મંત્રી શ્રી, પલગામ**
**ગ્રામ પંચાયત કચેરી, પલગામ**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **ઉર્મિલાબેન વાલ્મીકીભાઈ માછી** રહે. ઉમરગામ, ૧૦૨૬, પાવર હાઉસ, વારલીવાડ, તા.ઉમરગામ, જી.વલસાડનાએ તેમના નાના નામે **લાલાભાઈ બાબરભાઈ માછીનું** મરણ તા.૦૧-૦૨-૧૯૭૪ના રોજ મોજે - પલગામ, તા. ઉમરગામ મુકામે થયેલ છે. તેમના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તક્કરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદર હું જાહેરાત પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કચેરી જી.વલસાડ, કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૧૯/૦૮/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં.એમએજી/જન્મ-મરણ/૨.જી.નં.૨૫૮/૨૦૨૬**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી, ઉમરગામ,**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

કોર્ટનો સિક્કો

**સહિ/-**
**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ ઉમરગામ**
















દમણગંગા ટાઈમ્સ

## ઉદવાડા નજીક ટ્રેન અડફેટે યુવકનું મોત

**વાપી, તા.૦૫ :** ઉદવાડા રેલવે સ્ટેશનની ઉત્તર બાજુ લૂપ લાઈન નજીક આશરે ૨૫ વર્ષીય અજાણ્યા યુવકનો મૃતદેહ મળી આવતા ચકચાર મચી ગઈ હતી. પોલીસના જણાવ્યા મુજબ, ૩ ઓક્ટોબરના સવારે ૯:૫૫ વાગ્યા પહેલા ઉદવાડા રેલવે સ્ટેશન પાસે એક યુવક કોઈ ટ્રેનની અડફેટે આવી ગયો હતો. મૃતક પાતળા યુવક બાંધાનો અને રંગે ઘઉંવર્ણો હોવા સાથે આશરે ૫ ફૂટ ૪ ઈંચ ઊંચાઈનો છે. તેણે લાલ રંગનું આખી બાંયનું શર્ટ, કાળા લાઈનિંગવાળું પેન્ટ, આછા ગુલાબી રંગનું ટી-શર્ટ, કાળો બેલ્ટ તથા બે રંગના પ્લાસ્ટિકના ચંપલ પહેરેલા હતા.





### કચ્છી ભાનુશાલી મિત્ર મંડળ ટ્રસ્ટ દ્વારા

## વાપીમાં પં. શ્યામજી કૃષ્ણવર્માની જયંતિ નિમિત્તે પુષ્પાંજલિ અપાઈ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા.૦૫ :** વાપીમાં શ્યામજી કૃષ્ણવર્મા ચોક ખાતે સ્થાપિત કરવામાં આવેલી ભારતના પ્રથમ સશસ્ત્ર ક્રાંતકારી ગુરુ પં. શ્યામજી કૃષ્ણવર્મા નાખુઆ (ભાનુશાલી)ની પ્રતિમા ખાતે તેમની ૧૬૯મી જયંતિ નિમિત્તે વાપીના કચ્છી ભાનુશાલી મિત્ર મંડળ ટ્રસ્ટ દ્વારા પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી. આ નિમિત્તે ટ્રસ્ટના અરવિંદભાઈ નાખુઆ, રમેશભાઈ ગોરી, ભાવેશ ગોરી સહિત ટ્રસ્ટના અન્ય સભ્યો ઉપસ્થિત રહ્યા હતાં.

## ઊંટડીમાં યુવક પર હુમલો, બચકું ભરી મારી નાંખવાની ધમકી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૫ :** વલસાડ તાલુકા ના ઊંટડી ગામે રહેતા અને વાપીની ખાનગી કંપનીમાં નોકરી કરતા ૩૨ વર્ષીય કિન્તેશકુમાર અમૃતભાઈ પટેલ પોતાના બાળકો સાથે મોટરસાયકલ પર ડુંગરી તરફ આઈસ્ક્રીમ ખાવા જઈ રહ્યા હતા. તે દરમિયાન ધરાસણા નાયરા પેટ્રોલ પંપ નજીક તેમના ઘર સામે જ રહેતા તનવીરભાઈ પ્રકાશભાઈ પટેલ અને વિનય સુરેશભાઈ પટેલ (બંને રહે. ઊંટડી, ડીપી ફળિયાતા. જી. વલસાડ ) બાઈક પર મળ્યા હતા. તનવીરે કિન્તેશકુમારને રોકી તું મારી બાતમી પોલીસને આપે છે તેમ કહી ગાળો આપી હતી. ત્યારબાદ ડુંગરી-ધરાસણા રોડ પર નહેર પાસે તનવીર અને વિનય બંનેએ કિન્તેશકુમાર સાથે ઝપાઝપી કરી ઢીકમુક્કીનો માર માર્યો હતો. ઝઘડા દરમિયાન તનવીરે કિન્તેશ ના હોઠના ભાગે દાંતથી બચકું ભરી લીધું હતું અને હવે પછી બાતમી આપી તો જાનથી મારી નાખીશ તેવી ધમકી આપી હતી.

બનાવને પગલે આસપાસના લોકો એકઠા થઈ જતાં બંને હુમલાખોરો પોતાની બાઈક નં જીજે ૧૫ ડી એમ. ૭૩૯૭ ને ઘટનાસ્થળે જ મૂકીને ફરાર થઈ ગયા હતા. ઈજાગ્રસ્ત કિન્તેશકુમારને ૧૦૮ મારફતે ડુંગરી સરકારી દવાખાને અને ત્યારબાદ વધુ સારવાર માટે વલસાડ સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. સમગ્ર મામલે કિન્તેશ પટેલે આરોપી તનવીર પટેલ અને વિનય પટેલ વિરુદ્ધ કાયદેસરની ફરિયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

## મોગરાવાડીમાં તાળા તોડી સામાન લૂંટી દુકાનો પચાવી પાડવાનો પ્રયાસ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૦૫ :** વલસાડ સીટી પોલીસ મથક વિસ્તાર હેઠળના મોગરાવાડી ખાતે આવેલ એપાર્ટમેન્ટની બે દુકાનોના તાળાં તોડી અંદર રાખેલો કિંમતી સામાન લૂંટી લઈ ગેરકાયદેસર કબ્જો જમાવી લેવાના ગંભીર આરોપ સાથે એક મહિલા વેપારીએ વલસાડ સીટી પી.આઈ. તેમજ જિલ્લા પોલીસ વડા ને લેખિત રજૂઆત કરી એફ.આઈ.આર. નોંધવાની માંગ કરી છે.

વલસાડ શહેરના હાલર યોગીરાજ પાર્કમાં રહેતી દિપાબેન હિતેશભાઈ શાહ એ વલસાડ જિલ્લા પોલીસ વડા ને લેખિતમાં ફરિયાદ કે વલસાડ ના મોગરાવાડી પોલીસ હેડક્વાર્ટર નજીક આવેલ રત્નાકર વિલા-એ એપાર્ટમેન્ટમાં દુકાન નં. ૧ અને ૨ તેમની માલિકી અને કબ્જા ભોગવટા હેઠળ આવેલી છે. આ દુકાનો તેમણે વર્ષ ૨૦૧૫માં કાયદેસરના રજિસ્ટર્ડ વેચાણ દસ્તાવેજથી ખરીદી હતી.

સુરતના વેસુભાગ/રૂંઢ વીર ભદ્ર ૨૦૪/ બી સુરત માં રહેતા આરોપી અમિત વસ્તુપાલ શાહ તથા તેના સાગરીતોએ દુકાન નં. ૧ અને ૨ ને ખોટી રીતે અન્ય નંબર દર્શાવી મિલકત ગેરકાયદેસર પચાવી પાડવાના બદઈરાદે કારસો રચ્યો હતો.

અરજીમાં આક્ષેપ કરાયો છે કે, ગત તા. ૦૩/૧૦/૨૦૨૬ના રોજ બપોરના સમયે આરોપીઓએ આ બંને દુકાનોના શટર ઉપર મારેલા તાળાં તોડી નાખી ગેરકાયદેસર પ્રવેશ કર્યો હતો. દુકાનમાં મૂકેલો સેન્ટ્રિંગ-બાંધકામનો સામાન જેવો કે લોખંડના પાઈપ, લોખંડની એચ-ફ્રેમ, મિક્ષર મશીન, ખુરશી-ટેબલ અને પ્રિન્ટર મશીન સહિતની ચીજવસ્તુઓ બહાર કાઢી લૂંટ કરી હતી. ત્યારબાદ પોતાના તાળાં મારી દઈ દુકાનોનો ગેરકાયદેસર કબ્જો જમાવી લીધો હતો. ફરિયાદી મહિલાએ જણાવ્યું છે કે આરોપી સામે અગાઉ સિવિલ કોર્ટમાં પણ દાવો ચાલી રહ્યો છે તેમજ બેંકની કાર્યવાહી બાદ કાયદેસર રીતે દુકાનનો કબ્જો મેળવેલો હતો. છતાં મિલકત હડપ કરી લેવાના ઈરાદે તાળાં તોડી લૂંટ ચલાવાઈ છે. આ મામલે આરોપી અમિત વસ્તુપાલ શાહ તેમજ તેને સાથ-સહકાર આપનારા અન્ય ઈસમો વિરુદ્ધ તાત્કાલિક ગુનો નોંધી, ફોજદારી કલમો હેઠળ ધરપકડ કરી તેની સામે કડક કાર્યવાહી કરવા માંગ કરી છે.

## ધરમપુર વિજ્ઞાન કેન્દ્રમાં ગીધ સંરક્ષણ પર ડોક્યુમેન્ટરી 'જટાયુ'નું સ્ક્રિનિંગ





**લવાછાના યુવક જીજ્ઞેશ હળપતિ અને અભિજીત નિકોસે દ્વારા વન્યજીવનો સંરક્ષણ પ્રત્યે જાગૃતિ ફેલાવવાનો પ્રયાસ**

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ધરમપુર, તા.૦૫ :** આ ફિલ્મ વાપી નજીકના લવાછા ગામના આદિવાસી યુવક જીજ્ઞેશ હળપતિ અને અભિજીત નિકોસે દ્વારા બનાવવામાં આવી છે.

વન્યજીવન સપ્તાહની ઉજવણીના ભાગરૂપે આજે જિલ્લા વિજ્ઞાન કેન્દ્ર, ધરમપુર ખાતે ગીધ સંરક્ષણ વિષયક ડોક્યુમેન્ટરી ફિલ્મ જટાયુનું સ્ક્રિનિંગ કરવામાં આવ્યું હતું. આ ફિલ્મ વાપી નજીકના લવાછા ગામના આદિવાસી યુવક જીજ્ઞેશ હળપતિ અને અભિજીત નિકોસે દ્વારા બનાવવામાં આવી છે. ફિલ્મમાં ગીધોના પર્યાવરણીય મહત્ત્વ પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે. ગીધોને પર્યાવરણના કુદરતી સફાઈ કર્મચારી તરીકે ઓળખવામાં આવે છે. તેઓ મૃત પ્રાણીઓના અવશેષોનું ભક્ષણ કરીને રોગચાળા ફેલાતા અટકાવે છે અને પરિસ્થિતિકી તંત્રનું સંતુલન જાળવવામાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે. તેમની સંખ્યા ઘટવાથી પર્યાવરણ પર ગંભીર અસર પડી શકે છે, તેવી જાગૃતિ આ ફિલ્મ દ્વારા ફેલાવવામાં આવી છે. કાર્યક્રમમાં કુલ ૭૫ જેટલા લોકોએ હાજરી આપી હતી. તેમાં વિદ્યાર્થીઓ, શિક્ષકો અને પર્યાવરણ પ્રેમીઓનો સમાવેશ થતો હતો. ફિલ્મ સ્ક્રિનીંગ બાદ ગીધ સંરક્ષણની જરૂરિયાત અને તેના માટેના પગલાં અંગે ચર્ચા પણ કરવામાં આવી હતી.

આ કાર્યક્રમ વન્યજીવન સપ્તાહના ભાગ રૂપે યોજાયો હતો, જેનો મુખ્ય ઉદ્દેશ્ય જનસમુદાયમાં વન્યજીવોના સંરક્ષણ પ્રત્યે જાગૃતિ ફેલાવવાનો છે.

## બલીઠા હાઈવે પર કન્ટેનર સાથે બાઈક અથડાતા યુવકનું મોત

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા.૦૫ :** વાપી બલીઠા જકાતનાકા બ્રિજ પર નેશનલ હાઈવે નંબર-૪૮ ઉપર બ્રેકડાઉન હાલતમાં ઊભેલા કન્ટેનર પાછળ હોન્ડા સાઈન મોટરસાઈકલ અથડાતા અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં બાઈકસવાર એક યુવકનું મોત થયું હતું, જ્યારે અન્ય યુવકને ગંભીર ઈજા થતા સારવાર માટે સુરત ખસેડાયો હતો.

તા. ૩ ઓક્ટોબરની રાત્રે આશરે ૧:૩૦ વાગ્યે સુરતથી મુંબઈ તરફ જતા ને.હા. ૪૮ના ટ્રેક નં. ૩ ઉપર કન્ટેનર (નં. એમએચ-૦૪-એચ વાય-૫૮૮૩) બ્રેકડાઉન થતા રોડ ઉપર ઊભું હતું. દરમિયાન હિતેષભાઈ ગેનારામ ચૌધરી (ઉં.વ.૩૭) અને સ્નેહ અજય પુરોહિત (ઉં.વ.૨૫) હોન્ડા સાઈન મોટરસાઈકલ (નં. જીજે-૧૫-સીઈ-૨૯૯૬) પર પસાર થઈ રહ્યા હતા. અંધકારમાં કન્ટેનર નજરે ન આવતા તેમની મોટરસાઈકલ પાછળથી કન્ટેનર સાથે અથડાઈ હતી. અકસ્માતમાં બંનેને માથા સહિત શરીરના વિવિધ ભાગે ગંભીર ઈજા પહોંચી હતી. બનાવ બાદ બંનેને ૧૦૮ મારફતે વાપી સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં તબીબોએ હિતેષભાઈ ચૌધરીને મૃત જાહેર કર્યા હતા. જ્યારે સ્નેહ પુરોહિતને ગંભીર ઈજાઓ થતા વલસાડ સિવિલમાં ખસેડાયો હતો. ત્યાંથી વધુ સારવાર માટે તેને સુરતના કતારગામ સ્થિત કિરણ હોસ્પિટલમાં રિફર કરવામાં આવ્યો હતો.

## ડુંગરા વિસ્તારમાં સીસીટીવી કેમેરા ન લગાવતા ત્રણ સામે ગુનો દાખલ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા.૦૫ :** ડુંગરા પોલીસે જિલ્લા મેજિસ્ટ્રેટના જાહેરનામાનો ભંગ કરનાર ત્રણ દુકાનદાર સામે ગુનો નોંધ્યો છે. પીએસઆઈ આઈ.કે.મિસ્ત્રી પેટ્રોલિંગમાં હતા ત્યારે છીરી રામનગરમાં ચારભુજા રેડીમેડ નામની કપડાંની દુકાનમાં સીસીટીવી કેમેરા લગાવેલા ન હોવાનું જણાયું હતું. દુકાન માલિક નિર્મલકુમાર જસારામ કુમાવત (ઉં.વ.૩૬) એ જિલ્લા મેજિસ્ટ્રેટ વલસાડના જાહેરનામા નો ભંગ કર્યો હોવાથી ડુંગરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરાઈ છે. એજ રીતે છીરીમાં આવેલી આદર્શ કરીના સ્ટોર્સમાં પણ કેમેરા લાગેલા ન હતા જેથી માલિક સિધ્ધાર્થ સંતુ સિંહ તેમજ છીરી રામનગર વિસ્તારમાં નક્ષત્ર ટોઈસના સંચાલક રતિલાલ સુથાર સામે પણ જાહેરનામાં ભંગનો ગુનો દાખલ કરી કાર્યવાહી હાથ ધરી હતી.

### ૧૪ જેટલી પડતર માંગણીઓને લઈને

## વલસાડમાં મહેસૂલ વિભાગના કર્મચારીઓ માસ સીએલ પર ઉતર્યા

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા.૦૫ :** વલસાડ જિલ્લામાં મહેસૂલ વિભાગના ૨૫૦થી વધુ કર્મચારીઓ પોતાની ૧૪ જેટલી પડતર માંગણીઓને લઈને સામૂહિક રજા (માસ સીએલ) પર ઉતરી જતા હડતાળનું એલાન કર્યું છે.



વલસાડ જિલ્લા મહેસુલ વિભાગના કર્મચારીઓની લાંબા સમયથી તેમની વિવિધ પડતર માંગણીઓનો કોઈ ઉકેલ આવ્યો નથી. આથી સરકારનું ધ્યાન દોરવા માટે કર્મચારીઓએ આંદોલનનો માર્ગ અપનાવવાની ફરજ પડી છે. મહેસૂલ વિભાગના કર્મચારીઓની આ હડતાળના કારણે જિલ્લામાં સરકારી કામગીરી પર મોટી અસર થવાની શક્યતા છે. કર્મચારીઓએ સરકાર સમક્ષ તેમની માંગણીઓનો વહેલી તકે ઉકેલ લાવવા વિનંતી કરી છે. સાથે જ તેમણે ચીમકી પણ ઉચ્ચારી છે કે જો આગામી દિવસોમાં તેમની માંગણીઓ અંગે યોગ્ય નિર્ણય નહીં લેવામાં આવે, તો આંદોલનને વધુ ઉગ્ર બનાવવામાં આવશે.

## વાપીથી ગાંજાના જથ્થા સાથે ઉમરગામનો એક ઝડપાયો

**વાપી, તા.૦૫ :** વલસાડ જિલ્લા પોલીસ અધિક્ષક યુવરાજસિંહ જાડેજાના માર્ગદર્શન હેઠળ એસ.ઓ.જી. વલસાડ (કેમ્પ વાપી) ની ટીમે નાર્કોટિક્સ વિરુદ્ધ મોટી સફળતા મેળવી છે. પોલીસ ઈન્સ્પેક્ટર ડી.ડી. પરમારની સૂચનાથી ટીમ વાપી વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી ત્યારે ગીતાનગર પોલીસ ચોકી સામે રિક્ષા સ્ટેન્ડ પાસેથી આરોપી સંજય ઉર્ફે ડેવીલ આનંદ રત્નાકર નાયક (ઉં.વ.૨૬) ને ઝડપી પાડ્યો હતો. આરોપી પાસેથી ૨.૯૭૦ કિલો ગાંજો (કિં.રૂ.૧,૪૮,૫૦૦), બે મોબાઈલ ફોન (કિં.રૂ.૩૦,૦૦૦), હેરાફેરી માટે વપરાયેલી બેગ, ટ્રેનની ૩ ટિકિટ અને કપડાં મળી કુલ રૂ.૧,૭૮,૫૦૦નો મુદ્દામાલ જપ્ત કરાયો છે. આરોપી મૂળ ઓરિસ્સાના સંભલપુરનો વતની છે અને હાલ ઉમરગામના ગાંધીવાડીમાં રહેતો હતો. તેની વિરુદ્ધ વાપી ટાઉન પોલીસ સ્ટેશનમાં NDPS એક્ટ મુજબ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરાઈ છે.

## વાપી મનપામાં એસઆઈ અને કોમ્પ્યુટર ઓપરેટરની ભરતી માટે ઉમેદવારો ઉમટ્યા

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)



**વાપી,** વાપી મહાનગરપાલિકા દ્વારા ૧૧ માસના હંગામી કરાર હેઠળ સેનેટરી ઈન્સ્પેક્ટર અને કોમ્પ્યુટર ઓપરેટરની ભરતી માટે આજે વાપી મનપાની મુખ્ય કચેરી ખાતે ઓપન ઈન્ટરવ્યૂ યોજાયો હતો. ભરતી અંગે જાણ થતાં મોટી સંખ્યામાં યુવાનો અને યુવતીઓ ઈન્ટરવ્યૂ આપવા માટે પહોંચ્યા હતા.

વાપી મહાનગરપાલિકાના વિવિધ વોર્ડમાં સફાઈ કામગીરી તેમજ ડોર-ટુ-ડોર કચરા કલેક્શનની કામગીરીના સુપરવિઝન માટે દરેક વોર્ડમાં સેનેટરી ઈન્સ્પેક્ટરની ૧૧ માસના હંગામી કરાર આધારિત ભરતી કરવાની છે. આ ઉપરાંત વાપી મનપાની મુખ્ય કચેરી તથા ઝોન કચેરી ખાતે આધાર સેન્ટર શરૂ કરવા માટે ત્રણ કોમ્પ્યુટર ઓપરેટરની પણ ભરતી કરવામાં આવનાર છે. આ ભરતી -ક્રિયા અંતર્ગત આજે મનપાની મુખ્ય કચેરી ખાતે ઓપન ઈન્ટરવ્યૂ યોજાયો હતો. ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર વિશાલ પટેલ દ્વારા ઉમેદવારોના ઈન્ટરવ્યૂ લેવામાં આવ્યા હતા. જોકે, મોટી સંખ્યામાં ઉમેદવારો ઈન્ટરવ્યૂ આપવા માટે ઉમટી પડતાં મનપાની કચેરીમાં ઉપલબ્ધ બેઠક વ્યવસ્થા ઓછી પડી હતી.

પરિણામે અનેક ઉમેદવારોએ કચેરીની બહાર ઊભા રહી પોતાનો નંબર આવે તેની રાહ જોવી પડી હતી. ખાસ કરીને મોડી સાંજ સુધી પણ મોટી સંખ્યામાં યુવાનો અને યુવતીઓ કચેરી બહાર પોતાના ઈન્ટરવ્યૂના વારા માટે રાહ જોતા જોવા મળ્યા હતા.





### ક્રાંતિવીર શ્રી શ્યામજી કૃષ્ણ વર્માની ૧૬૯મી જન્મ જયંતી નિમિત્તે

## વલસાડમાં કચ્છી ભાનુશાલી સમાજ દ્વારા આરોગ્ય જાગૃતિ કાર્યક્રમ યોજાયો

**તાજેતરમાં હૃદય રોગથી એક જ દિવસમાં ૩ વ્યકિતઓના મૃત્યુના પગલે કાર્યક્રમ યોજાયો : નવરાત્રીમાં આ અંગે સમાજમાં વિશેષ જનજાગૃતિ અને તાલીમ હાથ ધરાશે**





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા.૦૫ :** વલસાડમાં ક્રાંતિવીર શ્રી શ્યામજી કૃષ્ણ વર્મા ની ૧૬૯મી જન્મ જયંતી નિમિત્તે વલસાડ સમાજ દ્વારા બનાવવામાં આવેલી ઓધવ ભવન વાડી ખાતે સામાજિક આરોગ્ય જાગૃતિ કાર્યક્રમ યોજાયો. કાર્યક્રમની શરૂઆત પંડિત શ્યામજી કૃષ્ણ વર્મા ને પુષ્પાંજલિ, ગુરુવર્ય શ્રી ઓધવરામ બાપા, વલદાસજી મહારાજ તથા કુળદેવી શ્રી હિંગળાજ માતાની સ્તુતિ અને ગુરુ શ્રી હરિદાસજીના આશીર્વાદથી કરવામાં આવી હતી.

તાજેતરમાં કચ્છી ભાનુશાલી જ્ઞાતિમાં ગુજરાત ખાતે માત્ર છ કલાકના ગાળામાં ત્રણ યુવાન વ્યક્તિઓનું હૃદયરોગના હુમલાથી મૃત્યુના પગલે સુરત મહાવીર હોસ્પિટલના વિખ્યાત અને અનુભવી કાર્ડિયાક સર્જન ડો. જગદીશ મંગેના સૂચનથી સમાજની એક મહત્વની બેઠક યોજાઈ હતી અને ચાર કલાકના વ્યવસ્થિત વર્કશોપ અને લાઈવ ડેમો દ્વારા જાગૃતિ લાવવાનું નક્કી કરાયું હતું. એ મુજબ ડો. જગદીશ મંગે દ્વારા લાઈવ ડેમો અને વલસાડ રક્તદાન કેન્દ્રના ડો. અભિષેક દ્વારા મુખ્ય પ્રતિનિધિઓને પ્રેક્ટિસ કરાવવામાં આવી હતી. આ આયોજનમાં ડો. જીતેન્દ્ર અમલાણી (રાજકોટ), ડો. કાર્તિક ભદ્રા (પારડી) અને હિતેશ જોઈસર દ્વારા વર્કશોપ દરમિયાન પૂરતો સહકાર અને જરૂરી સૂચનો આપવામાં આવ્યા હતાં. ઉત્તર ગુજરાત તરફથી ડો. રાજેશ કટારીયા પણ જોડાયા હતાં.

આ આરોગ્ય જાગૃતિના વિશેષ કાર્યક્રમનું પ્રોગ્રામનું સંચાલન યુવાનો દ્વારા ટ્રસ્ટી મંડળના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું અને જયંતિ દામા એ ડો. જગદીશ મંગેએ કાર્યક્રમની રૂપરેખા અને આયોજન કર્યુ હતું. આ કાર્યક્રમમાં મહેસાણા (ઉત્તર ગુજરાત), અમદાવાદ, ભરૂચ-અંકલેશ્વર, સુરત, નવસારી, ગણદેવી, બીલીમોરા, ડુંગરી, ચીખલી, વલસાડ, વાપી, પારડી, ધરમપુર, ખેરગામ, દમણ, ઉદવાડા, સરીગામ, ભીલાડ-કરંબેલી, ઉમરગામ, વિરાર, વસઈ, નાલાસોપારા, મીરારોડ અને ઘાટકોપરથી દરેક મંડળના પ્રમુખ અને ટ્રસ્ટીગણ હાજર રહ્યા હતા અને આ મુદ્દાને ગંભીરતાથી લઈ સહકારની ખાતરી આપી હતી. આજે યુવાન વયે આવતા હૃદય રોગના હમલા અને આકસ્મિક તબીબી ઈમરજન્સી તકોઈપણ સમાજ માટે ગંભીર મુદ્દો બની ગયો છે, ત્યારે શ્રી કચ્છી ભાનુશાલી સમાજ બીજા સમાજોને પણ માહિતી અને દિશા આપવા માટે મદદરૂપ બનશે, ઉલ્લેખનીય છે કે અગાઉ થેલેસેમિયા અંગે પણ આવી સામાજિક જાગૃતિ થકી શ્રેષ્ઠ પરિણામો ભાનુશાળી સમાજે મેળવ્યા છે. આ કાર્યક્રમ દરમ્યાન દરેક મંડળના ઓછામાં ઓછા પાંચ સભ્યોને આ જ અઠવાડિયામાં ફર્સ્ટ રિસ્પોન્ડર / પ્રાથમિક સારવારની તાલીમ સર્ટિફાઈડ કોર્સ દ્વારા આપવામાં આવશે એમ પણ જાહેર કરાયું હતું. તથા નવરાત્રી પર્વ દરમિયાન તેનો બહોળો પ્રચાર થાય તેવો પ્રયત્ન કરવામાં આવશે અને દર વર્ષે ક્રાંતિવીર શ્યામજી કૃષ્ણ વર્મા ની જન્મ જયંતી નિમિત્તે આવા જ સામાજિક ઉત્થાન અને માનવ કલ્યાણના કાર્યો કરવામાં આવશે એવું વલસાડ ટ્રસ્ટીગણ તથા પ્રમુખશ્રી દીપકભાઈ કટારીયા એ આહ્વાન કર્યું હતું.

**OWNER :** Sheetal Publication, **PRINTER AND PUBLISHER : Mrs. Manjulaben N. Ukani**, **Printed at** Sheetal Publication, Plot No. 2505, 3rd Phase, GIDC, VAPI. - 396195 & **Published at** Sheetal Publication,1st Floor, Shiv Krupa, B/h. Ashadham High School, N.H.8, Vapi, Dist.: Valsad, Pin - 396 191, **Editor : Mrs. Manjulaben N. Ukani**